

પેજ-08

'સિકંદર'માં વરુણ ધવનની ભત્રીજીની એન્ટ્રી...!

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-09

ફ્રાન્સના વર્લ્ડ કપ વિજેતા એન્ટોની ગ્રિઝમાને...

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 34.00 | 26.00 |
| વડોદરા | 34.00 | 26.00 |
| સુરત | 32.00 | 27.00 |


પેજ 5



ભારતમાં ઓનલાઈન મોટર-સાઈકલની ખરીદી વધારવા ફ્લિપકાર્ટ સાથે...

02 OCTOBER-2024 WEDNESDAY

શ્રીલંકા નેવીએ ભારતના 17 માછીમારોને પકડ્યા, સરહદ પાર...



પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 84266.29 ▼ | 033.49 |
| નિફ્ટી | 25796.90 ▼ | 013.95 |
| સોનું | 75485.00 ▲ | 616.00 |
| ચાંદી | 91436.00 ▲ | 717.00 |

વર્ષ-13 । અંક-317 । વિક્રમ સંવત-2079 । ભાદરવા વદ-અમાસ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# થાઈલેન્ડમાં સ્કૂલ બસ સળગી, વિદ્યાર્થી જીવતા ભડથું થયા

## થાઈલેન્ડમાં ધ્રુજાવી દેતી ઘટના : 5 શિક્ષક સહિત 44 સવાર હતા : ટાયર ફાટવાને કારણે દુર્ઘટના ઘટી, 16નો બચાવ

(એજન્સી) બેંગકોક । તા. 01

થાઈલેન્ડમાં એક સ્કૂલબસમાં લાગેલી આગમાં 25 વિદ્યાર્થીનાં મોત થયાં છે. સમાચાર એજન્સી AFPના જણાવ્યા અનુસાર, બસમાં કુલ 44 બાળક હાજર હતાં, જેમાંથી 16ને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. હાલ બચાવકર્મીઓ બાકીનાં બાળકોને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આગ લાગવાનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. જોકે ઘટનાસ્થળે હાજર પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે બસનું ટાયર ફાટવાના કારણે આગ લાગી હતી. રોઈટર્સ અનુસાર, આ દુર્ઘટના બેંગકોકના ખુ ખોટ વિસ્તારમાં બપોરે લગભગ 12.30 વાગ્યે થઈ હતી. બસ શાળાથી પરત ફરી રહી હતી. એમાં 5 શિક્ષક પણ હાજર રહ્યા હતા. થાઈલેન્ડના વડાપ્રધાન પટોન્ગટાર્ન શિનાવાત્રાએ અકસ્માતમાં જીવ ગુમાવનારાં બાળકોનાં પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. દેશના ગૃહમંત્રી અનુતિન ચર્નવિરાકુલે કહ્યું હતું કે બચાવકર્મીઓ પહોંચ્યા પછી પણ બસ એટલી ગરમ હતી કે અંદર જવું ખૂબ મુશ્કેલ હતું, જેના કારણે અકસ્માત બાદ લાશ લાંબા સમય સુધી બસમાં જ પડી રહી હતી.




### પીડિત પરિવારોને વળતર આપશે

થાઈલેન્ડના વડાપ્રધાને X પર પોસ્ટ લખી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર આપવાં અને તમામ ખર્ચની વ્યવસ્થા કરવામાં આવી છે અને મૃતકોના પરિવારોને વળતર પણ આપશે.

### ઘટનામાં ડ્રાઈવર બચી ગયો હતો

ત્રણ શિક્ષકો અને 16 બાળકો બહાર નીકળવામાં સફળ રહ્યા હોવાનું મીડિયા રિપોર્ટ્સ પરથી જાણવા મળ્યું છે. જો કે, તેમને નાની-મોટી ઈજાઓ થઈ છે. ડ્રાઈવર પણ બચી ગયો હતો. પરંતુ તે ઘટનાથી ડરી જતાં ભાગી ગયો હતો



# J&Kમાં ત્રીજા તબક્કાની ચૂંટણીનું મતદાન પૂર્ણ

## PDPએ ધીમી ગતિએ મતદાન કરાવવાના આરોપ લગાવ્યા

(એજન્સી) જમ્મુ । તા. 01

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને છેલ્લા તબક્કાનું મતદાન આજે પૂર્ણ થયું છે. સાંજે 5 વાગ્યા સુધી 65.48 ટકા મતદાન થયું હતું. કેન્દ્રશાસિત પ્રદેશના 39.18 લાખથી વધુ મતદારો 415 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. આ ઉમેદવારોમાં બે પૂર્વ ઉપમુખ્યમંત્રી તારા ચંદ અને મુઝફ્ફર બેગનો પણ સમાવેશ થાય છે.જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી 2024ના ત્રીજા તબક્કાનું મતદાન મંગળવારે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું. આ તબક્કામાં સાત જિલ્લાની 40 બેઠકો માટે મતદાન કરવામાં આવ્યું હતું. આ સાથે ત્રીજા તબક્કામાં 415 ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું હતું. ત્રીજા રાઉન્ડમાં સૌથી વધુ 11 બેઠકો જમ્મુ જિલ્લામાં હતી. ત્યાર બાદ બારામુલ્લામાં 7, કુપવાડા અને કઠુઆમાં 6-6, ઉધમપુરમાં 4 અને બાંદીપોરા અને સાંબામાં 3-3 વિધાનસભા બેઠકો હતી જ્યાં મંગળવારે મતદાન થયું હતું. ચૂંટણી પંચના જણાવ્યા પ્રમાણે સાંજે 5 વાગ્યા સુધી 65.48 ટકા લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

## તિરુપતિ લાડુ વિવાદ : SITની તપાસ અટકાવાઈ

(એજન્સી) તિરુપતિ । તા. 01

આંધ્રપ્રદેશના શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિર (તિરુપતિ મંદિર)માં પ્રસાદમ (લાડુ)માં પશુઓની ચરબીનો ઉપયોગ કરવાના મામલામાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની તપાસ અટકાવી દેવામાં આવી છે. રાજ્યના ડીજીપી દ્વારકા તિરુમાલા રાવે કહ્યું કે આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે. આગામી સુનાવણી 3 ઓક્ટોબરના રોજ થશે, તેથી ત્યાં સુધી SIT તપાસ હાથ ધરવામાં આવશે નહીં. સુનાવણી પછી, સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર, SIT તપાસ આગળ વધારવી કે નહીં તે નક્કી કરવામાં આવશે.

# વારાણસીમાં સાંઈ પ્રતિમા મુદ્દે ભારે હોબાળો મચ્યો



(એજન્સી) વારાણસી । તા. 01

વારાણસીમાં સાંઈ બાબાની પ્રતિમાને લઈને સતત વિવાદ વકરી રહ્યો છે. કેન્દ્રીય બ્રાહ્મણ સભાના વિરોધ બાદ કાશીના મંદિરોમાંથી સાંઈ બાબાની પ્રતિમા હટાવવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં કાશીના 14 મંદિરોમાંથી સાંઈ બાબાની મૂર્તિ હટાવી દેવામાં આવી છે. બીજી તરફ, કેટલાક લોકો બ્રાહ્મણ સભાના આ નિર્ણયનો વિરોધ પણ કરી રહ્યા છે. આ વિરોધના કારણે કાશીના મંદિરોમાંથી મૂર્તિ હટાવવા મુદ્દે હોબાળો પણ મચી ગયો છે.

### સાંઈ બાબાની પૂજાને માનવામાં આવી રહી છે પ્રેત પૂજા


વાસ્તવમાં સાંઈ બાબાની પૂજાને પ્રેત પૂજા માનીને તેને સનાતન વિરોધી ગણાવવામાં આવી રહ્યું છે. તેથી વારાણસીમાં બ્રાહ્મણ સભાના લોકો મૂર્તિ હટાવી રહ્યા છે. આ મામલે કેન્દ્રીય બ્રાહ્મણ સભાના પ્રદેશ અધ્યક્ષે જણાવ્યું કે, 'સનાતન ધર્મમાં પ્રેત પૂજા માન્ય નથી. સાંઈની મૂર્તિ એક પ્રેત મૂર્તિ હતી, તેથી તેને હટાવવામાં આવી છે. હવે અહીં લક્ષ્મીજીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવશે.'

જગ્ગી વાસુદેવને હાઈકોર્ટનો સવાલ

# તમારી પુત્રીએ લગ્ન કર્યા...

## તો બીજી યુવતીઓને કેમ બનાવી રહ્યા છો સંન્યાસી?

(એજન્સી) બેંગ્લોર । તા. 01



આધ્યાત્મિક ઉપદેશ આપનારા સદ્ગુરુ જગ્ગી વાસુદેવ પર મદ્રાસ હાઈકોર્ટે આકરી ટિપ્પણી કરી છે. એક કેસની સુનાવણી દરમિયાન કોર્ટે પૂછ્યું કે તમે તમારી પુત્રીના લગ્ન કરી દીધા છે અને તે સાંસારિક રીતે સુખી જીવન જીવી રહી છે, તો પછી તમે શા માટે અન્ય મહિલાઓનું મુંડન કરાવી તેને સંન્યાસી જીવન જીવવા પ્રેરિત કરો છો? અરજદારે દાવો કર્યો હતો કે, મારી બે ઉચ્ચ અભ્યાસ કરેલી દીકરીઓનું બ્રેઈનવોશ કરીને ઈશા ફાઉન્ડેશનના યોગ સેન્ટરમાં રાખવામાં આવી છે. અરજદારે કહ્યું હતું કે, 'મારી દીકરીઓની ઉંમર 42 અને 39 વર્ષ છે. મારી મોટી દીકરીએ બ્રિટનમાંથી M.Tech ડિગ્રી મેળવી છે અને મહિને 1 લાખ રૂપિયા કમાતી હતી. 2007માં, તેણે બ્રિટનના જ એક વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતા, પરંતુ 2008માં તેમના છૂટાછેડા થઈ ગયા. આ પછી જ તેણે ઈશા ફાઉન્ડેશનના યોગ સેન્ટરમાં ભાગ લેવાનું શરુ કર્યુ.

**શું છે મામલો?** કોઈમ્બતુરની કૃષિ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર એસ કામરાજે હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ (બંદી પ્રત્યક્ષીકરણ) અરજીની સુનાવણી દરમિયાન એક અરજી કરી હતી. આ અરજીમાં તેમણે પ્રશ્ન ઉઠાવતાં કહ્યું હતું કે, 'અમે જાણવા માંગીએ છીએ કે તમે (સદ્ગુરુએ) તમારી પુત્રીના લગ્ન કરી દીધા છે અને તે સાંસારિક રીતે સુખી જીવન જીવી રહી છે, તો પછી તમે શા માટે અન્ય મહિલાઓનું મુંડન કરાવીને તેને સંન્યાસી જીવન જીવવા માટે પ્રોત્સાહન આપો છો?




## નાંદોદ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ચુંટણીમાં સહકાર પેનલનો દબદબો

ભરત શાહ : રાજપીપળા

તારીખ :26/09/2024 ના રોજ તાલુકા સંઘની ટર્મ પૂરી થતા ચૂંટણી જાહેર કરવામાં આવી હતી. જેમાં તા.28/09/2024 ના રોજ ફોર્મ ભરવાની પ્રક્રિયા



હાથ ધરવામાં આવી હતી. સહકાર પેનલના તમામ હોદેદારોએ ઉમેદવારી નોંધાવી હતી.આજે જાહેર થયેલ પરિણામમાં નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરેશભાઈ ભગત સમર્પિત સહકાર પેનલના તમામ હોદેદારો બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રમુખ તરીકે સુનિલભાઈ ચાવડા મહામંત્રી તરીકે અનિલભાઈ વસાવા ઉપપ્રમુખ તરીકે જ્યેશભાઈ સોલંકી મહિલા ઉપપ્રમુખ તરીકે હેમાલીનીબેન વસાવા અને ખજાનચી તરીકે પ્રશાંતભાઈ ચૌહાણ પ્રસાદ તેમજ અન્ય તમામ હોદેદારોને બિનહરીફ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

## સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું સુંદર આયોજન

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

પહેલી ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસની ઉજવણીના ભાગ રૂપે ઈમરજન્સી સમયે સરળતાથી લોકોને બ્લડ મળી રહે



તેવા હેતુ સાથે આરોગ્ય શાખા,જિલ્લા પંચાયત અમરેલીના માર્ગદર્શન હેઠળ તાલુકા આરોગ્ય કચેરી રાજુલા દ્વારા સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે બ્લડ ડોનેશન કેમ્પનુ સુંદર આયોજન કરવામા આવ્યુ.જેમા એકત્રિત થયેલ ૨૪ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ વ્યક્તિઓને ઈમરજન્સીના સમયે સરળતાથી મળી રહે તેવા પ્રયત્નો કરવામા આવ્યા.

## દેવગઢ બારીઆ તાલુકાના રામા ગ્રામ પંચાયતની પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છતા હી સેવા અંતર્ગત કાર્યક્રમ યોજાયા

દિપક રાવલ : દાહોદ

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના રામા ગ્રામ પંચાયતની પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છતા હી સેવા અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજવામાં



આવ્યા હતા. આ કાર્યક્રમ દરમ્યાન ગામમાં સ્વચ્છતા રેલી, સ્વચ્છતા શ્રમદાન કરવાની સાથોસાથ સ્વચ્છતા રાખવા માટેના શપથ લેવામાં આવ્યા હતા. આ નિમિતે ગ્રામજનોને સ્વછતા અંગે જાગૃત થાય, સ્વચ્છતા રાખવા અંગેનો સંદેશો પહોંચે કે જેમાં ડે. સરપંચ, પ્રિન્સિપાલ, શિક્ષકગણ તેમજ સ્વચ્છ ભારત મિશનના કર્મચારીઓએ પણ ભાગ લીધો હતો.

## સરકાર દ્વારા ખરીફ પાકો માટે ટેકાના ભાવો જાહેર કરાયા

પ્રદિપસિંહ જી રાઠૌર જામનગર

જામનગર તા.૦૧ ઓક્ટોબર, ભારત સરકાર દ્વારા ખરીફ ૨૦૨૪-૨૫ ના પાકો માટે ટેકાનો ભાવો જાહેર કરેલ છે. જે અન્વયે મગફળી માટે રૂ.૬,૭૮૩, મગ માટે રૂ.૮,૬૮૨, અડદ માટે રૂ.૭,૪૦૦, અને સોયાબીન માટે રૂ.૪,૮૯૨ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવેલ છે. સદરહુ પાકોની ટેકાના ભાવે ખરીદી આગામી તા.૧૧/૧૧/૨૦૨૪ થી શરૂ કરવામાં આવશે. આ ખરીદીમાં જે ખેડુતો ઉક્ત પાકોનું ટેકાના ભાવે વેચાણ કરવા માંગતા હોય તેઓને તા.૦૩/૧૦/૨૦૨૪ થી તા.૩૧/૧૦/૨૦૨૪ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE મારફત નોંધણી કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી જામનગરની યાદીમાં જણાવવામાં આવે છે.

## જામનગર જિલ્લામાં તા. 2 થી 8 ઓક્ટોબર સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરાશે

પ્રદિપસિંહ જી રાઠૌર જામનગર

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિન નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા તારીખ 2 ઓક્ટોબરથી તારીખ 8 ઓક્ટોબર 2024 સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. તે મુજબ નશાબંધી અને આબકારી અધિક્ષક કચેરી જામનગર દ્વારા પણ નશાબંધી સપ્તાહ 2024 ના ભાગરૂપે નશાબંધીના પ્રચાર પ્રસાર માટે વિવિધ કાર્યક્રમો ઘડી કાઢેલ છે.જેમાં જિલ્લાના વિવિધ સ્થળોએ વિવિધ થીમ સાથે સાઈકલ રેલી, વકતૃત્વ સ્પર્ધા, વ્યસનમુક્તિ સેમિનાર, વ્યસન મુક્તિ અંગે નાટક સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે.

## તિલકવાડા ચોકડી પાસે પુરપાટ જતી કારે રાહદારી ને અડફટે લેતા મોત

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા ચાર રસ્તા પર ફોર વ્હીલ ની ટક્કરે એક રાહદારી નું મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર કનવરભાઇ કાલીદાસભાઇ તડવી રહે તિલકવાડા ડબી ફળીયુ, પ્રાથમીક શાળાની પાછળ તા.તિલકવાડા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેમના પિતા કાલિદાસભાઈ તડવી તેમના બકરાઓ માટે ચારો લેવા જતા હતા ત્યારે તિલકવાડા ચોકડી પાસે ફોર વ્હીલ ગાડી નં.GJ-34-H-4588 નો મહિલા ચાલક પોતાની કબ્જાની ફોરવ્હીલ ગાડી પુરઝડપે હંકારી હાઈવે રોડે ચાલતા જતા રાહદારી પિતા સાથે એક્સીડન્ટ કરી તેઓને માથાના તેમજ જમણા ખભાના તેમજ જમણા પગના ભાગે ગંભીર ઈજા પહોચાડી મોત નિપજાવી ગુન્હો કરતા તિલકવાડા પોલીસે ફોર વ્હીલ ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## સાપુતારા પોલીસની ટીમે બાઈક ચોરીનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી , મોટર સાયકલ રિકવર

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલ દ્વારા સાપુતારા પોલીસ મથકનાં અનડીટેકટ ગુનાઓને શોધી કાઢવાની સૂચનાઓ આપી હતી.જે



અંતર્ગત સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલ તથા પી.એસ.આઈ.ડી.પી.ચુડાસમાની ટીમે સાપુતારા પોલીસ મથકનો મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલીને આરોપીને ઝડપી પાડી મોટરસાયકલ રિકવર કરી હતી.સાપુતારા પોલીસે મથકે ગત તા.11/09/2024નાં રોજ મોટરસાયકલ ચોરી અંગેનો ગુન્હો નોંધાયો હતો.જે બાદ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલ તથા પી.એસ.આઈ. ડી.પી.ચુડાસમા દ્વારા મોટરસાયકલ ચોરી મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી.

## દાહોદમાં 2 થી 8 ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે

દિપક રાવલ : દાહોદ

દાહોદ જિલ્લામાં ૨ જી ઓક્ટોબર થી ૮ ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમો યોજીને નશાબંધી અને આબકારી વિભાગ, દાહોદ દ્વારા નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. તારીખ ૨ જી ઓક્ટોબરના રોજ જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને ડો. આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ખાતેથી સવારે ૧૧ કલાકે નશાબંધી સપ્તાહ - ૨૦૨૪ ની શરૂઆત કરવામાં આવશે.

# નવરાત્રિ દરમિયાન દીકરીઓની સુરક્ષા માટે જામનગર પોલીસ સજ્જ

વિશાલ જે હરવરા : જામનગર

જામનગર જિલ્લા પોલીસ દ્વારા નવરાત્રિ પર્વ દરમિયાન દીકરીઓની સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસે દીકરીઓને સુરક્ષિત રહેવા માટે કેટલીક મહત્વની સલાહ આપી છે. પોલીસે દીકરીઓને સલાહ આપી છે કે તેઓ ગરબા રમવા જતા પહેલાં તેમના પરિવારજનોને પોતાનું સ્થળ અને મિત્રોના નંબર જણાવી દે. આ ઉપરાંત, પોતાના મોબાઈલમાં લોકેશન સેટિંગ હંમેશા ઓન રાખવું જોઈએ. પોલીસે દીકરીઓને અજાણી વ્યક્તિઓ પર વિશ્વાસ ન કરવા અને તેમના આપેલા ખાદ્યપદાર્થો ન લેવાની સલાહ આપી છે. સોશિયલ મીડિયા પર અજાણી વ્યક્તિઓ સાથે વ્યક્તિગત માહિતી શેર ન કરવા અને પરિચિત જૂથમાં જ રહેવાની સલાહ પણ આપવામાં આવી છે. પોલીસે દીકરીઓને અજાણી વ્યક્તિઓ સાથે એકાંતમાં ન જવા અને ભીડવાળા રસ્તાઓ પસંદ કરવાની સલાહ આપી છે. જો કોઈ મુશ્કેલી આવે તો તરત જ 100 નંબર પર સંપર્ક કરવા જણાવ્યું છે. પોલીસ દ્વારા આપવામાં આવેલી આ સલાહને અનુસરીને દીકરીઓ નવરાત્રિ પર્વને સુરક્ષિત અને યાદગાર બનાવી શકે છે.

## વનવિભાગ નિદ્રામાં : મહુવા તાલુકાના બોરડી ગામેથી સિંહનો મૃતદેહ મળી આવ્યો

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

મહુવા મહુવા તાલુકાના બોરડી ગામેથી આજે સવારે સિંહનો મૃતદેહ મળી આવ્યો હતો સિંહનો મૃતદેહ મળતા મહુવા વન વિભાગ તંત્ર દ્વારા તાત્કાલિક બોરડી ગામે જઈને તજવીજ હાથ ધરી હતી. બનાવની જાણવા મળતી વિગત મુજબ મહુવા તાલુકાના બોરડી ગામે વાડી વિસ્તારમાં વીજ કરંટ લાગવાથી ત્રણથી પાંચ વર્ષના સિંહનું મોત નીપજ્યું હતું. બનાવના પગલે મહુવા વન વિભાગ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈને તપાસ હાથ ધરી હતી. જ્યારે, બોરડી ગામે રહેતા કલ્પેશ નનાભાઈ નકુમ (ઉંમર વર્ષ ૩૦) ની વાડી વિસ્તારમાં વીજ કરંટ લગાવ્યો હતો જેથી સિંહ નું મૃત્યુ થયું છે. વન વિભાગ દ્વારા કલ્પેશ નનાભાઈ નકુમની અટકાયત કરીને વધુ તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે મહુવા તાલુકા માં સિંહની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે. મહુવા ના ગ્રામ્ય વિસ્તારો સિંહોનું રહેઠાણ થવા લાગ્યા છે. ત્યારે સિંહના આવા અકાળે મૃત્યુ થવા લાગ્યાં છે.

## રાજપીપળા દક્ષિણી ફળિયાની પરિણીતા નો સ્નાન કરતા વીડિયો ઉતારનાર વિધર્મી શખ્સ વિરુદ્ધ એટ્રોસીટી દાખલ

ભરત શાહ : રાજપીપળા

રાજપીપળા ના સિંધીવાડ વિસ્તાર માં રહેતો અને હોમગાર્ડ માં ફરજ બજાવતા વ્યક્તિ એ એક પરિણીતા નો સ્નાન કરતો વીડિયો ઉતારતા પોલીસે એટ્રોસીટી દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર રાજપીપળા દક્ષિણી ફળિયા માં રહેતા એક પરણિત મહિલા પોતાના મકાન ની પાછળ આવેલા બાથરૂમ માં સ્નાન કરતા હતા એ દરમિયાન મુર્તુજા શેખ નામના ઈસમે તા.૨૭/૦૯/૨૦૨૪ ના રોજ સવારના આશરે સાડા છ વાગ્યાની આસપાસ માં મહિલા ના લાલટાવર, દક્ષિણી ફળીયામા આવેલ મકાનની પાછળ વાડાના ભાગે આવેલ બાથરૂમમા મહિલા ને ન્હાતા જોઈ તેનો વિડીઓ ઉતારી કે ફોટા પાડી ગુન્હો કરતા રાજપીપળા પોલીસે મહિલા ની ફરિયાદ ના આધારે વિધર્મી શખ્સ વિરુદ્ધ એટ્રોસિટી સહિતની કલમો સાથે ગુનો દાખલ કર્યો છે. આ વિધર્મી વ્યક્તિ હોમગાર્ડ માં મામલતદાર કચેરી માં ફરજ બજવતો હતો પરંતુ આવી કરતૂત બાદ મામલતદાર ની ફરિયાદ બાદ કમાન્ડન્ટ હરનીશભાઈ રાવ એ તેને તાત્કાલિક ધોરણે ફરજ પરથી મોકૂફ કર્યો છે.

## સાંસદ ગેનીબેન ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ (દિશા) સમિતિની બેઠક યોજાઇ

(એજન્સી)પાલનપુર । તા. 01

કલેક્ટર કચેરી સભાખંડ, પાલનપુર ખાતે બનાસકાંઠાના સાંસદશ્રી ગેનીબેન ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ (દિશા) સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં'દિશા'બેઠકના અધ્યક્ષ અને સાંસદશ્રી ગેનીબેન ઠાકોરએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને ગુજરાત સરકારશ્રીની તમામ યોજનાઓ છેવાડાના વ્યક્તિઓ સુધી પહોંચે, લાભાર્થીઓને ઘર આંગણે જ વિવિધ સેવાઓનો લાભ મળે તથા વિશેષ ગ્રામ્ય કક્ષાએ વિવિધ વિકાસના કાર્યો થાય તે જરૂરી છે. આ દિશા બેઠકમાં મનરેગા, નલ સે જલ યોજના,





પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભ મળવાપાત્ર લાભાર્થી કોઈ લાભથી વંચિત ના રહે તથા લાભાર્થીઓને સમયસર નાણાં ચૂકવાય તે અંગે સૂચનો કર્યા હતા. જિલ્લાના થરાદ વાવ અને સુઈગામ તાલુકાના વિસ્તારોમાં જમીનમાં ક્ષારનું પ્રમાણ વધુ ના વધે તે માટેના પગલા અને ક્ષાર અટકાવતા વૃક્ષો વાવવા જિલ્લાના ખેડૂતોને પણ અનુરોધ કરાયો હતો. દિશા બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલએ જણાવ્યું હતું કે, આગામી ઓક્ટોબર મહિનામાં જિલ્લાના તમામ તાલુકાઓ ખાતે દિવ્યાંગ સેવા સેતુ કાર્યક્રમ યોજાય અને દિવ્યાંગ લોકોને સાધન સહાય વિતરણ થાય તે મુજબનું આયોજન કરવા જણાવ્યું હતું.

## 02 ઓક્ટોબરના રોજ બનાસકાંઠામાં 'સ્વચ્છ ભારત દિવસ'ની ઉજવણી કરાશે

પાલનપુર : ૨જી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીને શ્રદ્ધાંજલિ આપવા તેમજ સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ૨જી ઓક્ટોબરના રોજ 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવનાર છે. બનાસકાંઠા જિલ્લામાં પણ જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના નેતૃત્વ હેઠળ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવેના માર્ગદર્શન હેઠળ અને રાજ્યસભાના સાંસદશ્રી બાબુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ૨ ઓક્ટોબર ૨૦૨૪ના સવારે ૯ વાગ્યે નગરપાલિકા ટાઉનહોલ,પાલનપુર ખાતે સ્વચ્છ ભારત દિવસ જિલ્લા કક્ષાની ઉજવણી કરાશે.

## ડાંગ સેવા મંડળમાં આવેલ ન્હારી રેસ્ટોરન્ટએ જમાવ્યો દુર્ગંધનો અડ્ડો, ખાડો ખોદી ખુલ્લી ગટરને કારણે બીમારીને આમંત્રણ

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં મુખ્યમથક આહવા ખાતે ડાંગ સેવા મંડળનાં કમ્પાઉન્ડમાં ખુલ્લી ગટરને પગલે માથું ફાડી નાખે તેવી દુર્ગંધથી નાગરિકોમાં રોગચાળો



ફાટી નીકળવાની દહેશત .મળતી માહિતી મુજબ ડાંગ જિલ્લાનાં મુખ્ય વહીવટી મથક આહવા ખાતે ડાંગ સેવા મંડળનાં કમ્પાઉન્ડમાં નાહરી રેસ્ટોરન્ટ ચલાવતા સંચાલક દ્વારા ખાડો ખોદી ખુલ્લી ગટર મૂકી દેવાતા તીવ્ર દુર્ગંધથી આસપાસનાં દુકાન ધારકો સહીત કચેરીએ કામકાજ અર્થે આવતા અરજદારો ખુલ્લી ગટરની દુર્ગંધથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.જિલ્લાનું મુખ્ય મથક આહવાનાં ડાંગ સેવા મંડળનાં કમ્પાઉન્ડમાં ગેરકાયદેસર ખાડો ખોદી રેસ્ટોરન્ટ સંચાલકે ખુલ્લી ગટર છોડી દેતા લોકોમાં રોગચાળા ફેલાવાની સાથે મચ્છરનાં ઉપદ્રવનો ત્રાસ સહન કરવાનો વારો આવ્યો છે.

## કાચલા ફળિયા વર્ગ રઈ પ્રાથમિક શાળાના શિક્ષકનો વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ : દાહોદ

લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રના સી.આર.સી. બારમાં આવેલી કાચલા ફળિયા વર્ગ રઈ પ્રાથમિક શાળાના શિક્ષક ની બદલી થતાં વિશાલભાઈ શામળદાસ પટેલનો વિદાય સન્માન કાર્યક્રમ



યોજાયો હતો.કાર્યક્રમમાં તાલુકા સભ્ય પર્વતભાઈ નિનામા,સરપંચ ધનીબેન નિનામા, મહારાજ અભેસિંગભાઇ રાઠવા,પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ તથા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો,સેવા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ બારના હોદ્દેદારો,સભ્યો,સી.આર.સી.કો. ઓર્ડીનેટર,તાલુકાની વિવિધ શાળાઓના આચાર્યો,શિક્ષકો,પગાર કેન્દ્રની શાળાઓમાંથી સારસ્વ એસ.એમ.સી.નાં સભ્યો,ગ્રામપંચાયતના સભ્યો,ગ્રામજનો,યુવાનો,વડીલો હાજર રહ્યા હતા.સતત 20 વર્ષથી એક જ શાળામાં નોકરી કરનાર શિક્ષક શ્રી વિશાલભાઈ ની બદલી થતા વિદાય કાર્યક્રમમાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા.

# બાગાયત વિભાગની વિવિધ યોજનાઓનો લાભ લેવા આગામી 15 ઓક્ટોબર સુધી આઈ-ખેડુત પોર્ટલ કાર્યરત રહેશે

વિશાલ જે હરવરા જામનગર

જામનગર જિલ્લાના તમામ ખેડુતોને નાયબ બાગાયત નિયામક દ્વારા જણાવાયું છે કે ચાલુ વર્ષે 2024-25 મા બાગાયત ખાતાની ચાલુ તથા નવી આંબા તથા જામફળ ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, આંબા તથા લીંબુ ફળપાકનાં જુના બગીચાઓને નવસર્જન માટે સહાય, કમલમફળ (ડ્રેગન ફ્રુટ)નાં વાવેતર માટે સહાયનો કાર્યક્રમ, કેળ (ટીસ્યુ)-ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, કોમ્પ્રિહેન્સિવ હોરટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ,ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળપાકો-આંબા, જામફળ, દાડમ, લીંબુ માટે, ટીસ્યુકલ્ચર ખારેક ખેતીમાં સહાય, નાળીયેરી વાવેતર વિસ્તાર સહાય, પપૈયા ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, ફળપાક પ્લાન્ટી મટીરીયલમાં સહાય, વધુ ખેતી ખર્ચવાળા ફળપાકો સિવાયના ફળપાકો, શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન, સરગવાની ખેતીમાં સહાય, કંદ ફૂલો, દાંડી ફૂલો(કટ ફ્લાવર્સ), કોલ્ડ સ્ટોરેજ, કોલ્ડ ચેઈનના ટેકનોલોજી ઈન્ડક્શણ અને આધુનિકરણ માટે રેફ્રિજરેટેડ ટ્રાન્સપોર્ટ વેહિકલ, પ્રાઈમરી/મોબાઈલ/મીનીમલ પ્રોસિસિંગ યુનિટ, રાઈપનીંગ ચેમ્બર, મધમાખી સમૂહ તથા મધમાખી હાઈવ, હનીએક્ટ્રેક્ટર, ફંક્શનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સરકારની યોજનાઓનો મહતમ લાભ લઈ શકે તે માટે આઈ-ખેડુત પોર્ટલ તા.૦૧/૧૦/૨૦૨૪ થી ૧૫/૧૦/૨૦૨૪ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે.

## હરસિધ્ધિ મંદિરના મેળા દરમ્યાન ટ્રાફિક કંટ્રોલ બાબતે આર.એસ.કમ્પાઉન્ડના રહીશો એ રજૂઆત કરી

### આર.એસ.કમ્પાઉન્ડ, તેજકિરણ સોસાયટી, ટોપરાની પેથ લેબ તેમજ રાધાસ્વામી સત્સંગના સંત્સંગીઓની કલેકટર અને જિલ્લા પોલીસ વડા ને લેખિત રજૂઆત

ભરત શાહ : રાજપીપળા

હાલમાં નવરાત્રી નો પર્વ આવી રહ્યો છે ત્યારે દર વર્ષની માફક આ વર્ષે પણ હરસિધ્ધિ મંદિર પાસે નવરાત્રી નો મેળો ભરાશે જેમાં હંમેશા ની માફક ટ્રાફિક જામ ની તકલીફ ના રહે એ માટે ઘટતું કરવા સ્થાનિકો દ્વારા રજૂઆત કરવામાં આવી છે

જિલ્લા કલેકટર અને પોલીસ વડા ને રજૂઆત કરનાર આર.એસ.કમ્પાઉન્ડ, તેજકિરણ સોસાયટી, ટોપરાની પેથ લેબ. તેમજ રાધાસ્વામી સત્સંગના સંત્સંગીઓ એ જણાવ્યું છે કે આગામી તા.૦૩/૧૦/૨૦૨૪ થી હરસિધ્ધિ મંદિરનો નવરાત્રીના મેળાનો પ્રારંભ થશે, જેથી મેળામાં હંમેશાની જેમ ટ્રાફીક જામની સમસ્યા સર્જાશે, જેને કારણે અમને રહીશોને તેમજ સત્સંગ હોલમાં સત્સંગ માટે બહારથી આવતા સત્સંગીઓને તેમજ ટોપરાની લેબમાં આવતા દર્દીઓને અવર જવરમાં ખુબજ તકલીફ પડે છે. કારણકે રાધાસ્વામી સત્સંગના મુખ્ય દરવાજા બહાર પાર્કિંગ પ્લોટમાં થઈ મુખ્ય માર્ગને જોડતા રસ્તા પર આડેધડ વાહનો પાર્ક થાય છે જેને કારણે અમારી અવર જવર અવરોધાય છે અગાઉ એમ્બ્યુલન્સ અડધો કલાક



અટવાઈ હતી. તેમજ ગત વર્ષે પ્રથમ નવરાત્રે શબવાહિની અટવાતા પોલીસે જહેમત ઉઠાવી ગ્રીન કોરીડોર બનાવી શબ વાહિનીનો રસ્તો સરળ બનાવ્યો હતો, આ કારણો જોતા અમારી આપને નમ્ર વિનંતી કે હવે નવરાત્રી થી દિવાળી સુધી તહેવારોમાં ટ્રાફિક જામ ના સર્જાય અને અમારી મુશ્કેલીઓ દૂર થાય તેવી કાર્યવાહી કરવા વિનંતી. ઉપરાંત દર વર્ષની માફક પાર્કિંગ પ્લોટમાં પોલીસ સ્ટોલ રાખવા વિનંતી જેથી મેળા દરમ્યાન સતત પોલીસની હાજરી રહે.



સાંઈ જલારામ મંદિર નખત્રાણા ખાતે એપેક્ષ સ્માર્ટ ક્લાસિસ દ્વારા સિઝન સીક્સ નવરાત્રિની ઉજવણીના ભાગ રૂપે રાસગરબા કોમ્પીટિશન અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા, ડે.કલેકટર શ્રી સુથાર સાહેબ,મામલતદાર શ્રી શર્મા સાહેબ, પી. આઈ શ્રી મકવાણા સાહેબ,વિકાસ અધિકારી શ્રી અરવિંદ ઠાકર સહિત સામાજિક તેમજ રાજકીય અગ્રણીઓની ઉપસ્થિત માં યોજાઈ ગયો.સંચાલક કૈલાશ આથા, ભાનુંબેન આથા સહિત સ્ટાફ સાથે મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.જેમાં મેગા ફાઈનલ રાઉન્ડ માં દિતિશા કૈલાશભાઈ કટ્ટા તેમજ હેમાંશી હરેશભાઈ જોશી અનુક્રમે પ્રથમ તેમજ દ્રિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. સંચાલન રાજેશભાઈ પલણે કર્યું હતું.

## વેસ્ટ ટુ વેલ્થ થીમ હેઠળ ધાનેરા સહિતના વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

(એજન્સી) પાલનપુર । તા. 01

"સ્વભાવ-સ્વચ્છતા,સંસ્કાર-સ્વચ્છતા"ના ધ્યેય સાથે તથા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં અલગ અલગ થીમ આધારિત સફાઈ



ઝુંબેશ હાથ ધરાઈ છે. લોકોમાં સ્વચ્છતા બાબતે જાગૃતિ ફેલાય તે હેતુથી ૧૭ સપ્ટેમ્બરથી આરંભાયેલા સફાઈ અભિયાન અંતર્ગત તા.૦૧ ઓકટોબરના રોજ બનાસકાંઠા જિલ્લામાં 'વેસ્ટ ટુ વેલ્થ' થીમ આધારિત સ્વચ્છતાની ઝુંબેશ હાથ ધરાઈ હતી. સ્વચ્છતા બાબતે લોકોમાં જાગૃતિ ફેલાય તે હેતુથી જિલ્લાના ધાનેરા, થરાદના ઘોડાસર, વડગામના મગરવાડા સહિતના ગામોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. જિલ્લાના નાગરિકો અને વિદ્યાર્થીઓ સ્વયંભૂ આ અભિયાનમાં જોડાઈને લોકોને સ્વચ્છતાનો સંદેશો આપ્યો હતો.

## દિયોદર તાલુકાના ફોરણા ખાતે રાષ્ટ્રીય પોષણ અને સ્વચ્છતા અભિયાનની ઉજવણી

(એજન્સી) પાલનપુર । તા. 01

બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૪ અને સ્વચ્છતા હી સેવા અભિયાન ચાલી રહ્યું છે જેના અંતર્ગત સરદાર કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી



ડૉ.આર.એમ.ચૌહાણની પ્રેરણાથી તથા ફૂડ ટેક્નોલોજી મહા વિદ્યાલયના આચાર્યશ્રી ડૉ.જે.જે.ધ્રુકના માર્ગદર્શન હેઠળ દિયોદર તાલુકાના ફોરણા ખાતે કાર્યક્રમ અને તાલીમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના અને રાષ્ટ્રીય કેડેટ્સ કોર, ફૂડ ટેક્નોલોજી મહાવિદ્યાલય,સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના નેજા હેઠળ જાગૃતતા રેલી, સફાઈ અભિયાન, સ્વચ્છતા કી જનભાગીદારી, વ્યસન મુક્તિ, પોષણક્ષમ આહાર પર ખાસ વક્તવ્યો અને તાલીમ તેમજ સ્વચ્છતા શપથ જેવા વિવિધ જન જાગૃતિ કાર્યક્રમ અને તાલીમનું આયોજન કરાયું હતું.

## શ્રી હસ્તેશ્વર સ્કૂલમાં ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ : દાહોદ

૨ જી ઓકટોમ્બર ગાંધી જયંતી નિમિત્તે લીમખેડા ની શ્રી હસ્તેશ્વર સ્કૂલમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો કાર્યકમ માં સંસ્થાના



મંત્રી ભરતભાઈ ભરવાડ ઉપસ્થિત રહી વિધાર્થીઓને મહાત્મા ગાંધીજી નું સ્વચ્છ ભારત ના સપના વિશેની ચર્ચા કરી હતી અને દરેક બાળકોને પોતાનું ઘર દલિતો અને ગામ સ્વચ્છ રાખવાના સંકલ્પ લેવડાવ્યા હતા બાળકો દ્વારા પણ ખૂબ ઉત્સાહ સાથે શાળાના મેદાન ની સફાઈ કરી ગાંધીજી ને યાદ કર્યા હતા.

## દાહોદના નિશ્રા વૃદ્ધાશ્રમ ખાતે આંતરરાષ્ટ્રીય વયોવૃદ્ધ દિવસની ઉજવણી કરવામાં આવી

દિપક રાવલ : દાહોદ

દાહોદ શહેરી વિસ્તારમાં આવેલ શાંતિ એકતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત નિશ્રા વૃદ્ધાશ્રમ ખાતે આંતરરાષ્ટ્રીય વયો વૃદ્ધ દિવસની ઉજવણી કરવામાં



આવી હતી. જે દરમ્યાન વૃદ્ધાશ્રમના તમામ વૃદ્ધોનું ડાયાબિટીસ બ્લડ પ્રેશર અને હાયપર ટેન્શન માટે મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. તેમજ તેઓને જરૂરી દવાઓ પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં UHWC ના મેડીકલ ઓફિસરશ્રી, RBSK ટીમ, CHO, લેબટેક તેમજ ફાર્માસિસ્ટ હાજર રહ્યા હતા.

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ આયોજીત તાલુકા કક્ષાનો ગણિત વિજ્ઞાન પ્રદર્શન

નિતીન ઠાકર : ચાણસ્મા

મંડલોપ પ્રા. શાળા ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ આયોજિત તાલુકા કક્ષાનો ગણિત વિજ્ઞાન પ્રદર્શન નું આયોજન કરવામાં



આવ્યું. ગણીત વિજ્ઞાન પ્રદર્શન માં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પાબુવંશી સાહેબ, Brc. Co. શ્રી પંકજભાઈ પટેલ, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના જિલ્લા અધ્યક્ષશ્રી શૈલેષભાઈ પટેલ, પાટણ જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળના પ્રમખશ્રી પ્રવિંસિહજી એમ. પરમાર મંડલોપ ગામના શિક્ષણ વિદ શ્રી સુરેશભાઈ પટેલ, Brc સ્ટાફ તેમજ તાલુકાની ત્રીસેક શાળાઓના શિક્ષક ભાઈ - બહેનો તેમજ તમામ શાળાઓના ભાગ લેનાર 32 બાળકો ઉપસ્થિત રહ્યા.

## રાજુલાના પીપાવાવ પોર્ટ ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ આયોજન કરવામાં આવ્યું

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

રાજુલાના પીપાવાવપોટ ખાતે તારીખ 1 10 2024 સવારના 11:00 વાગે થી બપોરના 3 સુધી ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ



આયોજન કરવામાં આવ્યું જેમાં મહુવા ની નવકાર ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી આ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય કોસ્ટ ગાર્ડ જવાનો ડોક્ટરો સહિતના આગેવાનો દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું. જેમાં જરૂરિયાત મંદોને પૂરતા પ્રમાણમાં બ્લડ મળી રહે તે હેતુ આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



કોઈએ સાચું જ કહ્યું છે કે અડગ મનના માનવી ને હિમાલય પણ નડતો નથી ભચાઉથી માતાનામઢ ઉંધે પગે ચાલીને માનતા પુરી કરવા નિકળી પડેલા માઈ ભક્ત એ સાબિત કરી બતાવ્યુ છે. તસવીરમાં માઈ ભક્ત ઉંધે પગે ચાલતા જઈ રહ્યા છે.

તસવીર: મહેશ સોની નખત્રાણા

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# કોલ્ડપ્લેની ટિકિટ ખરીદતાં પહેલાં ચેતી જજો

## 4 સુરતીને સો.મીડિયામાં લિંક મળી, એક ઓનલાઇન ટાસ્ક આપ્યો ને ટિકિટ બુક કરાવતાં 4 લાખ ગુમાવ્યા



(એજન્સી) સુરત | તા. 01

બ્રિટિશ રોક બેન્ડ કોલ્ડપ્લેના મુંબઈમાં ત્રણ શો થવાના છે, જેને લઈને દેશભરમાં સંગીતના ચાહકોમાં ભારે ઉત્સાહ છે. શો માણવા માટે ચાહકો ટિકિટ ખરીદવા તલપાપડ છે. ત્યારે ઓનલાઈન ટિકિટ વેચાઈ ગઈ છે. એવામાં સાયબર છેતરપિંડી કરનારાઓ માટે જાણે આ સોનેરી તક બનીને આવી છે. સુરત શહેરના ચાર યુવક આવા સાયબર ગઠિયાઓનાં કરતૂતોનો શિકાર બન્યા છે. એક તરફ શહેરના ચાર યુવાનને શોની ટિકિટ મળતી નહોતી, તો બીજી તરફ સરળતાથી ટિકિટ મળવાના લોભમાં સુરતના યુવાનોએ એક લિંક પર ક્લિક કરી હતી, તો ટિકિટ મેળવવા જતાં તેમણે 4 લાખ રૂપિયા ગુમાવી દીધા છે, જેની તપાસ હાલ સુરત પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

બ્રિટિશ રોક બેન્ડ કોલ્ડપ્લે માટે ભારતમાં એક અલગ પ્રકારનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. દેશના ખૂણેખૂણેથી યુવાનો મુંબઈ પહોંચવા માગે છે, પરંતુ આ શો માટે ટિકિટ મળતી નથી. આ વચ્ચે સાયબર ફ્રોડ કરનાર માથાભારે લોકો એક્ટિવ થઈ ગયા છે. સુરતના ચાર યુવાન આવા લોકોનો શિકાર બન્યા છે. સુરતના વેસુ વિસ્તારમાં રહેતા ચાર યુવક ટિકિટ મેળવવા માટે છેલ્લા ઘણા દિવસોથી પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ જ્યારે પણ તેમણે ઓનલાઈન પ્રયાસ કર્યો ત્યારે તેમને નિરાશા હાથ લાગી અને સાઈટ ક્રેશ જોવા મળી હતી. દરમિયાન તેમને સોશિયલ મીડિયા દ્વારા એક લિંક મળી, જેમાં કોન્સર્ટની ટિકિટ ઉપલબ્ધ છે અને ટૂંક સમયમાં એ ટિકિટ પણ હાઉસફુલ થઈ જશે એવી જાણકારી મળી, જેથી તેમણે તાત્કાલિક આ લિંક પર ક્લિક કરી ટિકિટ બુક કરવા માટેની પ્રોસિજર હાથ ધરી હતી, પરંતુ ચારે યુવાઓએ ટિકિટના એક-એક લાખ રૂપિયા તો આપ્યા, પરંતુ પછીથી ખબર પડી કે તેઓ સાયબર ફ્રોડના શિકાર થઈ ગયા છે. લાખો ગુમાવ્યા ત્યાં સુધી બહુ મોડું થઈ ગયું હતું. આખરે આ અંગે તેમણે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી, જે અંગેની તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

સુરતના યુવાનો ઓનલાઈન ટિકિટ ખરીદવા ઈન્ટરનેટ પર સર્ચ કરતા હતા. એ સમયે એક લિંક સ્ક્રીન પર આવી, જેમાં તેમને એક ઓનલાઈન ટાસ્ક આપવામાં આવ્યો. ટાસ્ક પૂર્ણ કરવા પર તેમને નકલી પેજ પર ઓનલાઈન પેમેન્ટ કરવાનું કહેવામાં આવ્યું. ચારેય યુવાને તેમનાં માતા-પિતાના ક્રેડિટ કાર્ડ વિશે માહિતી આપી હતી. સાયબર ગુનેગારોએ ચાર યુવક પાસેથી ચાર લાખ રૂપિયા પડાવી લીધા હતા. પોલીસ સાયબર ફ્રોડના આરોપીઓ સામે તપાસ કરી રહી છે. કોલ્ડપ્લે રોક બેન્ડ 18થી 19 જાન્યુઆરી 2025 દરમિયાન મુંબઈમાં શો કરવા જઈ રહ્યું છે. ઓનલાઈન બુકિંગ 22મી સપ્ટેમ્બરે શરૂ થયું હતું અને વેબસાઈટ ક્રેશ થયા બાદ માગમાં વધારો થયો છે. હાલમાં સાયબર ક્રાઈમના આરોપીઓ મોટા કાર્યક્રમો અને કોન્સર્ટને સાયબર ફ્રોડ કરવા માટે માધ્યમ બનાવી રહ્યા છે.

## ન્યૂઝ કોર્નર

### સમીસા ગામમાં ગોંદરે તળાવના પાણી ફરી વળ્યા

પાટણ | ચાણસ્મા તાલુકાના સમીસા ગામે ગામમાં પ્રવેશતાં ગામના ગોંદરે કેડસમા પાણી ભરાઈ જતાં ગામલોકો માટે ગામ બહાર જવા માટે ગોંદરે ભરાયેલું પાણી હેરાનગતી રૂપ બની રહ્યું છે. જ્યારે ગામના ગોંદરે પ્રા શાળા આંગણવાડી હાઈસ્કુલ આવેલી હોવાથી શાળા જતાં બાળકોને કેડસમા પાણીમાં થઈને પસાર થવું પડે છે.
બીજી બાજુ ગામના બ્રહ્માણી માતાજી, ખોડીયાર માતાજીના મંદિરો નજીક હોવાથી અને નવરાત્રિમાં નવ દિવસ ગરબા પણ જ્યાં થાય છે ત્યાં પાણી ભરાયેલા છે. પાણી ભરાઇ જવાના કારણે ચાણસ્માથી આવતી બસો બ્રાહ્મણવાડા ત્રણ રસ્તાથી પાછી વળતાં સમીસા થી ચાણસ્મા આવતા મુસાફરો અને વિદ્યાર્થીઓને બ્રાહ્મણવાડા ત્રણ રસ્તે બસમાં બેસવા આવવું પડતાં વિદ્યાર્થીઓ અને મુસાફરો હેરાનગતીનો ભોગવી રહ્યા છે.

### નવરાત્રિને લઈ ચોટીલા પોલીસ સજ્જ બની

સુરેન્દ્રનગર | આદ્યશક્તિની આરાધનાના અવસર એવા નવલા નોરતાની ઘડીઓ ગણાઈ રહી છે. આ દિવસોમાં ચોટીલામાં ચામુંડા માતાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોય છે. ત્યારે લોકોની ભીડને લઈને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા અગમચેતીના ભાગરૂપે ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. આ ઉપરાંત ચોટીલા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.બી.વલવીની અધ્યક્ષતામાં વિવિધ જગ્યાની ગરબીના આયોજકો સાથે પણ ખાસ બેઠક યોજવામાં આવી હતી. જેમાં નવરાત્રિ મુદ્દે સરકારના નિર્દેશોનું પાલન કરવા સહિત રાત્રિના સમયે કોઈ આવારા તત્વો દ્વારા બાળાઓ અને યુવતીઓને કોઈ પ્રકારની હેરાનગતિ કરવામાં આવતી હોય અથવા તો કોઈ શખ્સો રોડ પર બાઈક સ્ટન્ટ કે રોમિયોગીરી કરતા હોય તો પોલીસને તાત્કાલિક જાણ કરવાની સૂચના આપવામાં આવી છે.

# CM ભૂપેન્દ્ર પટેલે અમૃત મુહૂર્તમાં નર્મદા નીરનાં વધામણાં કર્યાં, 7 કરોડ ગુજરાતીની તરસ છિપાવતું દૃશ્ય



# સરદાર સરોવર ડેમ સંપૂર્ણ ભરાયો...!



નર્મદા (રાજપીપળા) | ગુજરાતની જીવાદોરી ગણાતો સરદાર સરોવર ડેમ સિઝનમાં પહેલીવાર છલકાયો હતો. આજે ડેમ પોતાની મહત્તમ સપાટી 138.68 મીટરે પહોંચતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેવડિયા પહોંચીને 12.39 વાગ્યે અમૃત મુહૂર્તમાં નર્મદાનાં નીરનાં વધામણાં કર્યાં હતાં. બ્રાહ્મણો દ્વારા મંત્ર ઉચ્ચારણો સાથે નર્મદા નદીનાં નીરને ચૂંદડી, શ્રીફળ, કંકુ, ચોખા અર્પણ કરીને મુખ્યમંત્રીએ નર્મદા મૈયાની પૂજા-આરતી કરી હતી.

### CM ભૂપેન્દ્ર પટેલે અમૃત મુહૂર્તમાં નર્મદા નીરનાં વધામણાં કર્યાં

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કેવડિયા હેલિપેડ ખાતે પહોંચ્યા છે. હવે ત્યાંથી નર્મદા ડેમ પર પહોંચીને 12.39 વાગે અમૃત મુહૂર્તમાં બ્રાહ્મણો દ્વારા મંત્ર ઉચ્ચારણો સાથે નર્મદા નદીનાં નીરને ચૂંદડી, શ્રીફળ, કંકુ, ચોખા અર્પણ કરીને પૂજા કરશે. નર્મદા નીરનાં વધામણાં કર્યાં હતા અને નર્મદા માતાની આરતી ઉતારી હતી.
ઉલ્લેખનીય છે કે, આ ચોમાસાની સિઝનમાં ડેમના દરવાજા 33 અલગ અલગ દિવસો પર ખોલીને (10/08/2024થી 27/09/2024) સુધીમાં કુલ 77 લાખ 39 હજાર 786 ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું.

### નર્મદા ડેમ સંપૂર્ણ ભરાયો

સરદાર સરોવર ડેમ પૂર્ણ સપાટી 138.68 મીટર સુધી છલોછલો ભરાયો છે. ડેમમાં હાલ 82,408 ક્યૂસેક પાણીની આવક છે. ડેમમાંથી હાલ 5 હજાર ક્યૂસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે.
ડેમમાંથી મુખ્ય કેનાલમાં 4364 ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ટર્બાઈન મારફત 40,930 ક્યૂસેક પાણીની જાવક છે.
નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવતું હોઇ નદીકાંઠાના કિનારે આવેલાં ગામના લોકો નદીકિનારે ન જાય તેની સૂચના આપવામાં આવી છે. વધુમાં કોઈપણ નુકસાનની ઘટના બને તો તાત્કાલિક જિલ્લાના ડિઝાસ્ટર કંટ્રોલરૂમમાં જાણ કરવા પણ જણાવ્યું છે.

### સરોવરમાં 5.76 લાખ કરોડ લિટર પાણીનો સંગ્રહ

નર્મદા ડેમમાં 121.92 મીટરની સપાટી પછી 30 દરવાજા લગાવવામાં આવ્યા છે. જેમાં 23 દરવાજા સપાટીને મેન્ટન કરવા જ્યારે 7 દરવાજા ઈમર્જન્સી રખાયા છે.
દરવાજાઓ સાથે ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર પર પહોંચી છે. ત્યારે ડેમમાં 4.73 મિલિયન એકર ફૂટ એટલે કે 5.76 લાખ કરોડ લિટર પાણીનો ડેમમાં સંગ્રહ થશે. આ પાણી રાજ્યમાં એક વર્ષ માટે પીવાના તથા સિંચાઈના પાણીની જરૂરિયાતને પૂર્ણ કરી શકશે.




### નર્મદા સિઝનમાં 1લીવાર સંપૂર્ણ સપાટીએ

ગુજરાતની જીવાદોરી ગણાતા નર્મદા ડેમના પાયા નંખાયાને આજે 62 વર્ષ પૂર્ણ થયાં છે. 5મી એપ્રિલ 1961ના રોજ પૂર્વ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુએ કેવડિયા ખાતે નર્મદા ડેમનો પાયો નાખ્યો હતો. આજે 62 વર્ષ બાદ નર્મદા ડેમ એની 138.68 મીટરની પૂર્ણ સપાટી સુધી બંધાઇ ચૂક્યો છે તથા ડેમની બાજુમાં વિશ્વની સૌથી ઊંચી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા બની ચૂકી છે. સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાના હૃદયમાંથી નર્મદા ડેમનો અદભુત નજારો માણી શકાય છે. નર્મદા ડેમ આજે 18.45 લાખ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી તથા ગુજરાતનાં 11,951 ગામો અને 199 શહેરને પીવાનું પાણી પૂરું પાડવા માટે સક્ષમ બન્યો છે, જ્યારે રાજસ્થાનનાં 1336 ગામડાં અને 3 શહેરને પાણી પૂરું પાડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, 2018માં વરસાદ ઓછો હોવાથી ડેમ ભરાયો ન હતો તો 2021માં પણ ડેમ ભરાયો ન હતો.

## વેરાવળના લાટી ગામથી 12 ફૂટ લાંબા અજગરનું રેસ્ક્યૂ કર્યું

(એજન્સી) ગીર સોમનાથ | તા. 01

વેરાવળ નજીકના લાટી ગામે ગત રાત્રિના રહેણાંક મકાનના ફળિયામાં મહાકાય અજગર આવી ચડતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અજગર દેખાતા જ સ્થાનિકોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. જ્યાં એક કલાકની જહેમત બાદ વન વિભાગે 12 ફૂટ લાંબા અજગરનું સહીસલામત રેસ્ક્યૂ કરી તબીબી પરીક્ષણ બાદ ફરી જંગલમાં મુક્ત કરી દેવામાં આવ્યો હતો.
લાટી ગામે રહેતા રામભાઈ નામના વ્યક્તિના ઘરના ફળીયામાં ગત રાત્રિના અજગર જોવા મળ્યો હતો. અજગરની જાણ ગામમાં થતાં જ લોકોના ટોળા એકઠાં થઇ ગયા હતા. જો કે આ બાબતે તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગની રેસ્ક્યૂ ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી અને મકાનની આડશમાં છુપાયેલા અજગરને એક કલાકની જહેમત બાદ સહી સલામત રેસ્ક્યૂ કરવામાં સફળતા મળી હતી. વન વિભાગને મહાકાય અજગર હોવાની જાણ થતાં જ ઘટના સ્થળે પહોંચેલી વન વિભાગની ટીમે 12 ફૂટ લાંબા અજગરને રેસ્ક્યૂ કરવામાં પાણી આવી ગયું હતું. વન વિભાગના 4થી વધુ માણસોએ ભારે મહેનત કરી અજગરને બહાર કાઢવાની કોશિશ કરી હતી.

## પારૂલ યુનિ.નો ન્યુરોલોજીનો સ્ટુડન્ટ વડોદરાના આકિયાપુરામાં ગયો તો ગ્રામજનોએ હુમલો કર્યો, હાથમાં ફ્રેક્ચર, ICUમાં દાખલ

(એજન્સી) વડોદરા | તા. 01

વડોદરા જિલ્લાના વાઘોડિયા સહિત વિવિધ તાલુકામાં ટેમ્પો અને ઇકો કારમાં ચોર ટોળકી ફરી રહી છે અને લોકોને માર મારી ચોરી, લૂંટ ચલાવી રહ્યા હોવાની જોરદાર અફવાઓ ચાલી રહી છે. આ અફવાઓ વચ્ચે ભયના ઓથાર નીચે આવી ગયેલા ગામ લોકોએ પોલીસ ઉપર ભરોસો ન રાખતાં રાત્રે ફેરણી શરૂ કરી દીધી છે. જો કે, આકડિયાપુરા ગામના લોકોએ પારૂલ યુનિવર્સિટીમાં ન્યુરોલોજીમા અભ્યાસ કરતા પાપુઆ ન્યુ ગીનીના વિદ્યાર્થીને ચોર સમજી ઢોર માર મારતાં ચકચાર મચી ગઈ છે.
ગામ લોકોના જીવલેણ હુમલાનો ભોગ બનેલા વિદ્યાર્થીને પારૂલ હોસ્પિટલમાં ICUમાં સારવાર આપવામાં આવી રહી છે. હુમલામાં વિદ્યાર્થીને હાથમાં ફ્રેક્ચર થઈ ગયું છે. આ બનાવ અંગે વાઘોડિયા પોલીસ મથકમાં 15 જેટલા હુમલાખોરો સામે ફરિયાદ નોંધાઇ છે. ગ્રામજનોની ગેરસમજના કારણે રવિવારે વાઘોડિયા તાલુકાના ગુગલિયાપુરા D-3, શુભ પ્લાઝમા રહેતો અને પારૂલ યુનિવર્સિટીમાં BSC ન્યુરોલોજીમા અભ્યાસ કરતો 20 વર્ષીય પાયો એરીક રવિવારની રજા હોવાથી મિત્રની સાઇકલ લઈને વાઘોડિયા ફરવા નિકળ્યો હતો. ફરતા ફરતા આકડિયાપુરા ગામ તરફ નીકળી ગયો હતો. દરમિયાન ચોરોને પકડવાની ફિરાકમાં ફરતા આકડિયાપુરા ગામના લોકોને વિદ્યાર્થી પાયો એરીક ચોર જેવો દેખાતા તેનું નામ પૂછ્યું હતું. વિદેશી વિદ્યાર્થી પાયોને ગુજરાતી આવડતું ન હોવાથી તે અંગ્રેજીમાં વાત કરતાં ગ્રામજનોએ આ યુવાન ચોર હોવાનું અનુમાન લગાવી ઢોર માર માર્યો હતો.
ગામ લોકો વિદેશી વિદ્યાર્થી પાયો એરીકને માર મારી રહ્યા હતા. આ દરમિયાન પારૂલ યુનિવર્સિટીના પ્રોફેસર છાયંકાબેન આવી જતાં વિદ્યાર્થીને ગામ લોકોની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યો હતો. આ સાથે પ્રોફેસરે યુનિવર્સિટીના સિક્યોરિટી ઓફિસર એમ.પી. સિંઘને જાણ કરતાં તેઓ પણ રોહિત કુમાર અને પી.સી. બાબુ પણ દોડી આવ્યા હતાં. અને ઈજાગ્રસ્ત પાયોને પારૂલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જીવલેણ હુમલામાં વિદ્યાર્થીના ડાબા કાંડામાં ફ્રેક્ચર થઈ ગયું છે. હાલ તેણે ICUમાં સારવાર આપવામાં આવી રહી છે.
આ બનાવ અંગે ઈજાગ્રસ્ત પાયો એરીકે વાઘોડિયા પોલીસ મથકમાં આકડિયાપુરા ગામના મહેશ મથુરભાઈ પરમાર, જગદીશ અંબાલાલ પરમાર, સુનિલ મણીલાલ વસાવા અને રાહુલ મણિલાલ વસાવા સહિત 15 લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવની તપાસ કરી રહેલા પીએસઆઇ એચ.વી. ગુજરાતીએ જણાવ્યું હતું કે, પોલીસ હુમલાખોરોની ધરપકડની કાર્યવાહી હાથ ધરી છે. મળેલી માહિતી પ્રમાણે ચોર ટોળકીની દહેશતના કારણે વાઘોડીયા જીઆઇડીસીમાં સેકન્ડ શિફ્ટમાંથી છૂટતા લોકો ભય વચ્ચે ઘરે જઈ રહ્યા છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### 37 વર્ષીય મહિલા સાથે દુષ્કર્મ ગુજારનાર ભુજનો વકીલ ઝડપાયો

ભુજ | 37 વર્ષીય મહિલાને લગ્ન કરવાની લાલચ આપી શારીરિક શોષણ કરી પુત્રને મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં સાત મહિના બાદ આરોપી વકીલને પોલીસે દબોચી લીધો છે.પ્રાપ્ત વિગતો મુજબ ભુજ શહેર બી ડીવીઝન પોલીસ મથકે આરોપી હેનરી જેમ્સ ચાકો વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોધાઇ હતી. ભોગ બનનાર મહિલાને લગ્નની લાલચ આપી તેનું શોષણ કર્યો હતો.જે બાદ આરોપીએ ભૂંડી ગાળો બોલી મહિલા અને તેના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વકીલે સ્ટીલના ચીપિયાથી મહિલાને માર મારતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

### દેગામ ગામે કૂવામાં ન્હાવા પડેલ યુવાનનું ડૂબી જતાં મોત નિપજ્યું

પોરબંદર | પોરબંદરના દેગામ ખાતે એક ખેડૂતના ખેતરમાં મજૂરીકામ માટે આવેલ પરપ્રાંતીય યુવાન કૂવામાં ન્હાવા પડ્યો હતો ત્યારે કુવાના પાણીમાં ડૂબી જતાં આ યુવાનનું મોત થયું હતું.આ ઘટના બાદ પોરબંદરના ફાયર બ્રિગેડ દ્વારા મૃતદેહ કુવામાંથી બહાર કાઢી હોસ્પિટલમાં ખસેડાયો હતો આ ઘટનાની એવી વિગત છે કે પોરબંદરના દેગામ ગામે લાવરિયા સીમ વિસ્તારમાં રહેતા રામદેભાઈ ગોગનભાઈ નામના ખેડૂતના ખેતરમાં મધ્યપ્રદેશ પંથકમાંથી એક પરિવાર ખેતમજૂરી માટે આવ્યો હતો.આ પરિવારના 5 જેટલા સભ્યો ન્હાવા માટે કૂવામાં પડ્યા હતા.

## હિંમતનગર જિલ્લા પંચાયત ભવનની લીફ્ટમાં પાન-મસાલાની પિચકારીઓ જોવા મળી

સાબરકાંઠા | હાલમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે જેને લઈને તંત્ર દ્વારા ઠેર ઠેર સ્વચ્છતા અભિયાનને લઈને સફાઈ કામગીરી કરાઈ રહી છે. ત્યારે હિંમતનગરમાં આવેલ જિલ્લા પંચાયત ભવનની લીફ્ટમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો છે. તો આ લીફ્ટમાં પંચાયતના અધિકારીઓ,કર્મચારીઓ અને મુલાકાતીઓ અવર જવર કરતા હોય છે. ત્યારે ગંદકી કોણ કરે છે તે તપાસનો વિષય છે.
આવતીકાલે ગાંધી જયંતી છે જેને લઈને સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. એક સપ્તાહનું સ્વચ્છતા અભિયાન આવતીકાલે પૂર્ણ થશે તો હિંમતનગરમાં મોતીપુરા થી વિજાપુર બાયપાસ રોડ પર સાબરકાંઠા જિલ્લા પંચાયત ભવન આવેલું છે. જ્યાં જિલ્લા વિકાસ અધિકારી સહીત વિવિધ વિભાગની ઓફિસો આવેલી છે. તો આ ભવનમાં સવલત માટે લીફ્ટ પણ છે ત્યારે આજ લીફ્ટમાં પંચાયતમાં આવતા-જતા તમામ લોકો લીફ્ટનો ઉપયોગ ઓફિસોમાં જવા માટે કરે છે.



હાલમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. ગામે ગામ સફાઈ અભિયાન અને તેના ફોટા પણ જોવા મળતા હોય છે. ત્યારે પંચાયત ભવનમાં લીફ્ટમાં પાન-મસાલાની પિચકારીઓની ગંદકી ચારે તરફના ખૂણામાં જોવા મળે છે. ત્યારે સ્વચ્છતા અભિયાનમાં સફાઈની વાતો થાય છે અને કામગીરી પણ થાય છે, પરંતુ આ લીફ્ટમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળે છે.

## રાજકોટ PCBનો દેશી દારૂની ભઠ્ઠી પર દરોડો, સ્વીટ ઓરેન્જ અને વરિયાળી ફ્લેવરના 114 લીટર દેશી દારૂ સાથે આરોપીની ધરપકડ

(એજન્સી) રાજકોટ | તા. 01

રાજકોટ શહેર PCBએ ફ્લેવરયુક્ત દેશી દારૂની ભઠ્ઠી પર દરોડો પાડી સ્વીટ ઓરેન્જ અને વરિયાળી ફ્લેવરવાળા દેશી દારૂ અને દેશી દારૂના પાઉચ સહિત કુલ 24,800નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પોલીસે દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા આરોપી ભુપત જાદવની ધરપકડ કરી ફરાર આરોપી મહેશ ડાભીની શોધખોળ હાથ ધરી છે.
રાજકોટ શહેર PCBને ચોક્કસ બાતમી મળી હતી કે, માંડા ડુંગર નજીક પીઠડ આઈ સોસાયટીમાં આવેલ એક મકાનમાં દેશી દારૂની ભઠ્ઠી ચાલી રહી છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે રેડ કરતા સ્થળ પરથી દેશી દારૂનો જથ્થો તેમજ દેશી દારૂ ભરવા માટે અલગ અલગ પાઉંચ મળી આવ્યા હતા. જેથી આરોપી ભુપત જાદવની ધરપકડ કરી સ્થળ પરથી 114 લીટર દેશી દારૂ, પંચશીલ મશીન, પાઉચ બનાવવાના પ્લાસ્ટિકના રોલ, અને સ્વીટ ઓરેન્જ તેમજ વરિયાળી ફ્લેવરની કુલ 5 બોટલ સહિત રૂપિયા 24,800નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં એક આરોપીની ધરપકડ કર્યા બાદ તેની પૂછપરછ કરતા અન્ય એક શખસનું નામ ખુલતા પોલીસે ફરાર આરોપી મહેશ ડાભીની શોધખોળ હાથ ધરી છે.
ઉલ્લેખનીય છે કે અત્યારસુધી દેશી દારૂમાં માત્ર ગોળ અને આથાનો ઉપયોગ કરી દેશી દારૂ બનાવવામાં આવતો હતો. જો કે, પોલીસે પ્રથમ વખત ફ્લેવરવાળો દેશી દારૂ કબ્જે કર્યો છે. જેમાં સ્વીટ ઓરેન્જ અને વરિયાળી ફ્લેવરનો દેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો છે. સ્થળ ઉપરથી પણ પોલીસે સ્વીટ ઓરેન્જ અને વરિયાળી ફ્લેવરની અલગ અલગ લીકવીડ બોટલ ઝડપી પાડી છે.



# મહેમદાવાદના રાસ્કામાં સાળાની હત્યામાં બનેવીને 10 વર્ષની કેદ

(એજન્સી) નડિયાદ | તા.01

મહેમદાવાદ તાલુકાના રાસ્કામાં સામાન્ય મુદ્દે બહેનને માર મારનાર બનેવીને ઠપકો આપવા ગયેલા સાળાનું ગળું દબાવી મોતને ઘાટ ઉતાર્યો હતો. વર્ષ-૨૦૨૩ના બનાવમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ નડિયાદે આરોપીને ગુનેગાર ઠેરવી ૧૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો છે. મહેમદાવાદ તાલુકાના રાસ્કામાં રહેતા વિજયભાઈ દંતાણીની બહેન સુનીતાબેનના લગ્ન મુકેશભાઈ ઉર્ફે મહેશભાઈ તારાભાઈ દંતાણી (રહે. દેવગાળા, તા.ધંધુકા જી. અમદાવાદ) સાથે થયા હતા. મુકેશભાઈ પત્ની સુનિતાબેન સાથે વિજયભાઈના ઘર નજીક રાસ્કામાં રહી કામ ધંધો કરતો હતા. દરમિયાન સાળા-બનેવી વચ્ચે સંબંધમાં તિરાડ પડી હતી. પરંતુ ભાઈ બહેન એકબીજા સાથે બોલતા હતા. તા.૧૯ માર્ચ, ૨૦૨૩ની સાંજે સુનીતા ઘરે વિજયભાઈના કપડા ધોતી હતી, ત્યારે ઘરે આવી પહોંચેલા મુકેશે પોતાની પત્નીને સાળાના કપડાં ધોતી જોઈ ગુસ્સે ભરાયો હતો અને પત્ની સુનિતા સાથે ઝગડો કરવા લાગ્યો હતો. જેની જાણ થતાં વિજયભાઈ આવી બનેવી મુકેશભાઈને સમજાવતો હતો. ત્યારે મુકેશભાઈએ તું અમારા પતિ-પત્ની વચ્ચેના ઝઘડામાં ના પડ કહી ઉશ્કેરાઈ વિજયભાઈને મોઢા અને છાતીના ભાગે ફેટો મારી તથા ગળુ દબાવી દીધુ હતું. જ્યાં વિજયભાઈનું મોત નિપજ્યું હતું.

## ન્યુઝ ફ્લેશ

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ડિસેમ્બર-જાન્યુઆરીમાં યોજાય તેવી વકી, હજુ પંચની કાર્યવાહી બાકી

ગાંધીનગર: ગુજરાતમાં રાજકીય પક્ષો અને ઉમેદવારો જેની રાહ જોઇ રહ્યાં છે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીઓ ડિસેમ્બર-જાન્યુઆરી પહેલાં યોજાય તેવી કોઇ સંભાવના દેખાતી નથી, કારણ કે 27 ટકા ઓબીસી અનામત બેઠકો અને વોર્ડરચનાનું ફાઇનલ નોટિફિકેશન બાકી છે જ્યારે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જે તે સંસ્થાની મતદાર યાદીઓનું કામ હજી સુધી શરૂ થઇ શક્યું નથી. ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી ખેડા અને બનાસકાંઠા જિલ્લા પંચાયત, 17 તાલુકા પંચાયત, 75 નગરપાલિકા અને 539 નવી ગ્રામ પંચાયતો સાથે કુલ 4765ની ચૂંટણીઓ થઇ શકી નથી. અદાલતી આદેશને પગલે આ ચૂંટણીઓમાં 27 ટકા ઓબીસી અનામત દાખલ કરવામાં આવી હોવાથી શહેરી વિકાસ વિભાગ અને પંચાયત વિભાગમાં નોટિફિકેશનની પ્રક્રિયા ચાલી રહી છે.

### ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કમાં આ દિવસોમાં વિના મૂલ્યે પ્રવેશ અપાશે, બાળકોને લઈને પહોંચી જજો

ગાંધીનગર : નાગરિકોમાં વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાના માટે દર વર્ષ ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (GEER) ફાઉન્ડેશન દ્વારા 2 થી 8 ઑક્ટોબર દરમિયાન 'વન્ય જીવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્ક ખાતે વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. દર વર્ષે GEER ફાઉન્ડેશન દ્વારા આ સપ્તાહ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી પર્યાવરણ અને વન્ય જીવોને લઈને લોકોને જાગૃતિ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. જેમાં ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ અને અરણ્ય ઉદ્યાનમાં મુલાકાતીઓ માટે નિ:શૂલ્ક પ્રવેશ આપવામાં આવશે.

### આણંદ જિલ્લામાં 3 મહિનામાં ડેન્ગ્યૂના 62, મેલેરિયાના 18 કેસ

આણંદ : આણંદ જિલ્લામાં ચોમાસાની શરૂઆત થતાં જ રોગચાળાએ માથુ ઉંચક્યું હતું. જિલ્લામાં વાયરલ ઈન્ફેક્શન, બેવડી તુ અને દુષિત પાણીના કારણે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ફેલાઈ રહ્યો છે. ચાલુ વર્ષે જિલ્લામાં જૂનથી સપ્ટેમ્બર માસ દરમિયાન ડેન્ગ્યૂના ૬૨ અને મેલેરિયાના ૧૮ કેસ નોંધાયા છે. જ્યારે આણંદ સિવિલ હોસ્પિટલમાં જૂનથી ઓગસ્ટ માસ દરમિયાન ૪૦,૨૫૮ ઓપીડી નોંધાઈ હતી. જ્યારે ૧૧,૩૦૦ દર્દીઓને દાખલ કરવામાં આવ્યાં હતાં. આણંદ જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદની સાથે અસહ્ય ગરમી પડી હતી. તેમજ ભેજયુક્ત વાતાવરણ સર્જાતા જિલ્લાવાસીઓએ બેવડી ઋતુનો અનુભવ કર્યો હતો. ચોમાસામાં મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચકતા જિલ્લામાં ચાર મહિનામાં ડેન્ગ્યૂના ૬૨ અને મેલેરિયાના ૧૮ કેસો નોંધાયા હતા. ઉપરાંત શરદી, ઉધરસ, ઝાડા-ઉલટી, તાવ, શરીરનો દુઃખાવો, માથાનો દુઃખાવો સહિતના રોગના મોટી સંખ્યામાં દર્દીઓ આણંદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે આવી રહ્યાં છે.

### મહોત્સવની રંગેચંગે ઉજવણી કરવા યુવા ખેલૈયાઓમાં થનગનાટ

# નવરાત્રિને લઈને ગોહિલવાડની બજારોમાં રોનક જામી, તૈયારીઓને આખરી ઓપ

(એજન્સી) ભાવનગર | તા.01




શકિતની ઉપાસનાના સૌથી મોટા મહાપર્વ નવલા નવરાત્રિ મહોત્સવ આડે હવે ગણત્રીના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે ગોહિલવાડની વિવિધ બજારોમાં આ તહેવારને અનુલક્ષીને આનુષાંગિક ચીજવસ્તુઓની અંતિમ તબકકાની ધૂમ ખરીદી નિકળી રહી છે. જેથી ભાવનગરની બજારોમાં તહેવારોની રોનક દેખાઈ રહી છે. આ સાથે સ્થાનિક પ્રાચીન અને અર્વાચીન માઈ મંદિરોમાં રંગરોગાન, સુશોભન અને શણગારના કાર્યોને આખરી ઓપ પણ આપવામાં આવી રહ્યો છે. ગુજરાતી અસ્મિતાની આગવી ઓળખ સમા નવલા નવરાત્રિ મહોત્સવ ઢુંકડો આવી પહોંચતા ગરબાના શોખીનો નવરાત્રિને લગતી ખરીદીમાં વ્યસ્ત થઈ ગયા છે. શહેરના પીરછલ્લા શેરી,એમ.જી.રોડ, વોરાબજાર, સંઘેડીયા બજાર, વિકટોરીયા પાર્ક, ગોળબજાર, શેલારશા, વાઘાવાડી રોડ અને કાળીયાબીડ સહિતના અનેક સ્થળોએ સાદાથી લઈને ડિઝાઈનર ગરબા,બાળકોથી લઈને મોટેરાઓ માટેના સાદાથી લઈને ડિઝાઈનર દાંડીયા, માતાજીના મંદિર, મઢ માટેના કુદરતી અને આર્ટીફિશ્યલ ફૂલહાર, માળા તેમજ ચૂંદડી, અગરબત્તી, ગુગળ, ધૂપ, શ્રીફળ, પ્રસાદ તેમજ ડેકોરેશનનની આઈટમ્સ સહિતની અઢળક ચીજવસ્તુઓના બજારોમાં ચોમેર ઢગલાઓ ખડકાયા છે. જયા ગરબારસિકો દ્વારા ચણીયાચોળી અને ઓકસોડાઈઝ ઘરેણાની જયારે માઈભકતો દ્વારા અન્ય જરૂરી ચીજવસ્તુઓની ધૂમ ખરીદી થઈ રહી છે. જયારે મઢ, ગરબી માટે ઈલેકટ્રોનીકસ રોશની માટે સીરીઝ સહિતની ચીજવસ્તુઓનું ધૂમ વેચાણ થઈ રહ્યુ છે. આ સાથે શહેરના ડબગરવાડમાં દેશી અને વિદેશી વાદ્યો (વાજીંત્રો)ની ખરીદી, સમારકામ સહિતના કામો માટે વાદ્યકારોની ભીડ જોવા મળી રહેલ છે. પ્રાચીન અને અર્વાચીન ગરબીના સંચાલકો અને આયોજકો તેમજ માઈમંદિરોના પુજારીઓ ઉપરાંત માઈભકતો સજાવટ, સુશોભનના કાર્યોને આખરી ઓપ આપી રહ્યા છે. તા.૩ ને ગુરૂવારથી ગોહિલવાડના શેરીઓ, મહોલ્લાઓમાં નવરાત્રિ મહોત્સવ રંગેચંગે ઉજવાશે. એક અંદાજ મુજબ ભાવનગર શહેર અને જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં નાની મોટી કુલ મળીને અંદાજે ૨૦૦ આસપાસ પ્રાચીન અને અર્વાચીન ગરબી ઉપરાંત મોટા ભાગના ધર્મસ્થાનકોના પ્રાંગણમાં દાંડીયારાસ, ગરબા ભવાઈના આયોજનને આખરી ઓપ અપાઈ રહ્યો છે. તેમજ તમામ જ્ઞાતિ, સમાજ અને સંસ્થાઓ દ્વારા પણ પરંપરાગત રીતે દાંડીયારાસના તબકકાવાર આયોજન થશે. નવરાત્રિ મહોત્સવને અનુલક્ષીને છેલ્લા દોઢેક માસથી યુવા ખેલૈયાઓ દ્વારા લહેરીયા સ્ટાઈલ, બાંધણી પ્રિન્ટ, નેટ, બનારસી, પટોળા, પ્રિન્ટના ટ્રેડિશ્નલ ચણીયાચોળી કેડીયુ, કોટી, કફની, ધોતીયુ, સાફા, મોજડી અને ઘરેણા તેમજ સુશોભીત છત્રી સહિતની અવનવી અઢળક ચીજવસ્તુઓની ધૂમ ખરીદી થઈ રહી છે.

## પીઠાઈ ગામે તસ્કરો ત્રાટક્યા 4 દુકાનોના તાળા તૂટયા

(એજન્સી) કઠલાલ | તા.01

કઠલાલના પીઠાઈ ગામે ત્રાટકેલા તસ્કરોએ ચાર દુકાનોના તાળા તોડી માલસામ, રોકડ સહિતની મત્તા ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે કઠલાલ પોલીસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ નોંધાઈ નહીં હોવાનું જાણવા મળ્યું છે.કઠલાલ તાલુકાના પીઠાઈ ગામમાં ગતરાત્રિના રોજ તસ્કરો ત્રાટકયા હતા.

અને એક સાથે ચાર જેટલી દુકાનોના તાળા તોડી માલ સામાનને રોકડ રકમ લઈ ગયા હતા. તસ્કરોએ ઈલેક્ટ્રીક દુકાન, પાનની દુકાન, ડેરી તથા એક ભંગારના પીઠા ઉપર હાથ અજમાવ્યો હતો. ઘટના સ્થળના સીસીટીવી કેમેરા પણ તસ્કરોએ તોડી નાખ્યા હતા. ત્યારે પીઠાઈ જેવા નાનકડા ગામમાં ચોરોએ એક સાથે ચાર દુકાનમાં હાથ ફેરો કરતા ગામજનો દ્વારા નાઈટ પેટ્રોલિંગ કરવામાં આવે તેવી માગણી કરી રહ્યા છે. ત્યારે હાલ સુધી કઠલાલ પોલીસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ નોંધાઈ નહીં હોવાનું જાણવા મળ્યું છે.

### એક માસમાં ડેન્ગ્યુના 30 થી વધુ કેસ

# વલભીપુરમાં રોગચાળો વકર્યો રોજીંદા 450 કેસ નોંધાવા પામ્યા

(એજન્સી) વલભીપુર | તા.01



વલભીપુર શહેરમાં રોગચાળો ફાટી નિકળ્યો હોવાનું જણાયું છે અને રોજીંદા ૩૦૦ની બદલે ૪૫૦ જેટલા કેસો નોંધાવા પામી રહ્યા છે. જ્યારે સરકારી હોસ્પિટલમાં પણ કાયમી ડોક્ટર ન હોવાના કારણે દર્દીઓ મુશ્કેલી ભોગવી રહ્યા છે. છેલ્લા એક માસમાં ૩૦ થી વધુ ડેન્ગ્યુના કેસ નોંધાયા છે. જે તમામ ભાવનગર રીફર કરવા મજબુર બને છે.

વલભીપુર શહેરમાં રોગચાળાએ માથુ ઉચક્યું છે. જેમાં ખાસ કરીને તાવ-તોડ, શરદી-ઉદરસ, ઝાડા-ઉલ્ટીના કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. સુત્રોના જણાવ્યા મુજબ સરકારી દવાખાનામાં કુલ ૪૦૦થી વધુ ઓપીડી રોજીંદી જોવામાં આવે છે. તેમજ ખાનદી દવાખાના પણ દર્દીઓથી ઉભરાઇ રહ્યા છે. જ્યારે સરકારી દવાખાનામાં દર બે-ત્રણ દિવસે ડોક્ટર બદલાતા રહેતા દર્દીને સમાન દવા મળતી નથી. નવા ડોક્ટર નવી દવા આપી જાણે પ્રયોગ કરતા હોય તેવો અહેસાસ થઇ રહ્યો છે. તો મોટાભાગના કેસો ભાવનગર રીફર કરાતા હોવાનું પણ જણાયું છે. જ્યારે છેલ્લા એક માસમાં ૩૫ જેટલા ડેન્ગ્યુ કેસ સામે આવ્યા હોવાનું પણ જણાયું છે. અને આ તમામને ભાવનગર રીફર કરાયા છે. હાલ ચોમાસાના અંતિમ ચરણમાં રોગચાળો વકર્યો છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા લોકોને નિયમિત આરોગ્ય સેવા મળી શકે તેવી વ્યવસ્થા કરવી અનિવાર્ય બની છે. આ સાથે સરકારી દવાખાનાની લેબોરેટ્રીમાં પણ રીપોર્ટ માટે કલાકે સુધી રાહ જોવી પડતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેથી આરોગ્ય કેન્દ્રને કાયમી તબીબ મળે તેવી માંગ દર્દીઓમાંથી ઉઠવા પામી છે. તો બીજી તરફ પાણીજન્ય આ રોગચાળો વધુ ફેલાતા અટકાવવા નગરપાલિકાના સત્તાધિશો પણ પોતાની નિંદ્રામાંથી જાગી નક્કર પગલા લેવા અનિવાર્ય બન્યા છે. એક તરફ રાજ્યભરમાં સ્વચ્છતા અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે વલભીપુર શહેરમાં દવા છંટકાવ સહિતની કામગીરી કરવી ઘટે છે. અને જો નગરપાલિકા દ્વારા ત્વિરીત સ્વચ્છતા કામગીરી હાથ નહી ધરાય તો આગામી દિવસોમાં આ રોગચાળો વધુ વકરવાની સંભાવના છે. જે અંગે સ્થાનિક રાજકીય આગેવાનો એ પણ આળસ ખંખેરવી જરૂરી બની છે.



## ઠાસરાના સૈયાત ગામમાં જર્જરિત આરોગ્ય કેન્દ્રથી લોકોને હાલાકી

(એજન્સી) ઠાસરા | તા.01

ઠાસરા તાલુકાના ચેતરસુંબા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું પેટા કેન્દ્ર સૈયાત ગામે આવેલું છે. જે ઘણા સમયથી જર્જરિત બનતા છત ઉપરથી પોપડા ખરે છે. ત્યારે સાજા થવા આવતા દર્દીઓને ઈજા થવાનો ભય રહ્યા કરે છે. અહીં આરોગ્ય કર્મચારીઓ પણ ભય વચ્ચે કામ કરવા મજબૂર બન્યા છે. જેથી સત્વરે સૈયાત ગામના આરોગ્ય પેટા કેન્દ્રનું મકાન નવું બનાવાય તેવી માંગણી ઉઠી છે. ઠાસરા તાલુકાના છેવાડાના સૈયાત ગામની વસ્તી અત્યારે આશરે ૬૦૦૦ની આસપાસ છે. જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના પેટા કેન્દ્રનું મકાન ૩૫ વર્ષ જૂનું હોવાથી જર્જરિત બન્યું છે. મકાનમાં મોટી તિરાડો પડી ગઈ છે. બારી- બારણાં પણ તૂટી ગયા છે. ચોમાસામાં પાણી ટપકવાના લીધે આરોગ્યના સાધનો, દવાઓ, સ્ટેશનરી પણ પલળી જાય છે. છત પરથી આરસીસીના પોપડા દર્દીઓ સારવાર લે છે તે પલંગ પર પડતા જાનહાનિનો ખતરો રહેલો છે. ભારે વરસાદમાં દર્દીઓની સારવાર કરવાના બદલે કર્મચારીઓ ફ્લોર પર ભરાયેલા પાણી ઉલેચવા મજબૂર બને છે.



## બાલાસિનોરના જેઠોલી ગ્રામ પંચાયતમાં પાકો રોડ જ નથી

(એજન્સી) બાલાસિનોર | તા.01

બાલાસિનોર તાલુકાના જેઠોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા પાંચ પરા વિસ્તારમાં આજદિન સુધી પાકો રોડ જ બન્યો નથી. સ્થાનિક કક્ષાએ વારંવાર રજૂઆત છતાં પરિણામ નહીં મળતા આખરે આ અંગે મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ છે. જો સત્વરે કાર્યવાહી નહીં કરાય તો આંદોલનની ચિમકી પણ સ્થાનિકોએ ઉચ્ચારી છે. બાલાસિનોર તાલુકામાં આવેલી જેઠોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં પાંચ પરા વિસ્તાર સહિત જેઠોલી ગ્રામપંચાયતમાં અંદાજિત દસ હજારની વસતી છે. ત્યારે અહીં પાકો માર્ગ જ નથી. ગામમાં આવેલા પરા વિસ્તાર પૈકી લવારીયા અને વાવલી જે બંને પરા વિસ્તારોમાં પાંચ હજારથી વધુ લોકો વસવાટ કરી રહ્યા છે. જયારે આ બંને પરા વિસ્તારના રહેવાસીઓને આ જેઠોલી ગામ અને તાલુકા મથક સહિતના અન્ય ગામો ચોમાસાંની તુમાં અનેક વખતે પાણી આવવાથી સંપર્ક વિહોણા પણ બન્યા છે. ત્યારે આ વિસ્તરામાં ૧૦૮ સહીત પશુ દવા કરવા આવતી ગાડીઓ પણ પ્રવેશી શકતી નથી.



## કપડવંજમાં પાંજરાપોળને 27 લાખ ફાળવવા છતાં રખડતા ઢોરનો ત્રાસ

(એજન્સી) નડિયાદ | તા.01

કપડવંજ નગરપાલિકા હદ વિસ્તારમાં રખડતા ઢોરો પર અંકુશ મેળવવામાં તંત્ર સાવ નિષ્ફળ રહ્યું છે. ત્રણેક દિવસ પહેલા યોજાયેલા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરે પણ આ અંગે ટકોર કરી હતી અને રખડતા ઢોરોને સાચવવા દર ત્રણ મહિને ૨૭ લાખ રૂપિયા પાંજરાપોળને અપાતા હોવાનું જણાવ્યું હતું. ત્યારે આટલી માતબર રકમ મળતી હોવા છતાં નગરપાલિકા દ્વારા ચોક્કસ આયોજનના અભાવે રખડતા ઢોર રસ્તા પર અડ્ડો જમાવી રહ્યા છે.કપડવંજમાં તાજેતરમાં યોજાયેલા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં તાલુકાના જુદા-જુદા વિભાગોના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. ત્યારે શહેરમાં રખડતા ઢોર પર અંકુશ લાવવા પર જિલ્લા કલેક્ટરે ભાર મૂક્યો હતો. દર ત્રણ મહિને કપડવંજમાં રખડતા ઢોર સાચવવા માટે ૨૭ લાખ રૂપિયાની ગ્રાંટ ફાળવવામાં આવે છે, જેમાં રખડતા ઢોરોને સાચવવાનો સમાવેશ કરાય છે, જેથી આ દિશામાં કામ કરવા માટે નગરપાલિકાને સૂચન કરાયું હતું.



## ઓવરલોડ ડમ્પર મુદ્દે જેસાપુરા, મીઠાપુરાના ગ્રામજનોની જનતા રેડ

(એજન્સી) ડાકોર | તા.01

ઠાસરા તાલુકાના જેસાપુરા અને મીઠાપુરા ગામમાંથી પસાર થતાં ઓવરલોડ ડમ્પરોના કારણે ગ્રામજનોમાં અકસ્માતનો ભય છે. આ અંગે તંત્રને રજૂઆત કરવા છતાં કાર્યવાહી કરવામાં આવતી ન હોવાના આક્ષેપો ગ્રામજનોએ લગાવ્યા હતા. જેથી રોષે ભરાયેલા ગ્રામજનોએ જનતા રેડ કરી રેતી ભરેલા ઓવરલોડ ડમ્પરને ઝડપી પાડી ખાણ-ખનીજ વિભાગને જાણ કરી હતી. તંત્રએ રૂ. ૨૫ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેસાપુરા અને મીઠાપુરા ગામમાંથી દરરોજ અનેક ઓવરલોડ વાહનો પસાર થાય છે. જેને કારણે રસ્તાઓ બિસ્માર બન્યા છે. તેમજ ગામમાંથી ઓવરલોડ વાહનો પસાર થતાં હોવાથી બંને ગામના લોકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. છેલ્લા પંદર દિવસથી જેસાપુરા અને મીઠાપુરામાં રેતી ભરેલા ઓવરલોડ ડમ્પરો પસાર થતાં હોવાથી ડમ્પરોને ગામમાં પ્રવેશવા પર પ્રતિબંધ લગાવવા ગ્રામજનોએ માંગ કરી હતી.

### માર્ગ-મકાન વિભાગે અલ્ટિમેટમ મુજબ શરૂ કરી કાર્યવાહી

# રાણપુરમાં શહેર મધ્યે દબાણ હટાવ ઝૂંબેશ શરૂ, પ્રથમ દિવસે 90 દબાણોનો સફાયો

(એજન્સી) ભાવનગર | તા.01

સરકારી પડતર જમીનો સહિત આડેધડ ખડકાયેલાં દબાણો હટાવવા સામે સ્થાનિક જવાબદાર તંત્ર સક્રિય થયું છે. રાજ્યના માર્ગ અને મકાન વિભાગે બે દિવસ પૂર્વે બોટાદ જિલ્લાના રાણપુરમાં આડેધડ ખડકાયેલાં દબાણો હટાવવા દબાણકર્તાઓને અલ્ટિમેટમ આપ્યું હતું. જેના ભાગરૂપે આજ સવારથી જ શહેરમાં દબાણ હટાવ ઝૂંબેશ આદરી હતી. અને પ્રથમ દિવસે ૯૦ દબાણો હટાવ્યા હતા.

રાજ્યના માર્ગ અને મકાન વિભાગે આજે સવારથી જ રાણપુર શહેરમાં ખડકાયેલાં કાચા-પાકા દબાણો હટાવવા ઝૂંબેશ આદરી હતી. જેમાં આજે સવારથી જ પૂર્વ નિયોજિત જાહેરાત અનુસાર રાણપુરના મુખ્ય માર્ગ પર પોલીસ સ્ટેશનથી તાલુકા પંચાયત કચેરી સુધીના રસ્તા વચ્ચેના દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે,ટ્રાફિકની મોટી સમસ્યા સર્જાતી હોવાથી રાજ્યના માર્ગ અને મકાન વિભાગની સૂચનના પગલે રાણપુર નગરપાલિકાએ દબાણકારોને અનેક વાર નોટિસ આપી હતી. પરંતુ તેમ છતા દબાણકારો દ્વારા દબાણ દૂર ન કરવામાં આવ્યા ન હતા.વારંવારના અલ્ટિમેટમ છતાં દબાણો યથાવત રહેતાં આજે માર્ગ અને મકાન વિભાગે મુખ્ય માર્ગ પર આવેલા આશરે ૯૦ જેટલા અનઅધિકૃત દબાણોને દૂર કર્યા હતા.આ વેલાએ બરવાળાના પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ રાણપુરના મામલતદાર, રાણપુરનો પોલીસ કાફલો તેમજ અન્ય વિભાગના કર્મચારીઓ અને તેમની ટીમ જોડાઈ હતી.

### કોઝ-વેમાં બસ ફસાયાની ઘટના બાદ કોઝ-વે પર બસ ફસાઈ જવાની વધુ એક ઘટના બની

# ખાંભડા ગામે 14 વિદ્યાર્થીઓ ભરેલી બસ ફસાઈ, ગ્રામજનોએ ટ્રેકટરથી ખેંચી બહાર કાઢી

(એજન્સી) બોટાદ | તા.01



ભાવનગરના કોળિયાક નજીકના કોઝ-વેમાં બસ ફસાવાની ઘટના હજુ તાજી જ છે, તેવામાં આજે બોટાદના ખાંભડા ગામે ઉતાવળી નદીના કોઝ-વે પરથી ધસમસતાં પાણીના પ્રવાહમાં તરઘરાની શાળાના ૧૪ વિદ્યાર્થીઓ ભરેલી બસ ફસાતાં દોડધામ મચી હતી. પોલીસ અને સ્થાનિક હોમગાર્ડ દ્વારા ના પાડવા છતાં ડ્રાઈવરે બસ પાણીમાં ઉતારતાં આખરે સ્થાનિક ગ્રામજનોએ ટ્રેકટર વડે બસને હેમખેમ બહાર ખેંચી લેતાં વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનોએ રાહત અનુભવી હતી.જો કે, ગ્રામજનોની સતર્કતાથી મોટી દૂર્ઘટના બનતાં અટકી હતી. ગોહિલવાડ પંથકમાં અવિરત પડી રહેલાં વરસાદના કારણે નદી-નાળાં છલકાઈ રહ્યા છે. તો, ઉપરવાસમાં પડી રહેલાં વરસાદના પગલે કોઝ-વે પર પાણીના ધસમસતાં વ્હેણના કારણે વાહન વ્યવહાર સ્થગિત કરવો પડે છે.તાજેતરમાં જ કોળિયાક નજીક કોઝ-વેના ધસમસતાં પ્રવાહમાં તામિલનાડુના યાત્રાળુંઓ ભરેલી બસ ફસાઈ જતાં સતત આઠ કલાકના દિલધડક ઓપરેશનના અંતે યાત્રાળુંઓ સહિત બસને હેમખેમ બહાર કાઢવામાં આવી હતી.આ ઘટનાને લઈ ભાવનગર જિલ્લા વહીવટી તંત્રએ તમામ કોઝ-વે પર તાકીદની અસરથી તકેદારી રાખી વૉચ ગોઠવી હતી. જેના પગલે ગત રવિવારના રોજ વલ્લભીપુર નજીક ચમારડી પાસેને કોઝ-વે પર પાણી ફરી વળતાં પોલીસ અને પ્રશાશને તાકિદની અસરથી તેના પરનો વાહન વ્યવહાર બંધ કરી દિધો હતો. અને પાણી ઓસર્યા બાદ કોઝ-વે ખોલી વાહન વ્યવહાર પૂર્વવત કર્યો હતો. આ જ રીતે બોટાદ જિલ્લામાં પણ સ્થાનિક પ્રશાસને તકેદારી રાખતાં આજે મોટી દૂર્ઘટના બનતાં અટકી હતી. જેમાં બોટાદ તાલુકાના બોટાદ તાલુકાના તરઘરા ગામની જ્ઞાનમંદિર વિદ્યાપીઠની સ્કૂલ બસ આજે સવારના સુમારે બરવાળા તાલુકાના ખાંભડા ગામેથી પસાર થતી ઉતાવળી નદી પરના કોઝ-વેમાં પાણીના પ્રવાહમાં ફસાઈ હતી. જો કે, ઉપરવાસમાંથી પાણી છોડવાની સંભાવના,નદીના પ્રવાહ અને વરસાદના પગલે તકેદારીના ભાગરૂપે બરવાળા મામલતદારે ગતરાત્રિથી પોલીસ અને હોમગાર્ડને આ સ્થળે રાઉન્ડ ધ કલૉક ફરજ બજાવવા સૂચના આપી હતી.




## કપડવંજમાં હોમગાર્ડના 2 પોલીસ કર્મીઓ 1500 ની લાંચ લેતા ઝડપાયા


(એજન્સી) નડિયાદ | તા.01

કપડવંજમાં બે હોમગાર્ડ કર્મચારીઓ ૧૫૦૦ રૂપિયાની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઈ ગયા છે. હોમગાર્ડ સભ્યોને ફરજ સોંપવાની કામગીરી કરતા આ બંને પોલીસ કર્મીઓએ હોમગાર્ડ સભ્ય પાસે ૨૦૦૦ની લાંચની માંગણી કર્યા બાદ ૧૫૦૦માં વ્યવહાર નક્કી થયો હતો. બાદમાં એસીબીએ છટકું ગોઠવી બંનેને પકડી લઈ ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.


કપડવંજ યુનિટમાં હોમગાર્ડ પ્લાન્ટુન સર્જન તથા ઈન્ચાર્જ ઓફિસર તરીકે મનીષકુમાર જયંતીભાઈ ઝાલા ફરજ બજાવે છે તેમજ હોમગાર્ડ પ્લાન્ટુન ચાર્જર તરીકે નરેન્દ્રકુમાર રવજીભાઈ ઝાલા ફરજ બજાવે છે.

## આપનો આજનો દિવસ


**મેષ (અ,લ,ઇ)**
આજનો દિવસ વિશેષ યોગદાન આપી રહ્યો છે અને નિષ્ણાતની સલાહ તમારા માટે ઉપયોગી સાબિત થશે. ક્ષેત્રમાં તમારા કામ દરેકને અસર કરશે અને ખ્યાતિ પણ વધશે.


**વૃષભ (બ,વ,ઉ)**
વિદેશમાં વસતા પરિવાર તરફથી તમને સારા સમાચાર મળશે. સારા લગ્ન પ્રસ્તાવ મળશે. ક્ષેત્રમાં પ્રગતિ થશે અને અચાનક પૈસાથી લાભ થશે.



**મિથુન (ક,છ,ઘ)**
કોઈ ખાસ પ્રસંગની વ્યવસ્થા કરવામાં પસાર થશે. ક્ષેત્રમાં રચનાત્મક પરિવર્તન તમારી કાર્યકારી શૈલીમાં સુધારો લાવશે અને તમારા સૂચનોને પણ ટેકો મળશે.


**કર્ક (ડ,હ)**
આકસ્મિક ધન લાભના યોગ બની રહ્યા છે અને પિતૃ સંપત્તિથી સંપત્તિ પ્રાપ્ત થવાના સંકેત મળશે. તમે પરિવારની સમસ્યાઓ તમારા પોતાના પર હલ કરવાનો પ્રયાસ કરશો.



**સિંહ (મ,ટ)**
બાળકોની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે અને પારિવારિક વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે. વ્યવસાયમાં ભાગીદારો બનશે. ભવિષ્યને મજબૂત બનાવવા માટે કાર્ય કરશો.



**કન્યા (પ,ઠ,ણ)**
પરિવારના નાના સભ્યો સાથે સમય વિતાવવાથી માનસિક શાંતિ મળશે. સામાજિક કાર્યોમાં ફાળો ઓછો રહેશે તેમ છતાં આદર રહેશે.



**તુલા (ર,ત)**
તમારે કાનૂની બાબતોમાં સફળતા માટે થોડો સમય રાહ જોવી પડી શકે છે. બાળકોની પ્રગતિ સાથે તમને શ્રેષ્ઠ સંપત્તિ પ્રાપ્ત થશે અને તમને સમર્થન પણ મળશે.


**વૃશ્ચિક (ન,ય)**
વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સાથે સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડશે અને નવી તકો મળશે.


**ધન (ભ,ધ,ફ)**
વ્યવસાયિક સ્થાનાંતરિત કરવાનો તમારો વિચાર સારો સાબિત થશે. નજીકના સહયોગી પ્રત્યે સાચી નિષ્ઠા રાખીને તમે લોકોનું હૃદય જીતી શકો છો.


**મકર (ખ,જ)**
પરિવર્તન માટે સમય યોગ્ય નથી. શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે આ સમય કેટલાક અવરોધો સાથે આવી શકે છે. લોન લેતા પહેલા પરિવાર સાથે સલાહ લો.


**કુંભ (ગ,શ,સ)**
ધંધાકીય બાબતોમાં આવતી અડચણો દૂર થશે અને સામાજિક ક્ષેત્રે તમારું માન વધશે. ઘરેલુ સ્તરે મંગલ કાર્યોનું આયોજન થઈ શકે છે.


**મીન (દ,ચ,ઝ,થ)**
રાજકારણથી સંબંધિત લોકોના પ્રભાવના ક્ષેત્રમાં વિકાસ થશે અને નવા કાર્યની રૂપરેખા પણ તૈયાર કરશો. નજીકના મિત્રની સલાહ અને ટેકોથી તમે તમારી ખરાબ બાબતોને સુધારી શકો છો.

# ચીનના અર્થતંત્રમાં ભયાનક મંદીના અણસાર, US સહિત સમગ્ર વિશ્વ પર અસર પડવાની શક્યતા

(એજન્સી) બેઈજિંગ તા 01

વિશ્વનું બીજું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતા દેશ ચીનમાં બધુ ઠીક નથી. દેશમાં 2008 જેવી મંદીના લક્ષણ જોવા મળી રહ્યા છે. છેલ્લા બે દિવસમાં ચીને અર્થતંત્રને ગતિ આપવા માટે વર્ષ 2020ના લૉકડાઉનની માફક સ્ટીમ્યૂલસની જાહેરાત કરી છે. દેશનું રિયલ એસ્ટેટ ઈન્ડેક્સ બે વર્ષમાં 82% ઘટ્યું છે. દેશમાં 1999 બાદ સૌથી મોટું ડિફ્લેશન ચાલી રહ્યું છે. બેરોજગારીનો દર અનેક દાયકાના ઉચ્ચત્તમ સ્તરે પહોંચ્યો છે. અમેરિકાની સાથે તણાવ ચરમસીમાએ છે અને શેરમાર્કેટની સ્થિતિ દિવસે દિવસે બગડી રહી છે. અહીં સવાલ એ છે કે ચીન વૈશ્વિક અર્થતંત્રને મંદીની તરફ લઈ જઈ રહ્યું છે?



ચીનના અર્થતંત્રમાં સૌથી મોટી સમસ્યા રિયલ એસ્ટેટની છે. દેશના અર્થતંત્રમાં તેનો અંદાજે એક તૃતીયાંશ હિસ્સો છે પરંતુ છેલ્લા અનેક વર્ષોથી આ સંકટ મોટા સંકટ સામે ઝઝુમી રહ્યું છે. તેની શરૂઆત વર્ષ 2021માં એ સમયે થઈ હતી જ્યારે દેશની સૌથી મોટી રિયલ એસ્ટેટ કંપનીઓમાંથી એક એવરગ્રેંડ ડૂબી ગઈ હતી. જેને કારણે છેલ્લા બે વર્ષમાં દેશનો રિયલ એસ્ટેટ ઈન્ડેક્સ 82% ઘટીને 2008ના સ્તરે પહોંચી ચૂક્યો છે. રિયલ એસ્ટેટ સેક્ટર ડૂબવાથી બેન્કિંગ સેક્ટર પર પણ ખતરો મંડરાઈ રહ્યો છે. તેનું કારણ એ છે કે ચીનની બેન્કોએ રિયલ એસ્ટેટ સેક્ટરમાં મોટા પાયે રોકાણ કર્યું છે.

ચીનમાં 1999 બાદ સૌથી લાંબુ ડિફ્લેશન ચાલી રહ્યું છે. 2008માં દેશમાં સતત પાંચ ક્વાર્ટર સુધી ડિફ્લેશનની સ્થિતિ રહી હતી પરંતુ આ વખતે તે તેનાથી પણ આગળ નીકળી ગયું છે. સમગ્ર વિશ્વ મોંઘવારીથી ત્રસ્ત છે પરંતુ ચીનમાં ઉલટી ગંગા વહી રહી છે. ડિફ્લેશનને ઈન્ફ્લેશન કરતાં પણ ખરાબ માનવામાં આવે છે. તેમાં વસ્તુઓની કિંમતમાં ઘટાડો થાય છે. સામાન્યપણે તે અર્થતંત્રમાં મૂડીની સપ્લાય અને ક્રેડિટમાં ઘટાડાથી જોડાયેલી હોય છે. તે અર્થતંત્ર માટે સારા સંકેત નથી. જો તમને અગાઉથી જ ખબર છે કે કાલે વસ્તુઓની કિંમત ઘટવાની છે તો પછી તમે આજે કેમ ખરીદી કરશો? આ રીતે અર્થતંત્ર અટકી જાય છે.

ચીનમાં બેરોજગારી અનેક દાયકાની ચરમસીમાએ છે. ઉત્પાદન પણ મર્યાદિત છે અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં મંદીથી બાંધકામ ગતિવિધિ પણ ઠપ છે. ગ્રાહકોની માંગ પણ નબળી છે. ચીનના ગ્રાહકો દેશમાં મંદી હોય તે રીતે વ્યવહાર કરી રહ્યા છે.

# સ્મોલ સેવિંગ સ્કીમના વ્યાજ દરમાં સુધારો કરશે સરકાર

(એજન્સી) નવી દિલ્હી તા 01

નાણા મંત્રાલયે આજે (સોમવાર, 30 સપ્ટેમ્બર) ત્રીજા ક્વાર્ટર (ઓક્ટોબર-ડિસેમ્બર) માટે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF), નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC) અને કિસાન વિકાસ પત્ર (KVP) સહિત તમામ નાની બચત યોજનાઓ પર વ્યાજની જાહેરાત કરી છે. વર્તમાન નાણાકીય વર્ષ દરમાં સુધારો કરશે. ઘણા નિષ્ણાતો માને છે કે વ્યાજ દર પ્રથમ બે ત્રિમાસિક (એપ્રિલ-જૂન અને જુલાઈ-સપ્ટેમ્બર)ની જેમ યથાવત રહેશે.

પબ્લિક પ્રોવિડન્ટ ફંડ પર 7.1% વ્યાજ દર ઉપલબ્ધ છે હાલમાં પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) પર વ્યાજ દર 7.1% છે અને સુકન્યા સમૃદ્ધિ યોજના 8.2% છે. સરકાર નાની બચત યોજનાઓના વ્યાજ દર પર નિર્ણય લેતા પહેલા દેશની તરલતાની સ્થિતિ અને ફુગાવા પર પણ નજર રાખે છે.

જોકે, PPF દર ત્રણ મહિને NSC અને KVP સહિત નાની બચત યોજનાઓ પરના વ્યાજ દરોની સમીક્ષા કરે છે. નાની બચત યોજનાઓ પર વ્યાજ દર 4% થી 8.2% ની વચ્ચે છે. સરકારે અગાઉ ડિસેમ્બર 2023માં વ્યાજદરમાં વધારો કર્યો હતો. દર ક્વાર્ટરમાં વ્યાજ દરોની સમીક્ષા કરવામાં આવે છે નાની બચત યોજનાના વ્યાજ દરોની દર ત્રિમાસિક ગાળામાં સમીક્ષા કરવામાં આવે છે. તેમના વ્યાજ દરો નક્કી કરવાની ફોર્મ્યુલા શ્યામલા ગોપીનાથ સમિતિ દ્વારા આપવામાં આવી હતી. સમિતિએ સૂચન કર્યું હતું કે આ યોજનાઓના વ્યાજ દર સમાન પરિપક્વતાના સરકારી બોન્ડની ઉપજ કરતાં 0.25-1.00% વધુ હોવા જોઈએ. નાની બચત યોજના ભારતમાં ઘરગથ્થુ બચતનો મુખ્ય સ્ત્રોત છે અને તેમાં 12 સાધનોનો સમાવેશ થાય છે. આ યોજનાઓમાં, થાપણદારોને તેમના નાણાં પર નિશ્ચિત વ્યાજ મળે છે. તમામ નાની બચત યોજનાઓમાંથી કલેક્શન નેશનલ સ્મોલ સેવિંગ્સ ફંડ (NSSF)માં જમા કરવામાં આવે છે. નાની બચત યોજનાઓ સરકારી ખાધને ધિરાણ કરવાના સ્ત્રોત તરીકે ઉભરી આવી છે. પોસ્ટલ ડિપોઝિટ: સેવિંગ એકાઉન્ટ, રિકરિંગ ડિપોઝિટ, ટાઈમ ડિપોઝિટ અને પ્રમાણપત્ર: નેશનલ સ્મોલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC) અને કિસાન વિકાસ પત્ર (KVP).

## NEWS BRIEF

### વર્લ્ડ ઈકોનોમિક ફોરમની જાહેરાત, અદાણી વૈશ્વિક ડીકાર્બોનાઈઝેશનમાં મુખ્ય ભૂમિકા ભજવશે

અદાણી મુન્દ્રા ક્લસ્ટરની રચના કરતા વર્લ્ડ ઈકોનોમિક ફોરમની 'ટ્રાન્ઝીશનિંગ ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સ' ની પહેલમાં અદાણી પોર્ટફોલિયોની કંપનીઓ ત્રણ અદાણી એન્ટરપ્રાઈઝ લિ.(AEL) (તેની પેટા કંપની અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિ. મારફત), અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (APSEZ) અને અંબુજા સિમેન્ટ્સ લિ. જોડાઈ છે. 2050 સુધીમાં આર્થિક વિકાસને આગળ વધારવા, રોજગારીઓનું નિર્માણ કરવા અને શરુઆતથી જ આસપાસના સ્થળે સ્થપાયેલી કંપનીઓના ડીકાર્બોનાઈઝેશન કરવા માટેના વિઝન સાથે સહયોગ વધારવાનો આ પહેલનો હેતુ છે. મુન્દ્રા ખાતે 1993માં એક સમૃદ્ધ બંદર વ્યવસાય તરીકે આરંભ થયો ત્યારથી આ બંદર-અગ્રણી ઔદ્યોગિક ક્લસ્ટર તરીકે વિકસિત થયું છે. આજે ભારતના અવ્વલ નંબરના સૌથી મોટા બંદર તરીકે ઓળખાતું મુન્દ્રા વિવિધ ક્ષેત્રોની કંપનીઓ માટે એક ગતિશીલ હબ બની ઉભર્યું છે, જેમાં અદ્યતન સોલાર મોડ્યુલ અને વિન્ડ ટર્બાઈનના ઉત્પાદનથી લઈને પડકારરૂપ-થી-ડીકાર્બોનાઈઝ સિમેન્ટ ઉત્પાદન સુધીના પ્રકલ્પોનો વૈશ્વિક સ્તરે સૌથી ઓછી ઉત્સર્જન-તીવ્રતા ધરાવતી સિમેન્ટ ઉત્પાદન સુવિધા બનવાના ધ્યેયને ચરિતાર્થ કરવા સાથે 2050 સુધીમાં નેટ-ઝીરો હાંસલ કરવાના કંપનીના લક્ષ્યને જોડે છે.

### સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે એનર્જી એફિશિયન્સી માટે જીત્યો પ્લેટિનમ એવોર્ડ

વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝીસની પેટાકંપની અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ, અમદાવાદ(SVPIA)ને એરપોર્ટ સેક્ટરમાં પ્રતિષ્ઠિત પ્લેટિનમ એવોર્ડ એનાયત થયો છે. 26 સપ્ટેમ્બરે નવી દિલ્હી ખાતે આયોજીત સોસાયટી ઓફ એનર્જી એન્જિનિયર્સ એન્ડ મેનેજર્સ (SEEM) એવોર્ડ્સ કેટેગરીમાં આ સન્માન પ્રાપ્ત થયું છે.

અમદાવાદ એરપોર્ટને આ પુરસ્કાર અનેક ટકાઉ અને ઉર્જા-કાર્યક્ષમ પહેલો માટે મળ્યો છે. જેમાં ઓછા ઉર્જા વપરાશ સાથે અત્યંત કાર્યક્ષમ સેન્ટ્રીફ્યુગલ ચિલરની સ્થાપના જેવી વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે. SVPI એરપોર્ટની પહેલોના પરિણામે 30% ઊર્જા બચત થાય છે. લાઈટિંગ અને ઓછા વીજ વપરાશને નિયંત્રિત કરવા માટે ઓફિસોમાં 50 થી વધુ સેન્સર સ્થાપિત કરવામાં આવ્યા છે. બેલ્ટ-સંચાલિત ફેન્સના સ્થાને ઉર્જા કાર્યક્ષમ ફેન્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, હીટિંગ, વેન્ટિલેશન અને એર કન્ડીશનીંગ (HVAC) સિસ્ટમમાં ઊર્જા વપરાશમાં 25% હતા. જેના કારણે અંદાજે વાર્ષિક 5,000 લિટર ડીઝલની બચત અને ગ્રીનહાઉસ ઉત્સર્જનમાં ઘટાડો થયો હતો.

### 4G કે 5G? કઈ સર્વિસ તમારા વિસ્તારમાં બેસ્ટ, જણાવશે ટેલિકોમ કંપનીઓ

દર મહિને વિવિધ સેક્ટરમાં નિયમો બદલાય છે. ત્યારે પીપીએફ ખાતાની વાત હોય કે પછી બેંકના કોઈ નિયમની. ત્યારે હવે 1 ઑક્ટોબરના રોજ ટેલિકોમ સેક્ટરમાં કેટલાક ફેરફારો થવા જોઈ રહ્યા છે..આ ફેરફારથી ગ્રાહકોને લાભ થશે અને કંપનીઓને ગુણવત્તા સુધારવાની તક મળશે. આ નિયમની વાત કરીએ તો ગ્રાહકો માટે તેમના વિસ્તારમાં કઈ મોબાઈલ સેવા - 2G, 3G, 4G કે 5G ઉપલબ્ધ છે તે જાણવું સરળ બનશે.


ટેલિકોમ કંપનીઓ માટે નવો નિયમ

1 ઓક્ટોબરથી ટેલિકોમ કંપનીઓ માટે નવો નિયમ આવી રહ્યો છે. જે મુજબ તેઓએ ફરજિયાત માહિતી શેર કરવી પડશે કે જેમાં લખેલુ હશે કે કયા વિસ્તારમાં કયુ નેટવર્ક ઉપલબ્ધ છે. જેમ કે 2G, 3G, 4G કે 5G. આ બાબતે કંપનીએ તેની વેબસાઈટ્સ પર માહિતી દર્શાવવી પડશે. જેથી ગ્રાહકો તેમની જરૂરિયાતો અનુસાર યોગ્ય સેવા પસંદ કરી શકે. ઘણી વખત એક જ કંપની શહેરમાં 5G સેવા પ્રદાન કરી શકે છે તો નાના શહેરમાં તે 2જી સેવા જ આપી રહી હશે. ટેલિકોમ કંપનીઓ હવે અનિવાર્ય રૂપથી પોતાની સેવાની ગુણવત્તાથી જોડાયેલા કેટલાક માનાંકોની જાણકારી પોતાની વેબસાઈટ પર આપશે. હાલ ટેલિકોમ કંપનીઓની તરફથી સાર્વજનિક રૂપથી આવી કોઈ જાણકારી આપવામાં આવતી નથી.

# ભારતમાં ઓનલાઈન મોટર-સાઈકલની ખરીદી વધારવા ફ્લિપકાર્ટ સાથે ભાગીદારી કરતું જાવા યેઝદી મોટરસાઈકલ્સ

(એજન્સી) । પુણે તા. 01

જાવા યેઝદી મોટરસાઈકલ્સે ભારતમાં પ્રીમિયમ મોટરસાઈકલ માર્કેટમાં એક મહત્ત્વનું પગલું ભરતાં ફ્લિપકાર્ટ સાથે ભાગીદારીની જાહેરાત કરી છે. જાવા યેઝદીને આ ભાગીદારીના કારણે ફ્લિપકાર્ટના ઈ-કોમર્સ ઉપર પોતાની પ્રોડક્ટ ઓફર કરવાની સરળતા થશે અને આવી પ્રોડક્ટ ઓફર કરનારી પ્રથમ પ્રીમિયમ મોટર સાઈકલ ઉત્પાદન કંપની તે બની રહેશે. તેનો હેતુ સમગ્ર દેશમાં હાઈ-એન્ડ મોટરસાઈકલ સુધીની ખરીદી-પહોંચને સુધારવાનો છે. આ સહયોગ (ભાગીદારી) જાવા યેઝદી




મોટરસાઈકલની ડિજિટલ સ્ટ્રેટેજીનો એક ભાગ રહેશે, જે ગ્રાહકના અનુભવને વધારે સારો બનાવશે તથા તેની પ્રીમિયમ મોટરસાઈકલ રૅન્જની સુલભતા વધારી શકશે. 500 મિલિયનથી વધારે વપરાશકારો સાથે ફ્લિપકાર્ટના પ્લેટફોર્મનો ઉપયોગ કરીને જાવા યેઝદી મોટરસાઈકલ વિશાળ સંખ્યામાં રહેલા પ્રેક્ષકો (ગ્રાહકો) સુધી પહોંચશે, જેનાથી ભારતના વિવિધ ભાગોમાં મોટરસાઈકલના ઉત્સાહી ગ્રાહકોને તેમની પ્રદર્શનમાં ઉત્તમ બાઈકની શોધ, પસંદગી તથા સરખામણીની તક પૂરી પાડશે. ભાગીદારી અંગે બોલતાં ક્લાસિક લીજેન્ડ્સના સીઈઓ આશિષ સિંઘ જોશીએ જણાવ્યું હતું કે, “ફ્લિપકાર્ટ સાથેનો અમારો સહયોગ પ્રીમિયમ મોટરસાઈકલ સેગ્મેન્ટમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. ફ્લિપકાર્ટના પ્લેટફોર્મ પર જાવા અને યેઝદી મોટરસાઈકલ લાવીને અમે સમગ્ર ભારતભરમાં ઉત્સાહી ગ્રાહકો-વપરાશકારો માટે શોધ અને ખરીદીનો અનુભવ વધારી રહ્યા છીએ. આ ભાગીદારી ગ્રાહકોને અમારી સમગ્ર શ્રેણીની શોધખોળ કરવા, મોડલોની સરખામણી કરવા અને અમારા બાઈકના વિશિષ્ટ વારસા તથા પ્રદર્શનને સમજવાની સરળતા કરી આપશે. આ બધું તેમના ઘરમાં આરામપૂર્વક કરી શકાશે. અમે માત્ર ઓનલાઈન મોટરસાઈકલ જ નથી વેચતા બલકે અમે જાવા અને યેઝદી જીવનશૈલી માટે એક દરવાજો ઊભો કરી રહ્યા છીએ.

# સેન્સેક્સ 33 પોઈન્ટ ઘટીને 84,266 પર બંધ થયો : નિફ્ટી પણ 15 પોઈન્ટ ઘટ્યો

(એજન્સી) મુંબઈ । તા. 01

આજે 1 ઓક્ટોબરે મહિનાના પ્રથમ ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ 33 પોઈન્ટ ઘટીને 84,266ના સ્તરે બંધ થયો હતો. તે જ સમયે, નિફ્ટી પણ 15 પોઈન્ટ ઘટીને 25,796ના સ્તર પર બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 16 ઘટ્યા અને 14 વધ્યા. નિફ્ટીના 50 શેરોમાંથી 29 ઘટ્યા અને 21 વધ્યા. NSEના ઓઈલ અને ગેસ સેક્ટરમાં 0.67%નો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે.

રિલાયન્સ, HDFC બેંક, હિન્દુસ્તાન યુનિલિવર અને લાર્સન એન્ડ ટુબ્રોએ બજારને સૌથી વધુ નીચે ખેંચ્યું. જ્યારે ઈન્ફોસિસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને આઈસીઆઈસીઆઈ બેંકે બજારને ઊંચુ ખેંચ્યું હતું. એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કેઈ 1.93% અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 2.43% વધ્યો. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 8.06% વધ્યો. 30 સપ્ટેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.04% વધીને 42,330 પર અને Nasdaq 0.38% વધીને 18,189 પર બંધ થયો હતો. S&P 500 પણ 0.42% વધીને 5,762 પર છે. NSEના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો (FII)એ 30 સપ્ટેમ્બરે રૂ. 9,791 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન સ્થાનિક રોકાણકારો (DII)એ રૂ. 6,645 કરોડના શેર ખરીદ્યા હતા.

NSE અને BSE એ રોકડ અને ફ્યુચર્સ અને ઓપ્શન્સ ટ્રેડ્સ માટે વસૂલવામાં આવતી ટ્રાન્ઝેક્શન ફીમાં ફેરફાર કર્યો છે.

# લોનનો બિઝનેસ વધારવા આચરાતી ભ્રષ્ટાચારની માયાજાળનો પર્દાફાશ કરતું IT વિભાગ

(એજન્સી) નવી દિલ્હી તા 01

આવકવેરા વિભાગની કાર્યવાહીમાં ચોંકવાનારી વિગત બહાર આવી છે. બેંકો અને એનબીએફસી એજન્ટ્સની મદદ મેળવી લોનનો બિઝનેસ વધારવા વ્યાપાક પ્રમાણમાં ભ્રષ્ટાચાર ચલાવે છે. આ ભ્રષ્ટાચાર લાંચ અને કમિશન પેટે હોય છે. એજન્ટો બેંકો અને એનબીએફસીને ગ્રાહકો પૂરા પાડી સામે જંગી રકમ કમિશન તરીકે મેળવે છે. આવા એજન્ટ્સ પણ બેંકો, એનબીએફસીના અધિકારીઓને લોન માટે તગડી રકમની લાંચ ચૂકવ છે. જેની પર બિન્દાસ્ત રીતે કરચોરી આચરવામાં આવે છે. આવકવેરા વિભાગને હવે શંકા છે કે, ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ કરાવવામાં અને વીમા કંપનીઓના કિસ્સામાં પણ આ પ્રકારની ચૂકવણી કરવામાં આવે છે. લોન એજન્ટ જે મુખ્ય રૂપે કમિશનના માધ્યમથી વાર્ષિક ધોરણે રૂ.એક હજારની આવક પ્રાપ્ત કરે છે. આ રકમ પર ટેક્સ ચૂકવવો ન પડે માટે તેની પર અસામાન્ય રીતે ઊંચો ખર્ચ બતાવવામાં આવતો છે. આ રકમને બિનવેતન ખર્ચ તરીકે દર્શાવવામાં આવે છે. જેથી ટેક્સ પેટે ચૂકવવાપાત્ર થતી રકમમાં વધારો ન થાય. સામાન્ય રીતે કર્મચારીઓને પગાર અને ભથ્થાં લોન એજન્ટના ખર્ચનો એક મોટો ભાગ હોય છે. કેટલાક કેસોમાં લોનના મૂલ્યના 2.5 ટકા કમિશનની આવક પેટે હોય છે. હૈદરાબાદમાં નોન બેકિંગ ફાઈનાન્સિયલ કંપની (એનબીએફસી) અને ખાનગી બેંકોની લોન માટે ડાયરેક્ટ સેલિંગ એજન્ટ (ડીએસએ) પર ઈન્કમ ટેક્સના દરોડાઓએ બેંક અને કંપનીના અધિકારીઓને અપાયેલ સંદિગ્ધ લાંચનો પર્દાફાશ કર્યો છે.

# SBI કાર્ડ દ્વારા સિંગાપોર એરલાઈન્સ સાથે ભાગીદારી કરવામાં આવી, સુપર પ્રીમિયમ કો-બ્રાન્ડ ક્રેડિટ કાર્ડ, એક્સક્લુઝિવ ક્રિસફ્લાયર SBI કાર્ડ' લોન્ચ કરવામાં આવ્યું

(એજન્સી) નવી દિલ્હી તા 01

સિંગાપોરની રાષ્ટ્રીય કેરિયર સિંગાપોર એરલાઈન્સ લિમિટેડ (SIA) ની ભાગીદારીમાં ભારતના સૌથી મોટા પ્યોર-પ્લે ક્રેડિટ કાર્ડ ઈશ્યૂ કરનાર SBI કાર્ડએ આજે KrisFlyer SBI કાર્ડ લોન્ચ કર્યું છે. સિંગાપોર એરલાઈન્સ, સ્કૂટ એરલાઈન, KrisShop.com, ક્રિસ+ લાઈફસ્ટાઈલ એપ્લિકેશન અને પેલાગોનો સમાવેશ કરતી SIA ગ્રુપ સાથે હવામાં અને જમીન પર વિશિષ્ટ વિશેષાધિકારો પ્રદાન કરીને સુપર પ્રીમિયમ કાર્ડધારકોની જરૂરિયાતોને પૂરી કરવા માટે આ એક અનોખા પ્રકારના મુસાફરી કેન્દ્રિત કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડને કાળજીપૂર્વક ડિઝાઈન કરવામાં આવ્યું છે. નવું લોન્ચ કરેલું ક્રેડિટ કાર્ડ બે વેરિએન્ટમાં ઉપલબ્ધ છે, KrisFlyer SBI કાર્ડ અને KrisFlyer SBI કાર્ડ એપેક્સ.

લોન્ચ પર બોલતા SBI કાર્ડના MD અને CEO શ્રી અભિજિત ચક્રવર્તીએ કહ્યું, “આવકમાં વધારો, ટેક્નોલોજી અને ડિજિટાઈઝેશનની




ઝડપી પ્રગતિ સાથે આંતરરાષ્ટ્રીય મુસાફરી એ નાણાં ખર્ચવાની મુખ્ય કેટેગરી તરીકે ઉભરી આવી છે. અમે સિંગાપોર એરલાઈન્સ સાથે ભાગીદારી કરીને સુપર પ્રીમિયમ કાર્ડહોલ્ડર સેગમેન્ટમાં શ્રેષ્ઠ અને વૈભવી અનુભવ પ્રસ્તુત કરવા બદલ આનંદ અનુભવીએ છીએ, જે વિશિષ્ટ લાભો પ્રદાન કરે છે, અને ઉદ્યોગમાં નવા બેન્ચમાર્ક સ્થાપિત કરે છે. અમારો સહયોગ SBI કાર્ડના સુરક્ષિત અને સીમલેસ પેમેન્ટ સોલ્યુશન્સ અને સિંગાપોર એરલાઈનના અપ્રતિમ નેટવર્ક અને વિશ્વ કક્ષાના ઉડ્ડયન અનુભવને જોડીને ગ્રાહકોના મુસાફરીના અનુભવોને સમૃદ્ધ બનાવવા તરફનું એક નિર્ણાયક પગલું છે.‘

કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ ગ્રાહકોને ઉન્નત માઈલેજ કમાણીની તકો પ્રદાન કરશે. KrisFlyer SBI કાર્ડનો ઉપયોગ કરીને સિંગાપોર એરલાઈન્સ પર 2.5 લાખ અને KrisFlyer SBI કાર્ડ એપેક્સનો ઉપયોગ કરીને સિંગાપોર એરલાઈન્સ પર 7.5 લાખના ખર્ચ કરવા સાથે, ગ્રાહકો અનુક્રમે KrisFlyer Elite Silver અને KrisFlyer Elite Gold મેમ્બરશીપમાં અપગ્રેડ થવાના વિશેષાધિકારનો આનંદ માણશે. અપગ્રેડ કરેલ મેમ્બરશીપવાળા ગ્રાહકોને વધારાના બેગેજ અલાઉન્સ, પ્રાયોરિટી ચેક-ઈન અને બોર્ડિંગ, વિશિષ્ટ બોનસ માઈલ, વિશેષ સીટ પસંદગી વિશેષાધિકારો, લાઉન્જ ઍક્સેસ, ઉન્નત મુસાફરી વીમા કવરેજ અને અન્ય ઘણું બધું જેવા લાભોનો આનંદ માણવાની તક પણ મળશે.

# બ્લૂ ડાર્ટ નો સામાન્ય ભાવ વધારો 1 લી જાન્યુઆરી, 2025થી અમલમાં આવશે

(એજન્સી) મુંબઈ । તા. 01

દક્ષિણ એશિયાની પ્રીમિયર એક્સપ્રેસ એર અને ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન અને ડિસ્ટ્રિબ્યુશન એક્સપ્રેસ લોજિસ્ટિક્સ કંપની, બ્લૂ ડાર્ટ એક્સપ્રેસ લિમિટેડ, DHL ગ્રૂપનો એક ભાગ છે, અને આ કંપની દ્વારા આજે તેના સામાન્ય ભાવ વધારા (GPI) અંગે જાહેરાત કરવામાં આવી છે, અને આ ભાવ વધારો 1 લી જાન્યુઆરી, 2025 થી લાગુ થશે. આ સરેરાશ ભાવ વધારો 9% થી 12% જેટલો હશે, જે ઉત્પાદનની વિવિધતા અને શિપિંગ પ્રોફાઈલ પર આધારિત રહેશે. આ કંપની વિશ્વસનીય અને કાર્યક્ષમ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ આપવા માટે પ્રતિબદ્ધ છે અને તે માટે બ્લૂ ડાર્ટ તેની કિંમતના માળખા વિશે વાર્ષિક સમીક્ષા કરે છે. આ એક આવશ્યક નિર્ણય છે જે મજબૂત ઈકોસિસ્ટમ અને સહયોગ આપવા માટે અને સાથે સાથે સતત ગુણવત્તાયુક્ત સેવા પ્રદાન કરવા માટે છે. 2025 માટે આ ભાવ વધારો, ફુગાવા માટે સમાયોજન અને તર્કસંગત ખર્ચ, અને અંશતઃ રીતે વધતાં જતાં લાંબા ગાળાના ખર્ચને કવર કરવા કરવામાં આવ્યો છે, અને તેમાં કામગીરી માટે વધતા જતાં ઈનપુટ ખર્ચ, જેમાં એરલાઈન ઓપરેટિંગ ખર્ચ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચનો પણ સમાવેશ થાય છે પરંતુ આ વધારો આવા કારણો સુધી મર્યાદિત નથી, પણ ગ્રાહકોને સારી સેવા આપવા માટે અને કસ્ટમાઈઝ અને સમયસર ડિલિવરી માટે છે. આ પડકારોનો સક્રિયપણે સામનો કરવા સાથે, બ્લૂ ડાર્ટનો હેતુ તેના ગ્રાહકો માટે પોતાની અસાધારણ સેવા આપવા અને તેના ભાગીદારોને યોગ્ય સહકાર આપવાનો છે. બ્લૂ ડાર્ટના મેનેજિંગ ડિરેક્ટર બેલફર મૈનુઅલે આ જાહેરાત અંગે કહ્યું કે: “હવે આપણે વર્ષ 2025 માં પ્રવેશ કરવા માટે આગળ વધી રહ્યા છીએ.

# તહેવારોની સીઝનમાં મોંઘવારીનો માર,19 KG કોમર્શિયલ ગેસ સિલિન્ડર થયુ મોંઘુ

(એજન્સી) નવી દિલ્હી તા 01

ઓક્ટોબર મહિનો એટલે તહેવારોની સીઝન અને આ મહિનાના પ્રથમ દિવસે ગેસના ભાવમાં વધારો થયો છે. ગેસના ભાવમાં આ વધારો 48.50 રૂપિયા પ્રતિ સિલિન્ડર છે અને તેને 19 કિલોના ગેસ સિલિન્ડરમાં આ ભાવ વધારો કરવામાં આવ્યો છે. એલપીજી સિલિન્ડરના નવા દરો આજે 1 ઓક્ટોબર 2024થી દેશભરમાં લાગુ થઈ ગયા છે. દેશની રાજધાની દિલ્હીમાં 19 કિલોના એલપીજી સિલિન્ડરનો ભાવ હવે 1740 રૂપિયા થઈ ગયો છે અને તેમાં 48.50 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.હવે 1850.50 રૂપિયા થઈ ગઈ છે અને તેમાં 48 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ગયા મહિને સપ્ટેમ્બરમાં તેનો ભાવ 1802.50 રૂપિયા હતો.

મુંબઈમાં એલપીજી સિલિન્ડરની કિંમત હવે 1692 રૂપિયા થઈ ગઈ છે અને તેમાં 48 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ગયા મહિને સપ્ટેમ્બરમાં તેનો ભાવ 1644 રૂપિયા હતો. ચેન્નાઈમાં 19 કિલોના એલપીજી સિલિન્ડરનો ભાવ હવે 1903 રૂપિયા થઈ ગયો છે અને તેમાં 48 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ગયા મહિને સપ્ટેમ્બરમાં તેનો ભાવ 1855 રૂપિયા હતો.

જો કે, 14.2 કિલો વજન ધરાવતા સામાન્ય LPG સિલિન્ડરના દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને આ તમારા માટે રાહતનો વિષય બની શકે છે. જો કે, કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારાને કારણે રેસ્ટોરન્ટ, હોટલ, ઢાબામાં બહારના ખાદ્યપદાર્થો અથવા ખાદ્યપદાર્થોના દરો વધી શકે છે કારણ કે આ સ્થાનો પર જ કોમર્શિયલ એલપીજી ગેસનો ઉપયોગ કરવામાં આવે છે. આ વખતે ઓક્ટોબરથી ત્રણ મહિના થયા છે જ્યારે સરકારી ઓઈલ અને ગેસ માર્કેટિંગ કંપનીઓ દ્વારા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના દરમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ સપ્ટેમ્બર અને ઓગસ્ટમાં પણ ગેસના દરમાં વધારો કરવામાં આવ્યો હતો. સપ્ટેમ્બરમાં રૂ.39 અને ઓગસ્ટમાં રૂ.8-9નો થોડો વધારો થયો હતો.

સપ્ટેમ્બરમાં પણ એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો થયો હતો અને તે 39 રૂપિયા મોંઘો થયો હતો. આ વધારો 19 કિલોના ગેસ સિલિન્ડર માટે પણ હતો અને આ પહેલા એટલે કે એપ્રિલથી જુલાઈ દરમિયાન તેલ અને ગેસ વિતરણ કંપનીઓએ એલપીજી ગેસના ભાવમાં વધારો કર્યો હતો. આનો અર્થ એ થયો કે નવું નાણાકીય વર્ષ શરૂ થયા પછી, પ્રથમ 4 મહિના એલપીજીના ભાવમાં ઘટાડો થયો અને તે પછી, ગેસના ભાવ ત્રણ મહિના સુધી સતત વધી રહ્યા છે.

# કગાળ પાકિસ્તાને દોઢ લાખ નોકરીઓ કરી સમાપ્ત, 6 મંત્રાલયને માર્યા તાળાં

પાડોશી દેશ એવા પાકિસ્તાન આર્થિક સંકટથી ઝઝૂમતા લોકોની સમસ્યા સતત વધતી જઈ હી છે. ભલે ને મિત્ર દેશો અને આંતરરાષ્ટ્રી નાણાં કોષે તેને મોટી આર્થિક મદદ કરી હોય પરંતુ લોકો પર આર્થિક ભાર વધી રહ્યો છે. એકવાર ફરી પાકિસ્તાને આઈએમએફના બેલાઉટ પેકેજનો હપ્તો લેવા તેની આકરી શરતોને માનવા માટે ઘણા આકરાં નિર્ણયો લીધા છે. આના લીધે પાકિસ્તાન સરકારે દોઢ લાખ નોરકીઓ સમાપ્ત કરી દીધી છે.

પાકિસ્તાન સરકાર તેની નબળી આર્થિક સ્થિતિને સુધારવા માટે ઘણા પગલાં લીધાં, પરંતુ આ બધાએ દેશના લોકો પર ભારે ભાર મૂક્યો છે. વર્લ્ડ બેંકથી લઈને એડીબી સુધી, ગરીબ પાકિસ્તાને મદદ માટે અપીલ કરી હતી, પરંતુ તે સાંભળવામાં આવી ન હતી, જો કે, ઘણી વિનંતીઓ પછી, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળએ કેટલીક શરતો સાથે પાકિસ્તાનને આર્થિક સહાય આપવાનું શરૂ કર્યું અને હવે બેલઆઉટ પેકેજ આગામી હપ્તા હતી કે લોકોમાં આક્રોશ ફેલાયો છે. એક જ ઝાટકે દોઢ લાખ લોકો બેરોજગાર.

# અશોક લેલેન્ડ અને ફ્લિક્સબસ ઈન્ડિયાએ ભારતમાં ટકાઉ ઈન્ટર-સિટી મોબિલિટીમાં ક્રાંતિ લાવવા માટે હાથ મિલાવ્યા

(એજન્સી) નવી દિલ્હી તા 01

હિંદુજા ગ્રુપની ભારતીય ફ્લેગશિપ કંપની અને દેશની અગ્રણી કોમર્શિયલ વ્હીકલ ઉત્પાદક અશોક લેલેન્ડે કિફાયતી અને ટકાઉ મુસાફરી ક્ષેત્રની વૈશ્વિક ટ્રાવેલ-ટેક અગ્રણી ફ્લિક્સબસ ઈન્ડિયા સાથે સમજૂતીપત્ર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. આ ભાગીદારી હાઈ-કેપેસિટી વ્હીકલ્સમાં આધુનિક ટેક્નોલોજી અને નવીનતા દ્વારા ભારતીય બસ ટ્રાન્સપોર્ટેશન ઈકોસિસ્ટમમાં પરિવર્તન લાવવા માટેનું એક મહત્વનું પગલું છે. અશોક લેલેન્ડના બસ વર્ટિકલના હેડ શ્રી મોહન કે, ફ્લિક્સબસના સીઓઓ શ્રી મેક્સ ઝ્યુમર અને ફ્લિક્સબસ ઈન્ડિયાના એમડી શ્રી સૂર્ય ખુરાના દ્વારા આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ભાગીદારી હેઠ ફ્લિક્સબસના ઓપરેટિંગ બસ પાર્ટનર્સને અશોક લેલેન્ડની એડવાન્સ્ડ ચેસિસ અને આફ્ટર-સેલ્સ સર્વિસીઝનો લાભ મળશે જેનાથી સમગ્ર દેશમાં સરળ કામગીરી સુનિશ્ચિત બનશે. ઉપરાંત, અશોક લેલેન્ડ અને ફ્લિક્સબસ અત્યાધુનિક ટેક્નોલોજી દ્વારા સ્થાનિક બસ ઓપરેટર્સને સશક્ત બનાવીને કાર્યક્ષમ તથા



સરળ મુસાફરીના વિકલ્પો પૂરા પાડશે. અશોક લેલેન્ડના એમડી અને સીઈઓ શ્રી શેનુ અગ્રવાલે જણાવ્યું હતું કે “અશોક લેલેન્ડ ફ્લિક્સબસ સાથે ભાગીદારી કરતા આનંદ અનુભવે છે. અશોક લેલેન્ડ ખાતે અમારું ધ્યાન સુરક્ષા અને પર્ફોર્મન્સને પ્રાથમિકતા આપે તેવી અત્યાધુનિક ટેક્નોલોજી પૂરી પાડવા પર રહ્યું છે. નવીનતમ ટેક્નોલોજી ધરાવતી અમારી પ્રોડક્ટ્સ ઉદ્યોગ અગ્રણી ટોટલ કોસ્ટ ઓફ ઓનરશિપ ઓફર કરે છે જે અમારા ગ્રાહકો માટે મહત્તમ નફાકારકતા સુનિશ્ચિત કરે છે. અમે અદ્વિતીય ગ્રાહક અનુભવ પૂરો પાડવા માટે પ્રતિબદ્ધ છીએ અને ટકાઉ સીવી મેન્યુફેક્ચરર બનવા માટે નવી ટેક્નોલોજી શોધવા તથા તેનો લાભ લેવાના અમારા માર્ગ પણ આગળ વધીએ છીએ.” આ એમઓયુ અંગે ફ્લિક્સબસ ઈન્ડિયાના એમડી શ્રી સૂર્ય ખુરાનાએ જણાવ્યું હતું કે “ફ્લિક્સબસ ભારતમાં ઈન્ટરસિટી બસ ટ્રાવેલને વધુ સુલભ, ટકાઉ અને મુસાફરોને સાનુકૂળ હોય તેવી બનાવવા માટે પ્રતિબદ્ધ છે. અશોક લેલેન્ડ સાથેનો અમારો સહયોગ ટેક્નોલોજી દ્વારા લોકલ બસ ઓપરેટર્સને સશક્ત બનાવવા સાથે અસરકારક અને ઉચ્ચ-ક્ષમતા મુસાફરી વિકલ્પો પૂરા પાડવાના અમારા વિઝનનો પુનરોચ્ચાર કરે છે.

**તંત્રીની કલમે...**

**વિક્રમ સંવત 2079, ભાદરવા વદ-અમાસ**

# દેશની રાજનીતિ પર પરિવારવાદ હાવી

ભારતીય રાજકારણમાં પરિવારવાદને નકારી ન શકાય. એવું પણ નથી કે દેશના કોઈ એક ખાસ હિસ્સામાં પરિવારવાદની બોલબાલા હોય. ઉત્તરથી લઈને દિક્ષણ સુધી ભારતના રાજકારણમાં પરિવારવાદ હાવી છે. કાલે તમિલનાડુમાં મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનનો પુત્ર ઉદયનિધિ સ્ટાલિન જ્યારે ડેપ્યુટી સીએમ પદના શપથ લઈ રહ્યો હતો તો ફરી એક વખત પરિવારવાદની ચર્ચા વેગવાન બની ગઈ. ઉદયનિધિ સ્ટાલિન પહેલેથી જ મંત્રી હતા અને એવું પણ નથી કે ડીએમકે પર પરિવારવાદના આરોપ પહેલી વાર લાગ્યા હોય. હવે એક જ રાજ્યમાં પિતા સીએમ અને પુત્ર ડેપ્યુટી સીએમ. જોકે આ કોઈ એક પક્ષની વાત નથી પરંતુ પ્રાદેશિક પક્ષો તરફ નજર નાખીએ તો એવું લાગશે કે અહીં પરિવારવાદ ઘણો હાવી છે. બંગાળ, બિહાર, ઝારખંડ, યુપી, હરિયાણા, તમિલનાડુ, આંધ્ર, મહારાષ્ટ્ર સહિત એવા કેટલાય બીજા રાજ્યો છે જ્યાં પરિવારવાદી પાર્ટીઓની બોલબાલા છે. અહીં એક એવી રાજનીતિ પ્રથા દેખાશે જ્યાં રાજકીય સત્તા એક પરિવારથી બીજા પરિવારમાં પેઢી દર પેઢી હસ્તાંતરિત થતી રહે છે. તમિલનાડુમાં ડીએમકે, કર્ણાટકમાં જેડીએસ, તેલંગણામાં બીઆરએસ, આંધ્રમાં ટીડીપી, યુપીમાં સપા અને લોકદળ, બિહારમાં આરજેડી, ઝારખંડમાં જેએમએમ, પશ્ચિમ બંગાળમાં ટીએમસી, મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારની પાર્ટી, જમ્મુમાં પીડીપી અને નેશનલ કોન્ફરન્સ, હરિયાણામાં ચૌટાલા પરિવાર, પંજાબમાં શિરોમણિ અકાલી દળ, ઓડિશામાં બીજેડી, કોંગ્રેસમાં પરિવારવાદની સાથે જ મોદી કેબિનેટમાં પણ કેટલાક ચહેરા દેખાશે. ઉદયનિધિ એમ.કે. સ્ટાલિનના પુત્ર છે અને પરિવારના ત્રીજી પેઢીના નેતા છે. દિક્ષણના મોટા નેતા રહેલા કરુણાનિધિએ સ્ટાલિનને પોતાના વારસ બનાવ્યા હતા. હવે સ્ટાલિનના પુત્ર ઉદયનિધિ એ પરંપરાને આગળ વધારતાં દેખાઈરહ્યા છે. ભાજપ તેને સંપૂર્ણ રીતે વંશવાદ ગણાવી રહી છે. ભાજપ દ્વારા કહેવામાં આવ્યું કે આ લોકતંત્ર છે કે વંશવાદ? ભાજપ દ્વારા કટાક્ષ કરતાં કહેવામાં આવ્યું કે આ પાર્ટીઓ પરિવાર માટે અને પરિવાર દ્વારા છે. આ એક પ્રાઈવેટ લિમિટેડ કંપની છે. ડો.રામમનોહર લોહિયાએ કહ્યું હતું કે જેનામાં નેતૃત્વની ક્ષમતા હોય તે આગળ આવે અને રાજકારણમાં વંશવાદની કોઈ જગ્યા નથી. દેશની આઝાદીનાં આટલાં વર્ષ બાદ પણ પરિવારવાદનાં મૂળિયાં વધુ મજબૂત અને ઊંડાં ઉતરતાં જાયછે. કોઈ એક પક્ષની વાત નથી, કોંગ્રેસ પર સવાલ કરનારી ભાજપ પણ વત્તાઓછા અંશે તેનો ભોગ બની જ છે. અલગ-અલગ જાતિઓ અને પછાત લોકોના નામ પર રાજકારણ કરનારી પાર્ટીઓ પણ વારસો પરિવારમાં જ સોંપે છે. પરિવારવાદ પર પીએમ મોદી ઘણા આક્રમક દેખાય છે. તેમના દ્વારા કોંગ્રેસ પર તેને લઈને ખાસ નિશાનો સાધવામાં આવે છે. જોકે વિપક્ષી દળ પણ કેટલાય નેતાઓનાં નામ ભાજપમાં ગણાવે છે. પરંતુ રાજકારણના કેટલાય જાણકારોનું કહેવું છે કે ભાજપમાં કદાચ એવું સંભવ નથી, જેવું બીજા પક્ષોમાં થઈ જાય છે. રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ વગેરેમાંથી કોઈ હારી જાય તો તેમને પાર્ટી કે પદ પરથી હટાવી નથી દેવાતા, જ્યારે ભાજપમાં કદાચ એવું સંભવ નથી.

# નવરાત્રિ દરમિયાન વાસ્તુના નિયમો અનુસાર પૂજા કરશો તો દિવસ-રાત પ્રગતિ થશે




આ વર્ષે નવરાત્રી 3જી ઓક્ટોબરથી શરૂ થઈ રહી છે. નવરાત્રિ દરમિયાન લોકો પોતાના ઘરમાં કલશની સ્થાપના કરે છે. નવરાત્રીના નવ દિવસો દરમિયાન દેવી દુર્ગાની પૂજા કરવામાં આવે છે. પુરાણોમાં કલશને ભગવાન વિષ્ણુના પ્રતીક તરીકે વર્ણવવામાં આવ્યા છે. નવરાત્રિના નવ દિવસ સુધી કલશની પૂજા કરવાથી ભગવાન વિષ્ણુની કૃપા પ્રાપ્ત થાય છે. ચાલો જાણીએ પ્રખ્યાત જ્યોતિષી આદિત્ય ઝા પાસેથી નવરાત્રિ દરમિયાન પૂજા કરવાની વાસ્તુ પદ્ધતિઓ વિશે. આ ઉપાયથી જીવનમાં એટલી સમૃદ્ધિ વધે છે કે તેની કલ્પના પણ કરી શકાતી નથી.

### નવરાત્રી પૂજાના વાસ્તુ નિયમો

1. વાસ્તુશાસ્ત્ર અનુસાર નવરાત્રિ દરમિયાન કલશની સ્થાપના ઉત્તર-પૂર્વ દિશામાં કરવી જોઈએ. આ દિશા દેવી-દેવતાઓની દિશા છે. આ દિશામાં મા દુર્ગાની મૂર્તિ અને કલશ રાખવાથી સકારાત્મક ઉર્જા આવે છે.
2. નવરાત્રીના નવ દિવસ સુધી ઘરમાં અખંડ જ્યોત પ્રગટાવવામાં આવે છે. આજે ઘરમાં પૂજા દક્ષિણ-પૂર્વ દિશામાં કરવી જોઈએ. વાસ્તુશાસ્ત્ર અનુસાર અખંડ જ્યોત બનાવવા માટે આ દિશા સૌથી વધુ શુભ છે. અહીં અખંડ જ્યોત રાખવાથી પરિવારના સભ્યોનું સ્વાસ્થ્ય સારું રહે છે અને ઘરમાં ધનનો પ્રવાહ વધે છે.
3. ઘરમાં નકારાત્મક ઉર્જાનો પ્રવેશ અટકાવવા માટે નવરાત્રિના પહેલા દિવસે ઘરના મુખ્ય દરવાજા પર ઓમનું ચિહ્ન બનાવો અને સમૃદ્ધિ આકર્ષવા માટે દેવી લક્ષ્મીના ચરણનું પ્રતીક પણ બનાવો. આમ કરવાથી ઘરમાં નકારાત્મક ઉર્જાનો પ્રવેશ નહીં થાય અને પરિવારમાં સુખ-શાંતિ રહેશે.
4. વાસ્તુશાસ્ત્ર અનુસાર નોકરી કે બિઝનેસમાં પ્રગતિ માટે ઘર કે ઓફિસના મુખ્ય દરવાજા પાસે નાનો કલશ રાખો. તેમાં ચોખા અને ફૂલો સહિતની સામગ્રી મૂકો. એવું માનવામાં આવે છે કે આમ કરવાથી કરિયરમાં સફળતા મળે છે.

# સજાવટથી લઈ ભક્તિ સુધી Amazon.in પર નવરાત્રી સ્ટોર ફેસ્ટીવલ અને સેલિબ્રેશન માટેની વસ્તુઓ સાથે સુસજ્જ બન્યો

(એજન્સી) બેંગ્લુરુ । તા. 01

આ વર્ષે અમેઝોન ડોટ ઈન (Amazon.in)નો નવરાત્રી સ્ટોર ગ્રાહકોને અગાઉની તુલનામાં ખૂબ જ વધારે અભૂતપૂર્વ ખરીદીના અનુભવોની ઓફર રજૂ કરવા જઈ રહ્યો છે. અહીં કપડાં, ઈલેક્ટ્રોનિક આઈટમ્સ, ગેજેટ્સ તથા પ્રિયજનો માટે ભેટની રોમાંચક સિલેક્શન સાથે ઉત્સવની ઉજવણી કરવા તૈયાર થઈ જાઓ. ખાસ આવશ્યક એવી વસ્તુઓની પસંદગી કરીને સભ્યો અમેઝોનની વિશેષ સુવિધાઓનો લાભ ઉઠાવી શકે છે, તેમાં એથનિક ક્લોથિંગ એટલે કે પરંપરાગત પોશાકો, તૈયાર વસ્ત્રો, હોમ ડેકોર, ફેશન, બ્યુટી પ્રોડક્ટ્સ તથા અન્ય ઘણીબધી વસ્તુઓનો સમાવેશ થાય છે. આ સ્ટોર 12 ઓક્ટોબર,2024 સુધી ખુલ્લો રહેશે એટલે કે સક્રિય રહેશે અને ગ્રાહકોની મનપસંદ બ્રાન્ડ્સ જેવી કે કેસિયો, બોડીશૉપ, રિયલમી, બોટ, સેમસંગ, અમેઝોન ઈકોડોટ, એલજી, ટાટા, કેડબરી, ટાઈટન વગેરે અંગે તહેવારો નિમિત્તે ખરીદીને વધુ સરળ બનાવવા માટે સંપૂર્ણપણે સજ્જ છે.

# ધારાસભ્યની ટર્મ પુરી થાય તે પહેલા જ સ્ટેન્ડની લાદી સહીત કોંક્રિટ ઉખડી જતા સૌનો સાથ સૌનો વિકાસમાં ભ્રષ્ટાચારની ગંધ



સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાના આંતરિયાળ વિસ્તારોમાં આદિવાસી જનતાને એસટી સેવાનો લાભ મળે અને તાપ વરસાદથી બચાવ થાય તે હેતુથી ડાંગ જિલ્લા આયોજન વિભાગ દ્વારા ધારાસભ્યની ભંડોળથી ઠેરઠેર લાખ્ખો રૂપિયાનાં ખર્ચે પીકઅપ સ્ટેન્ડ બનાવવામાં આવ્યા છે. પરંતુ અંદાજે 3 લાખના માતબર ખર્ચે નિર્માણ થયેલ પીકઅપ સ્ટેન્ડમાં ઈજારદારે સરકારી ધારાધોરણનો છેદ ઉડાડી તકલાદી પીકઅપ સ્ટેન્ડ નિર્માણ કરતા ધારાસભ્યની ટર્મ પુરી થાય તે પહેલા જ સ્ટેન્ડની લાદી સહીત કોંક્રિટ ઉખડી જતા સૌનો સાથ સૌનો વિકાસમાં ભ્રષ્ટ્રચારની ગંધ ઉઠવા પામી છે.ડાંગ જિલ્લામાં 3-3 લાખના ખર્ચે ઠેરઠેર બનેલ પીકઅપ સ્ટેન્ડમાં ઈજારદાર દ્વારા ધારાધોરણ વિનાનું મટીરીયલ્સ અને તકલાડી બાંધકામ કરી સરકારી નાણાનો ધુમાડો કર્યો હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.ત્યારે સમગ્ર બાબતે એક જાગૃત નાગરિક દ્વારા તકેદારી આયોગમાં લેખિત ફરિયાદ કરી તપાસની માંગ કરવા તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યુ છે.ત્યારે આમ નાગરિકની પરસેવાની કમાણીના ટેક્સ પેટે વસુલતા નાણાનો આદિવાસી જનતાને સુવિધાઓ ઉભી કરવા તકલાદી પીકઅપ બનાવનાર ઈજારદાર અને સંબધિત અધિકારીઓ સામે શિક્ષત્મક પગલા ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# અક્તેશ્વર ફાટક પાસે બની રહેલ રિસોર્ટ માં પરપ્રાંતીય મજૂરો રાખનાર કોન્ટ્રાકટર સામે SOGની લાલ આંખ

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લામાં અનેક ઠેકાણે મકાનો અને રિસોર્ટ ની કામગીરી ચાલી રહી છે પરંતુ નિયમોનુસાર પરપ્રાંત ના મજૂરો રાખતા પહેલા પોલીસ માં જાણ કરવાની હોય એ નિયમ નું પાલન નહિ કરનાર સામે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ લાલ આંખ કરે છે પ્રાપ્ત વિગતો અનુસાર અ.હે.કો.ચંદનભાઈ સંપતભાઈ બ.નં.૭૭૬ સ્પેશ્યલ ઓપરેશન ગૃપ નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ કોન્ટ્રાકટર ભાવિકભાઈ રમેશભાઈ પટેલ રહે.પટેલ ફળિયુ,ભચરવાડા તા.નાંદોદ જી.નર્મદા નાઓએ અક્તેશ્વર તા.ગરુડેશ્વર જી.નર્મદા ગામની સીમમાં રેલ્વે ફાટકની બાજુમાં નવીન મકાનોના બાંધકામ માટે (રિસોર્ટ બનાવવા) જીલ્લા બહાર તથા રાજ્ય બહારના મજુરોને કામે રાખી, પોલીસને જાણ નહિ કરી ગુનો કરતા નર્મદા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એ કોન્ટ્રાકટર વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# BSNL 24 વર્ષોની સેવા પૂર્ણ કરે છે અને તેની 25મી વર્ષગાંઠ પર ઉત્સાહ સભર નવી ઘોષણાઓ કરે છે

(એજન્સી) અમદાવાદ । તા. 01



ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL), ભારતમાં ટેલિકોમ પ્રદાતા તરીકે આજે તેની 25મી વર્ષગાંઠ ગૌરવપૂર્વક ઉજવે છે, જે કંપનીની સફરમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. 1 ઓક્ટોબર 2000 ના રોજ દૂરસંચાર વિભાગ (DoT) થી એક અલગ સંસ્થા તરીકે સ્થાપિત BSNLએ સમગ્ર દેશમાં વ્યાપક ટેલિકોમ સેવાઓ પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે અને સરકારી તેમજ ખાનગી ઑપરેટરો વચ્ચે એક સમાન સ્પર્ધાની પરિસ્થિતિ ઊભી કરી છે. ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) એ સમુદાય-કેન્દ્રિત કાર્યક્રમોની શ્રેણી સાથે ગર્વપૂર્વક તેના સ્થાપના દિવસની ઉજવણી કરી. જનતાની સેવા કરવા માટેના નોંધપાત્ર પગલામાં, BSNL ની તથા આધાર કાર્ડ સેવાઓની ગ્રાહકો સુધી સરળ પહોંચ ઉભી કરતી એક મોબાઈલ CSC/આધાર કાર્ડ વાનને BSNL ટેલીફોન ભવન, સી.જી. રોડ ખાતે થી BSNL ગુજરાત સર્કલ ના મુખ્ય મહાપ્રબંધક શ્રી સંદીપ સાવરકર દ્વારા લીલી ઝંડી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં BSNL સર્કલ ઓફીસ ના મુખ્ય મહાપ્રબંધક શ્રી સંદીપ સાવરકર ની સાથે સાથે, પ્રધાન મહાપ્રબંધક (S&M) શ્રી આશુતોષ ગુપ્તા, પ્રધાન મહાપ્રબંધક (અમદાવાદ બીઝનેસ એરિયા)) શ્રી નીતિન મહાજન, UIDAI સ્ટેટ ઑફિસ ગુજરાત ના નિર્દેશક શ્રી રાજેશ કુમાર ગુપ્તા તથા અન્ય ઓફિસરો તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. લોકોએ આ મોબાઈલ CSC/ આધાર કાર્ડ વાન ની સેવાઓ નો લાભ લીધો હતો. BSNL તેના 25મા વર્ષમાં પ્રવેશ કરે છે, ત્યારે પોતાની પ્રવૃત્તિઓની હારમાળાઓ અને પહેલોની દેશભરમાં, ખાસ કરીને ગુજરાતમાં, આ અવસરને યાદગાર બનાવવા માટે યોજવામાં આવી છે. BSNL ગુજરાતની પ્રવૃત્તિઓ: BSNL સ્થાપના દિવસ ના અવસર પર, BSNL ગુજરાતે P&T કોલોની, સેટેલાઈટ રોડ, શિવરંજની ખાતે સ્વચ્છતા અભિયાન નું આયોજન કર્યું હતું. BSNL ના અધિકારીઓએ સંસ્થાની સ્વચ્છ ભારત મિશન પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવતા શ્રમદાન માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

# ચાણસ્માના સમીસા ગામના ગાંદરે કારોડા બાજુથી આવતું તળાવ અને ખેતરોનું પાણી ફરી વળ્યા

નીતિન ઠાકર : ચાણસ્મા



ચાણસ્મા તાલુકાના સમીસા ગામે ગામ માં પ્રવેશતાં ગામ ના ગાંદરે કેડ સમા પાણી ભરાઈ જતાં ગામ લોકો માટે ગામ બહાર જવા માટે ગોદરે ભરાયેલું પાણી હેરાનગતી રૂપ બની રહ્યું છે જ્યારે ગામ ના ગાંદરે પ્રા શાળા આંગણવાડી હાઈસ્કુલ આવેલી હોવાથી શાળા જતાં બાળકો ને કેડ સમા પાણીમાં થઈ ને પસાર થવું પડે છે બીજી બાજુ ગામના ગાંદરે બ્રહ્માણી માતાજી ખોડીયાર માતાજી ના મંદિરો નજીક હોવાથી અને નવરાત્રી માં નવ દિવસ ગરબા પણ જ્યાં ગામ ના ગાંદરે પાણી ભરાયું છે ત્યાં રમાય છે ગામ ના ગોંદરે પાણી ભરાઇ જવાના કારણે ચાણસ્મા થી આવતી બસો બ્રાહ્મણવાડા ત્રણ રસ્તા થી પાછી વળતાં સમીસા થી ચાણસ્મા આવતા મુસાફરો અને વિદ્યાર્થી ઓને બ્રાહ્મણવાડા ત્રણ રસ્તે બસ માં બેસવા આવવું પડતાં વિદ્યાર્થીઓ અને મુસાફરો હેરાનગતીનો ભોગવી રહ્યા છે સમીસા ગામ ના ગાંદરે કેડ સમુ પાણી ભરાઈ જતાં ગામ લોકો વિક્ટ સમસ્યા ભોગવી રહ્યા છે ત્યારે ગામ લોકો એ આક્રોશ સાથે જણાવ્યું હતું કે સુજલામ સુફલામ યોજના અંતર્ગત પાઈપલાઈન મારફતે કારોડા ચાણસ્મા વડાવલી ના તળાવો ભરાતાં અને સાથે વરસાદી પાણી ની આવક થતાં આ તળાવો ઉભરાઈને પાણી સમીસા ના ગાંદરા સુધી પહોંચ્યા છે તળાવ ઉભરાઈ રહ્યા છે છતાં સુજલામ સુફલામ થી તળાવો માં પાણી ભરાઈ રહ્યું છે જેના કારણે સમીસા ગામ ના લોકો ને તેમ જ નિશાળે જતાં વિદ્યાર્થી ઓને કેડ સમા પાણી માંથી પસાર થવું પડે છે બીજી બાજુ ગામ ના ગાંદરે બ્રહ્માણી ખોડીયાર માતાજી ના મંદિર હોવાથી નવરાત્રી ના ગરબા જ્યાં પાણી ભરાયું છે ત્યાં જ રમાય છે જેથી તાત્કાલિક સમીસા તરફ થી આવતું કારોડા વડાવળી ચાણસ્મા ના તળાવો નું આવતું પાણી બંધ કરવામાં આવે તેવી માંગ ગામ લોકો એ કરી છે.

# ઘુમલી મુકામે મહેશ્વરી સંપ્રદાયના પવિત્ર અઢઈડા વ્રતનું પચ્ચીસ વ્રતધારીઓનું વ્રત બારમતી પંથ દ્વારા સંપન્ન



સમસ્ત મહેશ્વરી સંપ્રદાયના પરમ પૂજ્ય ઈષ્ટદેવશ્રી લુણંગદેવ (ગણેશ દેવ) નું સ્થાનક દેવભૂમિ દ્વારકા જીલ્લાના, ભાણવડ તાલુકાના ઘુમલી મુકામે કે જે બરડા ડુંગરની તળેટીમાં ઘુમલી નામનું ઐતિહાસિક તેમજ ભરપુર કુદરતી સૌંદર્ય ધરાવતું સ્થળ આવેલું છે જયાં સોન કંસારીની પૌરાણીક જગ્યા તેમજ ડુંગરની ટોચે આવેલ માં આશાપુરાનું મંદિર તેમજ તળેટીએ આવેલ શ્રી લુણંગદેવ (ગણેશ દેવ) નું પવિત્ર મંદિર આવેલ છે. આ પવિત્ર સ્થળે ઘણાં વર્ષોથી મહેશ્વરી સંપ્રદાયના ધાર્મિક યાત્રા યોજવામાં આવે છે જેમાં હજારોની સંખ્યામાં યાત્રાળુ પગપાળા તેમજ જુદા જુદા વાહનો દ્વારા કચ્છ ગુજરાત તેમજ દેશમાંથી દર્શનાર્થે આવે છે. જેઓના પથારી ગુરૂ તરીકે શ્રી લુણંગ ગણેશ મંદિરના પુજારી માતંગ અઉલા ડાડા રહ્યા હતા, આ વ્રતની સ્થાપના તારીખ: ૨૩-૯-૨૦૨૪ ના રોજ રાત્રે ૧૨:૦૦ કલાક થી તા. ૬-૯-૨૦૨૪ ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે પૂર્ણાહુતિ કરવામાં આવેલ હતી જેમાં અઢી દિવસ સુધી અન્ન જળ વીના ફક્ત પવન નાં આધારે વ્રત ધારણ કરવામાં આવે છે આ પ્રસંગે મહેશ્વરી સંપ્રદાયના ધર્મગુરૂઓ નાથા ડાડા માતંગ અને કચ્છ થી કિશોર માતંગ દ્વારા જ્ઞાનકંઠન/અખાણી કરવામાં આવેલ તેમજ ૨૫ તારીખે રાત્રે વ્રતધારીઓ દ્વારા ભોજન પ્રસાદ આપવામાં આવેલ હતું ત્યાર બાદ ટ્રસ્ટ દ્વારા મોમેન્ટો આપી તમામ વ્રતધારીઓ નું સન્માન કરવામાં આવેલ હતું અને શ્રીમતી ભારતીબેન નવીનભાઈ રોંસિયા દ્વારા વ્રતધારી બહેનો ને કચ્છી બાંધણી નાં દુપ્પટા અને શ્રી નવીનભાઈ પચાણભાઈ રોંસિયા તરફ થી તમામ વ્રતધારી ભાઈઓ ને સાલ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવેલ હતું, તા.૨૬-૯-૨૦૨૪ ના રોજ સવારે ધૂપ સાથે શ્રી ગણેશદેવ ને ૩૬ ભોગ ધરી વ્રતધારી ની વ્રત ની પૂર્ણાહુતિ કરવામાં આવે છે ત્યાર બાદ અઢીડા વ્રત ની ઉજવણી કરી બારમતી પંથ પુજા બાદ શ્રીમતી દામજીભાઈ કાયાંભાઈ ડોરૂ તરફ થી બપોર નાં ભોજન પ્રસાદ ની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

# સંતોષ ગૌશાળા ઘાણો ઘરડાના સંચાલક વિનોદ પટેલ ઉર્ફે સ્વામી સામે જમીન હડફ ગે.કા કબ્જો કર્યાનો ચાણસ્મા પોલીસ મથકે ગુનો દાખલ થયો

નિતીન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના ઘાણો ઘરડા ગામના ખેડુત ઠાકોર નાથુંજી છગનજી ની ઝિલીયા રોડ પર આવેલ અસાઇ કાચની કંપની સામેની સર્વે નં.૭૬૪. ખાતા નં.૧૨૬ હેક્ટર માપ ૦૪૫. ૨૫ ચો. મી. તથા સર્વે ન.૭૬૩ વાળી જમીન હેકટર માપ ૦૪૫. ૧૫ વાળી જમીન મા કેટલાય સમય થી વિનોદ કુમાર ઉર્ફે સ્વામી લાલજીભાઈ પટેલ મૂળ રહે મોઢેરા હાલ રહે મહેસાણા વાળા બિન કાયદેસર રીતે કબ્જો કરેલ ભોગ બનાનાર ખેડૂતે કબ્જો છોડાવવા વારંવાર મામલતદાર કચેરી ચાણસ્મા ખાતે રજુઆત કરેલી પરંતુ પરિણામ નહીં મળતા છેવટે જિલ્લા કક્ષા ના સ્વાગત ફરીયાદ માં ન્યાય મેળવવવા તેમની જમીન દબાવી રાખનારા વિનોદ સ્વામી સામે ગુનો દાખલ કરી જમીન મુક્ત કરાવવા દાદ માંગતા પાટણ ક્લેક્ટરે વિનોદ સ્વામી સામે ગુનો દાખલ કરી કાર્યવાહી કરવા ચાણસ્મા પોલિશ ને હુકમ કરતાં ચાણસ્મા પોલિશે સંતોષ ગૌશાળા ના સંચાલક વિનોદ પટેલ ઉર્ફે સ્વામી સામે બી એન. એલ અધિનિયમ ૨૦૨૩ ૩૨૯ (3) મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે ઉલ્લેખનીય છે કે વિનોદ સ્વામી એ અસાઇ કાચ ની કંપની ની બાજુ માં બનાવેલ શનિ મંદિર પાસે ની ગૌચર જમીન માંથી ગે કા માટી ઉલેચી તળાવ નો ગે કા કબ્જો કર્યા ઉપરાંધ કેટલીક ગૌચર જમીન પચાવી પાડ્યા ના ગંભીર કથિત આક્ષેપો સાથે ધાણો ઘરડા ના ગામ લોકો એ ઉચ્ચ કક્ષા એ રજૂઆતો કરાઈ હોવાનું ગામ લોકો એ જણાવ્યું હતું.

# અમદાવાદ ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ 2024ની 9મી એડિશન 5 અને 6 ઓક્ટોબર 2024 ના રોજ યોજાશે




(એજન્સી) અમદાવાદ । તા. 01

અમદાવાદ ઈન્ટરનેશનલ ફેસ્ટિવલની 9મી એડિશન 5 અને 6 ઓક્ટોબર 2024ના રોજ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન, થલતેજ ટેકરા, અમદાવાદ ખાતે યોજાશે. આ ફેસ્ટિવલના ફાઉન્ડર ડિરેક્ટર ઉમાશંકર યાદવ અને મનોજ અગ્રવાલ, IAS (નિવૃત્ત) દ્વારા 1 ઓક્ટોબર 2024ના રોજ મીડિયા સાથેની વાતચીતમાં ઘોષણા કરવામાં આવી હતી. ઉમાશંકર યાદવે માહિતી આપી હતી કે ભારતના તમામ ભાગો અને વિદેશમાંથી પચાસથી વધુ વક્તાઓ તમામ ક્ષેત્રના લોકોનું પ્રતિનિધિત્વ કરતા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ફિલ્મોના પોસ્ટર વિમોચન અને પુસ્તક વિમોચન સહિત લગભગ વીસ સેશનમાં ભાગ લેશે. ઉત્સવની શરૂઆત જાણીતા કલાકાર રચના યાદવના કથ્થક પરફોર્મન્સ સાથે થશે જે પ્રતિષ્ઠિત હિન્દી સાહિત્યિક સામયિક હંસના પ્રકાશક અને મેનેજિંગ ડિરેક્ટર છે. વક્તાઓમાં જાણીતા સ્ક્રીન રાઈટર અને લિરિસિસ્ટ નિરેન ભટ્ટ, કવિ અને ડિપ્લોમેટ અભય કે., લિરિસિસ્ટ ડૉ. સાગર, એજ્યુપ્રિનર અને રાઈટર ડૉ. મંજુલા પૂજા શ્રોફ, લિરિસિસ્ટ ડૉ. સાગર, માઈથોલોજીકલ રાઈટર કવિતા કાણે, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ ઝા, કવિ અને નવલકથાકાર મુકુલ કુમાર, હિન્દી બ્લોગર, રાઈટર અને બ્યુરોક્રેટ કૃષ્ણ કુમાર યાદવ, ડૉ.ઉપેન્દ્રનાથ રૈના, ડૉ હીરા લાલ IAS, અજય ચૌધરી IPS, નૈષધ પુરાણી અને અન્યનો સમાવેશ થાય છે. હિન્દી અને ગુજરાતી ફિલ્મ ઉદ્યોગના કલાકારો કરણ ઓબેરોય, વિશાલ યાદવ અને હાર્દિક શાસ્ત્રી તેમના કામ, ફિલ્મો અને વિવિધ શૈલીઓ અને માધ્યમો વિશે વાત કરશે.

# કોમર્સ કૉલેજ, મોડાસા દ્વારા સફાઈ અભિયાન કાર્યક્રમ યોજાયો



રાકેશ મહેતા : ધનસુરા

ધી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એચ એસ શાહ કૉલેજ ઑફ કોમર્સ, મોડાસાના એન.એસ.એસ. યુનિટ દ્વારા આજ રોજ સ્વચ્છતા હી સેવા - 2024 અંતર્ગત મોડાસા નગરપાલિકા બગીચાની સાફસફાઈ કરવામાં આવી. પૂર્વ નગરપાલિકા પ્રમુખ તથા કોલેજના પ્રભારી મંત્રી શ્રી સુભાષભાઈ શાહ આ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. કોલેજના 50 સ્વયંસેવકોની સાથે પ્રોગ્રામ ઓફિસર ડૉ.ઈલાબેન સગર તથા પ્રા. અમિતભાઈ વસાવા આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# 5 થી 7 ઓક્ટોબર સુધી રેલવે ક્રોસિંગ નં. 06-SPL કુબેરનગર ફાટક બંધ રહેશે

(એજન્સી) અમદાવાદ । તા. 01

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના અમદાવાદ-હિંમતનગર-ઉદયપુર રેલવે લાઈન પર અસારવા-નરોડા રેલવે સેક્સનમાં સ્થિત રેલવે ક્રોસિંગ નંબર 06 SPL કિમી 403/6-7 કુબેરનગર ફાટક આવશ્યક સમારકામ અને જાળવણી માટે 05 ઓક્ટોબર 2024ના રોજ સવારે 08:00 વાગ્યાથી 07 ઓક્ટોબર 2024 સુધી સાંજે: 18:00 સુધી (3 દિવસ માટે) બંધ રહેશે. રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન નરોડા ગેલેક્સી અંડર બ્રિજ (LHS-7A) અને સૈજપુર અંડરપાસ દ્વારા મુસાફરી કરી શકે છે.

**અમારા અહેવાલ બાદ તંત્ર જાગ્યું....**

# રાજપીપળા સિવિલમાં દારૂની પોટલી મળ્યાના અહેવાલ બાદ તપાસ કરતા બીજી ચારેક પોટલી મળી આવી

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લા ની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં અનેક તકલીફો સામે આવે છે જેમાં બે દિવસ પહેલા આર.એ. ઓ. કચેરી પાસેના બાથરૂમ માંથી દેશી દારૂની બે ખાલી પોટલીઓ મળી આવ્યા બાદ અમારા અખબારમાં આ બાબતના અહેવાલ પ્રસિદ્ધ થયા અને આ અહેવાલ વાંચી સિવિલ સત્તાધીશો સફાળા જગ્યા અને હોસ્પિટલ નો રાઉન્ડ મારી ચેકીંગ કરતા બીજી ખાલી પોટલીઓ પણ મળી આવી હતી જાણવા મળ્યા મુજબ બે દિવસ પહેલા અમારા અખબારી અહેવાલ માં દેશી દારૂની ખાલી પોટલીઓ આર.એમ. ઓ. ની ઓફીસ પાસેના બાથરૂમ માંથી મળી આવી હોવાનો ઘટસ્પોટ કર્યા બાદ સિવિલ સત્તાધીશો અને કોન્ટ્રાકટર ની ટીમે આખી હોસ્પિટલ માં રાઉન્ડ મારી ચેકીંગ હાથ ધર્યું હતું અને આ રાઉન્ડ દરમિયાન જ બીજ ચારેક દારૂની ખાલી પોટલીઓ મળી આવતા રાઉન્ડ માં ગયેલા સત્તાધીશો ચોંકી ઉઠ્યા હતા. જ્યાં ગુટખા કે તમાકુ લઈ જવા પર પ્રતિબંધ છે ત્યાં દારૂની પોટલીઓ કંઈ રીતે આવી તેવા સવાલ પણ ઉઠ્યા હતા.

# અમદાવાદનું રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટમાં મજબૂત માંગ જોવા મળી રહી છે

## ઈન્વેન્ટરી ઓવરહેંગ નવા અમદાવાદનું રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટમાં મજબૂત માંગ જોવા મળી રહી છે કારણ કે ઈન્વેન્ટરી ઓવરહેંગ નવા નીચા સ્તરે પહોંચી છે: Proptiger.com રિપોર્ટ

(એજન્સી) અમદાવાદ । તા. 01

ભારતીય રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટે એક ઐતિહાસિક માઈલસ્ટોન હાંસલ કર્યું છે જ્યાં ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં 22 મહિનાની સરખામણીએ જૂન ક્વાર્ટરમાં ઈન્વેન્ટરી ઓવરહેંગ (વેચાણની ગતિના આધારે ન વેચાયેલ સ્ટોક વેચવા માટે જરૂરી અંદાજિત સમય) ઘટીને 22 મહિના થઈ ગયો છે 34 મહિના હતો. આ ઘટાડો સમગ્ર ક્ષેત્રમાં મજબૂત માંગને દર્શાવે છે. નોંધનીય છે કે, ઈન્વેન્ટરી ઓવરહેંગ વિવિધ પ્રદેશોમાં નોંધપાત્ર રીતે બદલાય છે, જેમાં દિલ્હી-NCR માં સૌથી વધુ 31 મહિના અને કોલકાતામાં સૌથી ઓછું 16 મહિના છે. 'રિયલ ઈનસાઈટ રેસિડેન્શિયલ - એપ્રિલ-જૂન 2024' શીર્ષકવાળા તેના ત્રિમાસિક અહેવાલમાં, ગુરુગ્રામ-મુખ્યમથક ધરાવતી ફર્મએ મુખ્ય પ્રદેશોમાં નોંધપાત્ર સુધારાઓ દર્શાવ્યા હતા, NCR ના ગુરુગ્રામમાં Q2 2023 ના 72 મહિનાથી Q2 2024 માં 31 મહિનામાં ઈન્વેન્ટરી ઓવરહેંગમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. અમદાવાદએ પણ મજબૂત કામગીરી દર્શાવી, તે જ સમયગાળા દરમિયાન તેની ઈન્વેન્ટરી ઓવરહેંગને 33 મહિનાથી ઘટાડીને 18 મહિના કરી, જે આ બજારોમાં મજબૂત માંગ ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે. ન વેચાયેલી ઈન્વેન્ટરી અંગે, અહેવાલમાં જણાવાયું છે કે પુરવઠા અને ઉપયોગ દરમાં મધ્યસ્થતા હોવા છતાં, ભારતના રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટે સ્થિતિસ્થાપકતા દર્શાવી છે, જે વાર્ષિક ધોરણે 2% નો ઘટાડો દર્શાવે છે, જેના કારણે 30 જૂન સુધી કુલ વેચાણ 9.26 લાખ યુનિટને વટાવી ગયું છે. આ ઘટાડો વિકસતી પરિસ્થિતિઓને અનુરૂપ, એકંદર સ્થિરતા જાળવવા અને વિવિધ પ્રદેશોમાં સતત ખરીદદારના હિતને સૂચવવાની બજારની ક્ષમતાને દર્શાવે છે. PropTiger.com ના ગ્રુપ CFO -REA ઈન્ડિયા અને બિઝનેસ હેડ શ્રી વિકાસ વાધવને જણાવ્યું હતું કે, 'ઈન્વેન્ટરી ઓવરહેંગમાં વાર્ષિક ધોરણે 34 મહિનાથી 22 મહિનાનો નોંધપાત્ર ઘટાડો ભારતના રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટમાં મજબૂત અને ટકાઉ માંગને પ્રતિબિંબિત કરે છે. ગુરુગ્રામ અને અમદાવાદ જેવા શહેરોએ નોંધપાત્ર પ્રગતિ દર્શાવી છે, NCR - ગુરુગ્રામ ઓવરહેંગ Q2 2023 માં 72 મહિનાથી ઘટીને Q2 2024 માં 31 મહિના થઈ ગયું છે, અને તે જ સમયગાળામાં અમદાવાદમાં 33 મહિનાથી 18 મહિના થયું છે. આ વલણ, લગભગ 9.26 લાખ યુનિટ ન વેચાયેલી ઈન્વેન્ટરીમાં 2% વાર્ષિક ઘટાડા સાથે, માર્કેટની સ્થિતિસ્થાપકતા અને વિકસતી પરિસ્થિતિઓમાં અસરકારક ગોઠવણને રેખાંકિત કરે છે.

ગરબાની તૈયારી શરૂ | NAVLI NAVARATRI 2024 | 3 ઓક્ટોબરથી શરૂ

# નવરાત્રીને લઈ ખેલૈયાઓમાં અનેરો થનગનાટ, યુવતીઓમાં વધ્યો ટેટુનો ક્રેઝ



### આકર્ષણનું કેન્દ્ર બનવા બનાવ્યા ટેટુ!

નવરાત્રિને લઈ ખેલૈયાઓમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ યુવતીઓમાં ટેટુનું ઘેલું જોવા મળી રહ્યું છે. ત્યારે લોકો આકર્ષણનું કેન્દ્ર બનવા માટે ટેટુ બનવડાવી રહ્યા છે. નવરાત્રિમાં થીમ બેઝ ટેટુ સાથે ખેલૈયાઓ ટેટુ દોરાવી ગરબે ઘુમશે.

### બોડી પર ટેટુ ચીતરાવવાનો ખેલૈયાઓમાં ક્રેઝ

મહત્વનું કહી શકાય કે, નવરાત્રિમાં આકર્ષણનું કેન્દ્ર બનવા માટે યુવતીઓમાં રંગબેરંગી રંગોથી બોડી પર ટેટુ ચીતરાવવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. જેને લઈને અલગ અલગ થીમ પર યુવતીઓ ટેટુ બનાવડાવી રહી છે. તો સાથે જ 100 રૂપિયાથી લઈને 5000 રૂપિયા સુધીના ટેટુ બનાવડાવામાં આવી રહ્યા છે.

### ખેલૈયાઓ વોટર પ્રુફ ટેટુ દોરાવી ઘુમશે ગરબે

ઉલ્લેખનીય છે કે નવરાત્રિમાં આ વખતે ખેલૈયાઓ વોટર પ્રુફ ટેટુ દોરાવી ગરબે ઘુમશે. સાથે જ મહત્વનું કહી શકાય કે, વુમન્સ સેફટી અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ થીમ પર ટેટુ બનાવડાવામાં આવી રહ્યા છે. સાથે જ અયોધ્યા રામ મંદિરની થીમ પર ટેટુનો ક્રેઝ વધ્યો છે.

### અમદાવાદની નવરાત્રિની વાત જ કઈક અલગ હોય

નવરાત્રિનું નામ પડે એટલે સૌ કોઈના મનમાં ગુજરાત પહેલું નામ આવે. ગુજરાતની નવરાત્રિ ખૂબ જ ફેમસ છે. અને એમાં પણ અમદાવાદની નવરાત્રિની વાત જ કઈક અલગ હોય છે. નવરાત્રિની ખરીદીની વાત હોય કે પછી નવરાત્રિમાં ગરબે ઘૂમવાની અમદાવાદનું નામ મોખરે હોય છે.

## કલરિંગ થ્રેડથી બનાવો સરળ અને યુનિક હેર સ્ટાઇલ, લાગશો હટકે!

નવરાત્રિમાં કંઈક અલગ દેખાવવા માટે આપણે શું નથી કરતા. મેક અપ, ચણિયા ચોળી, નેઈલ તથા હેર સ્ટાઇલ આ બધુ જ એક લુક કમ્પ્લિટ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ત્યારે જો હેર સ્ટાઇલની વાત કરીએ તો, મોટા ભાગે લોકો માથે ઓઢતા હોય છે. તો કોઇ ઓપન હેર રાખે છે અથવા તો અંબોડો બાંધીને કોઈ સરસ બ્રોચ લગાવી દે છે. પરંતુ આ વખતે કેટલીક એવી સ્ટાઇલ છે જે તમે બાંધેલા હેર અને ઓપન હેરમાં પણ રાખી શકો છો. ત્યારે આવો જાણીએ કેવી હેર સ્ટાઇલ છે ટ્રેન્ડમાં નવરાત્રીમાં મહિલાઓ સૌથી અલગ દેખાવવા વિવિધ આઉટફિટ્સ અને મેકઅપ કરાવે છે ત્યારે આ વર્ષે મહિલાઓ મેકઅપની સાથે અવનવી હેરસ્ટેલ કરાવવાનો પણ ભારે ટ્રેન્ડ જોવા મળી રહ્યો છેજેમાં ક્વિક અને યૂનિક અલગ અલગ હેર સ્ટાઇલ મહિલાઓ કરે છેઆ યુનિક હેર સ્ટાઇલ તમે ઘરે કરી શકો છો. જેના માટે જરૂર પડશે થ્રેડબિડ્સઅને આર્ટીફિશીલ કોઈન્સની. આની મદદથી તમે



ઓપન હેર માં ખુબ સળતાથી અલગ જ હેર સ્ટાઇલ કરી શકો છો.વિવિધ રંગના દોરા વડે તમે માથામાં નાની નાની ચોટલી તથા સાગર ચોટલી વાળી શકો છો. જો તમે ઈચ્છો તો આ પ્રકારની હેર સ્ટાઇલ કરીને વાળ બાંધી પણ શકો છો જેથી ગરબા રમતી વખતે ગરમી ન લાગે. આ પ્રકારની હેર સ્ટાઇલ કરવાથી તમે એલિગન્ટ અને રીચ લુક અપાવશે. આ હેર સ્ટાઇલ વર્કિંગ વુમન અને યુવતીઓ માટે ખુબ સરળ છે, આ હેર સ્ટાઈલ માટે વાળના 2 ભાગ કરીને પાતળી શેર લઈને એમાં રેશમના લાંબી કલરીંગ થ્રેડને જોડીને ગૂંથવામાં આવે છે. એક પછી એક એમ વારા ફરતી વાળની શેર સાથે બન્ને સાઈડ દોરીને ગૂંથવામાં આવે છે, ત્યારબાદ બન્ને દોરીના છેડાને એક સાથે બાંધીને ડેકોરેટિવ ઝુમખા સાથે ગાંઠ બાંધવામાં આવે છે ત્યારબાદ નાની કલરીંગ કોડીઓથી ડેકોરેટ કરવામાં આવે છે આ હેરસ્ટાઇલ ટ્રેડિશનલ લુકની સાથે ખૂબ જ યૂનિક ટ્રેન્ડી અને સરળ છે જેની આ નવરાત્રીમાં ભારે બોલબાલા જોવા મળી રહી છે

## નવરાત્રિમાં નેઈલ આર્ટના નવરંગ, લેટેસ્ટ ડિઝાઇન અને ટ્રેન્ડ

નવરાત્રિ નજીક છે. ત્યારે ગરબા પ્રેમીઓ ગરબામાં મસ્ક લુક મેળવવા માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે. ખાસ કરીને પોશાક, હેરસ્ટાઇલ, મેકઅપ અને હવે તો નેઇલ પણ તમારા લુકમાં એટલો જ મહત્વનો રોલ ભજવે છે. ત્યારે આ વખતે નવરાત્રિને લઈને મહિલાઓ નેઇલ પ્રત્યે પણ એટલી જ સજાગ જોવા મળી રહી છે. ત્યારે આ વખતે લોકો કેવા પ્રકારના નેઇલ આર્ટ કરાવી રહ્યા છે કેવો છે ટ્રેન્ડ તે વિશે જાણીએ.નવરાત્રિ દરમિયાન ચણિયાચોળીથી માંડી મેકઅપ અને ફૂટવેર સુધીની તૈયારીઓ થઇ રહી છે. ત્યારે નેઈલ કેમ શાઈન ન કરે. એટલું જ નહીં આ બધાની સાથે સાથે નેઈલ્સ પણ સુંદર લાગવા જોઈએ જેના માટે યુવતીઓને



આર્ટિફિશિયલ નેઈલનું ઘેલું લાગ્યું છે. આર્ટીફિશિયલ નેઈલનો સૌથી વધારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. લોકો ટેમ્પટરી નેઈલ એક્સટેન્ડ કરાવી રહ્યા છે. અને ચણિયાચોળીમાં ઓવર ઓલ મેચ થાય તેવા રંગના નેઈલ આર્ટ પસંદ કરી રહ્યા છે.અત્યારે નવરાત્રિને લઈને જો વાત કરીએ તો કોઈ નેઈલ પર રાસ રમતી યુવતી...તો કોઈ માતાજીનું ચિત્ર દોરાવી રહ્યું છે..તો કોઈ માતાજીના પગલા કરાવી રહ્યું છે...આ સાથે જ નવરાત્રિના અલગ અલગ જાતના ચિહ્ન પણ કરાવી રહ્યું છે....ત્યારે આ વર્ષે મહિલાઓ હવે અવનવા નેઇલ આર્ટ કરાવીને ગરબા રમવા જશે..જેથી તાલીઓના તાલે ગરબે ઘૂમતી નારીઓના નખ પાર સૌ કોઈનું ધ્યાન જાય.યુવતીઓ આર્ટિફિશિયલ નેઈલ પણ કરાવી રહી છે... યુવતીઓ હવે સામાન્ય નેઈલ પોલિસ છોડીને કંઇક હટકે કરાવી રહી છે. આ વર્ષની નવરાત્રિમાં ગર્લ્સમાં આર્ટિફિશિયલ નેઇલનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે.... નેઈલ આર્ટથી આંગળીઓની સુંદરતામાં વધારો થાય છે... તેથી જ તો અમદાવાદમાં પ્રોફેશનલ નેઈલ આર્ટનાં સ્ટુડીયોની અંદર મહિલાઓનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે.

# પહેલા નોરતે જવ કેમ વાવવામાં આવે ? જાણો તેનું ધાર્મિક મહત્ત્વ

દર વર્ષે અશ્વિન માસની શુક્લ પક્ષની પ્રતિપદા તિથિથી શારદીય નવરાત્રિનો પ્રારંભ થાય છે. આ દિવસથી નવ દિવસ સુધી મા દુર્ગાના ૯ અલગ-અલગ શક્તિ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. વાસ્તવમાં, નવરાત્રિ વર્ષમાં ચાર વખત પોષ, ચૈત્ર, અષાઢ અને અશ્વિન મહિનામાં આવે છે. ચૈત્ર અને અશ્વિનમાં આવતી નવરાત્રિ મુખ્ય છે, જ્યારે અન્ય બે મહિનામાં આવતી નવરાત્રિ પોષ અને અષાઢને ગુપ્ત નવરાત્રિ તરીકે ઉજવવામાં આવે છે. અશ્વિન મહિનાથી પાનખર શરૂ થાય છે, તેથી અશ્વિન મહિનાની આ નવરાત્રિઓને શારદીય નવરાત્રિ તરીકે ઓળખવામાં આવે છે. શારદીય નવરાત્રિ 3જી ઓક્ટોબરથી શરૂ થઈ રહી છે જે 11મી ઓક્ટોબર સુધી ચાલશે.

દંતકથા અનુસાર જ્યારે પૃથ્વી પર રાક્ષસોના અત્યાચાર વધી ગયા હતા ત્યારે માતા દુર્ગાએ તેમનો વધ કરીને માનવજાતનો જીવ બચાવ્યો હતો. એવું કહેવાય છે કે દેવી દુર્ગા અને રાક્ષસો વચ્ચેના સંઘર્ષ દરમિયાન પૃથ્વી પર દુકાળ પડ્યો. જ્યારે દેવી માતા દ્વારા રાક્ષસોના વિનાશ પછી પૃથ્વી ફરી હરિયાળી બની હતી, ત્યારે જવ સૌથી પહેલા ઉગાડવામાં આવ્યું હતું, તેથી જવને સમૃદ્ધિ અને ફળદ્રુપતાનું પ્રતીક માનવામાં આવે છે. બીજી માન્યતા અનુસાર, જ્યારે ભગવાન બ્રહ્માએ આ સૃષ્ટિની રચના કરી, ત્યારે પ્રથમ પાક જવ હતો. એવું કહેવાય છે કે નવરાત્રિના પહેલા દિવસે ઘટસ્થાપનના સમયે જવની સૌથી પહેલા પૂજા કરવામાં આવે છે અને તેને કળશમાં સ્થાપિત કરવામાં આવે છે. નવરાત્રિ દરમિયાન જવ વાવવાની પરંપરા પૃથ્વી પર સમૃદ્ધિનો સંદેશ આપે છે.જો નવરાત્રિ દરમિયાન વાવેલ જવ સારી રીતે ઉગે નહીં અથવા તેનો રંગ કાળો કે પીળો હોય તો તે શુભ સંકેત નથી. જવની ઓછી વૃદ્ધિને અશુભ માનવામાં આવે છે. જો નવરાત્રિ દરમિયાન વાવેલા જવનો રંગ લીલો અથવા અડધો સફેદ હોય તો તેને શુભ સંકેત માનવામાં આવે છે.

તેનો અર્થ એ છે કે તમારી બધી સમસ્યાઓ જલ્દી જ દૂર થઈ જશે.જો નવરાત્રિ દરમિયાન વાવેલા જવના બીજ અંકુરિત થાય છે અને સારી રીતે વિકસિત થાય છે, તો તેનો અર્થ એ છે કે તમારા ઘરમાં સમૃદ્ધિ અને ખુશીઓ આવશે. જવ સારી રીતે ઉગાડવાનો અર્થ એ છે કે તમારા ઘરની આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત થશે. આ ઉપરાંત તમારા પરિવારનું સ્વાસ્થ્ય પણ સારું રહેશે.

### પ્રથમ દિવસે ઘટસ્થાપન અથવા કળશ સ્થાપન કરવામાં આવે છે



પ્રથમ દિવસે ઘટસ્થાપન અથવા કળશ સ્થાપન કરવામાં આવે છે. આ સાથે જવનું વાવેતર પણ આ દિવસે કરવામાં આવે છે. જેને જુવારા કહેવામાં આવે છે. નવરાત્રિ દરમિયાન જવ વાવવા વિશે એવી માન્યતા છે કે તેનાથી પરિવારમાં સુખ અને સમૃદ્ધિ આવે છે. એટલું જ નહીં ઘરનો ભંડાર હંમેશા પૈસા અને અનાજથી ભરેલો રહે છે. તો ચાલો જાણીએ નવરાત્રિ પહેલા જવ વાવવાની પરંપરા કેવી રીતે શરૂ થઈ.

# ઑફિસમાંથી ટાઇમ કાઢીને કરી લો આ કામ, હાર્ટ એટેકનો ટળશે ખતરો

હૃદય સંબંધિત રોગોના વધતા જતા કેસ ખરેખર ચિંતાનો વિષય છે. જો તમે પણ હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીનો શિકાર ન થવા માંગતા હોવ તો તમારે તમારી જીવનશૈલી અને આહાર યોજનાને સ્વસ્થ રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. આજે અમે તમને એવી જ કેટલીક ટિપ્સ વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેને અનુસરીને તમે તમારા હૃદયના સ્વાસ્થ્યને મજબૂત બનાવી શકો છો. એટલું જ નહીં, આ ટિપ્સની મદદથી તમે હાર્ટ એટેકનું જોખમ પણ ઘટાડી શકો છો.



**કસરત કરો |** દરરોજ અડધો કલાક મધ્યમ એરોબિક કસરત કરીને તમારા હૃદયની તંદુરસ્તી સુધારી શકાય છે. તમે તમારી દિનચર્યામાં ચાલવા, દોડવા, સ્વિમિંગ અથવા સાયકલ ચલાવવા જેવી પ્રવૃત્તિઓનો પણ સમાવેશ કરી શકો છો. આ સિવાય સ્ટ્રેન્થ ટ્રેનિંગ અને સ્ટ્રેચિંગ પર પણ ધ્યાન આપો.

**સ્ટ્રેસ મેનેજ કરો |** જો તમે તમારા હૃદયના સ્વાસ્થ્યને નુકસાન થવાથી બચાવવા માંગતા હો, તો તમારે તમારા તણાવને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. યોગ અથવા ધ્યાનની મદદથી તમે તમારા તણાવને ઘણી હદ સુધી ઘટાડી શકો છો.

**વજન પર નિયંત્રણ રાખવું |** હૃદયના સ્વાસ્થ્ય માટે સ્વસ્થ વજન જાળવી રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્થૂળતાના કારણે તમે હાર્ટ એટેક જેવી ગંભીર બીમારીઓનો ભોગ બની શકો છો. કેલરીને નિયંત્રિત કરીને, તમે હૃદય સંબંધિત રોગોના જોખમને ઘણી હદ સુધી ઘટાડી શકો છો.

**સ્વસ્થ આહાર યોજનાને અનુસરો |** મજબૂત હૃદયની તંદુરસ્તી જાળવવા માટે, તંદુરસ્ત અને સંતુલિત આહાર યોજનાનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. ફળો, શાકભાજી, અનાજ, દૂધ જેવી વસ્તુઓનું સેવન અને લાલ માંસ, માખણ, મીઠું જેવી વસ્તુઓનું સેવન ઓછું કરવું તમારા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સાબિત થશે.

# સત્ય,અહિંસા અને ધર્મ ત્રણ હથિયાર હેઠળ ગાંધીજી એ અંગ્રેજો ને હંફાવ્યા

**ગાંધીજી એ લખેલ આત્મ કથા “સત્ય ના પ્રયોગ” માં એ લખ્યું છે કે ધર્મ એજ મારી રીતી નીતિ છે.ખાડા ની ધાર પર ચાલતો હોવ છું છતાંય મઝીલ પસાર થઈ જાય છે,હું નિત્ય ઈશ્વર ના સ્મરણ મગ્ન હોવ છું ને નજર સામે પરમ કૃપાળુ ની ઝાંખી કર્યા કરતો હોવ છું. સત્ય ના પ્રયોગો ના રસ્તે ચાલવું ખૂબ જ કઠણ છે પરંતુ સફળતા પણ આજ માર્ગ થી મળી શકે છે જે અભિમાની ને સમજવું અશક્ય લાગે છે પરંતુ નિર્દોષ બાળક ને સમજવું સહેલું હોય છે.**


દે દી હમે આઝાદી બિના ખડગ બીના ઢાલ,
સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ.
રઘુપતિ રાઘવ રાજારામ

દેશભરના ની શાળા કોલેજો માં ૨ઓકટોબર એટલે ગાંધી જયંતિ નો દિવસ ગાંધી વિચાર રૂપે ઉજવતો હોય છે.વકૃત્વ સ્પર્ધા,નિબંધ સ્પર્ધા વગેરે નું વિશેષ ગાંધી વિચાર પર મોટા પાયે આયોજન ૨ ઓકટોબરે થાય છે. શું છે ગાંધીવિચાર? મુન્ના ભાઈ એમ.બી.બી.એસ મૂવી મોટાભાગ ના લોકો એ જોઈ જ હશે.મુન્ના અને સર્કિટ જેવી માથાભારે ગુંડા તત્વો પણ ગાંધી વિચાર વાંચ્યા બાદ સજજ બની ગયા હતા એ ફિલ્મ નું મુખ્ય હાર્દ છે કે વિચાર શુધ્ધ તો મન શુદ્ધ. સત્ય,અહિંસા અને ધર્મ ત્રણ હથિયાર હેઠળ ગાંધીજી એ અંગ્રેજો ને હંફાવ્યા હતા. આ ત્રણ હથિયાર એ મોટી મોટી મિસાઈલ ને પણ ધૂળ ચાટતી કરી દીધી હતી. આશરે ૫૦૦વર્ષ થી પણ વધારે વર્ષ ભારત ને ગુલામ બનાવી ને રાજ કર્યું હતું.આ દરમિયાન ગુલામી ની ઝંઝીર તોડવા માટે શહીદો એ જાન ની પણ પરવા કરી નહતી પરંતુ એ લોકોએ વાપરેલા હથિયારો વિશે અંગ્રેજો ખુદ નિષ્ણાત હતા પરંતુ સત્ય, અહિંસા,ધર્મ સામે લડવું એમના માટે ભારે પડી ગયું હતું. ગુલામી ની ઝંઝીરો માં જકડાયેલા દેશમાં એ સમયે કારુંણ ગરીબીની યાતના અને ભૂખમરો એટલો કે એનું વર્ણન કરતાં પણ રડવું આવી જાય એવું હતું. આઝાદી ની ચળવળ શરૂ કરતાં પહેલા ગાંધીજી ત્રણેય ઋતુ માં અંગ પર પોતડી અને ભાગ્યેજ પગ માં ચપલ પહેરતા હતા.માત્ર બકરી નું દૂધ સાથે સાદુ ભોજન લેવાનું નક્કી કર્યું એનું માનવું હતું કે દેશની મોટાભાગ ની ગરીબ આબાદી પાસે અંગ ઢાંકવા કપડાં નથી અને ખાવા માટે અપૂરતું અનાજ મળે આ કારણોસર એક ગાંધી વિચારે વિદેશી કપડા અને ડિગ્રી નો સામૂહિક બહિષ્કાર કર્યો હતો. ૫૦૦ વર્ષ થી વધારે ગુલામી બાદ ભારત ને આઝાદ કરવું હશે તો પ્રથમ આમ ભારતીય બનવું એ પણ ગાંધી વિચાર ની સૂઝબૂઝ સમજો.

જેરામદાસ અને સ્વામી આનંદ જેવા નજીક ના ખાસ મિત્રો ની માંગણી ને માન આપીને ગાંધીજી એ એની આત્મ કથા “સત્ય ના પ્રયોગો” લખી હતી. દરેક ભારતીયે ગાંધીજી ની આત્મ કથા “સત્ય ના પ્રયોગો” અચૂક વાચવા ની જરૂર છે. અસહકાર આંદોલન ની આઝાદી ની ચળવળ માં ફાટી નીકળેલી હિંસા દરમિયાન ગાંધીજી ની ધરપકડ થતાં છ વર્ષ ની સજા થઈ હતી પરંતુ બે વર્ષમાં સજા ઘટતા જેલ માંથી બહાર આવતા જ લોકોને સમજાવ્યું કે આ લડત અહિંસા અને સત્ય ની છે આ લડત ના મુખ્ય હથિયાર જ અહિંસા અને સત્ય નું પાલન પ્રત્યેક કરશે જો ગડબડ થઈ તો આમરણાંત ઉપવાસ કરશે. ગાંધી વિચાર ના ફરમાન માત્ર થી જનતા એ “અહિંસા અને સત્ય” મૂળ વિચાર ને આઝાદી માટે અંગ્રેજો ને હરાવવા નું હથિયાર માન્યું હતું. ગાંધીજી એ બુક ની પ્રસ્તાવના લખતાં લખ્યું છે કે:

“વાસ્તવિક રીતે આત્મકથા લખવાનો પ્રયાસ કરવાનો મારો હેતુ નથી. મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે પ્રયોગો કરેલાં છે તેની કથા લખવી છે. તેમાં મારૂં જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવનવૃતાંત જેવી થઈ જશે. જેમ કે મારા જીવનમાં પ્રયોગો સિવાય બીજું કશું જ નથી, તેથી સાચું છે કે આ વાર્તા આત્મકથાનો આકાર લેશે. પરંતુ જો તેમાંથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતાને નિર્દોશ ગણું.”

ગાંધીજી એ લખેલ આત્મ કથા “સત્ય ના પ્રયોગ” માં એ લખ્યું છે કે ધર્મ એજ મારી રીતી નીતિ છે.ખાડા ની ધાર પર ચાલતો હોવ છું છતાંય મઝીલ પસાર થઈ જાય છે,હું નિત્ય ઈશ્વર ના સ્મરણ મગ્ન હોવ છું ને નજર સામે પરમ કૃપાળુ ની ઝાંખી કર્યા કરતો હોવ છું. સત્ય ના પ્રયોગો ના રસ્તે ચાલવું ખૂબ જ કઠણ છે પરંતુ સફળતા પણ આજ માર્ગ થી મળી શકે છે જે અભિમાની ને સમજવું અશક્ય લાગે છે પરંતુ નિર્દોષ બાળક ને સમજવું સહેલું હોય છે. સત્ય ના પૂજારી ને રજકણ શુધ્ધા કચડી ના શકે એટલા અલ્પ ના બને ત્યાં સુધી એને સત્ય ની ઝાંખી નથી થતી આ વાત વિશ્વામિત્ર અને વશિષ્ઠ આખ્યાન માં સ્પષ્ટ દર્શાવ્યું છે.મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મ ગ્રંથો માં પણ આ જ છે. અસત્ય નિત્ય દ્રશ્યમાન હોય છે ને સત્ય અદશ્ય જ રહેવાનું.કેમ? સત્ય ને સાબિત કરવું પડતું નથી એ કાળે ક્રમે સાબિત થઈ જાય છે. કનફેશન એ લાઈફ ની મોટામાં મોટી ઈશ્વરની કૃપા સમજો.કનફેશન દ્વારા ભૂલ નો સ્વીકાર કરો,ભૂલ સ્વીકારવાથી ભૂલો ફરી થતી નથી. ગાંધીજી એ સત્ય ના પ્રયોગ આત્મ કથા માં લખ્યું છે કે કરેલી અસંખ્ય ભૂલો માં એના સાથીઓ ના નામનો ઉલ્લેખ કરવા માંગતા નથી. સત્યવાદી રાજા હરીશ ચંદ્ર નું નાટક જોતા વિચારે છે કે બધા હરીશ ચંદ્ર કેમ ના બની શકે? સત્ય એ જ પરમેશ્વર માનતા ગાંધીજી ની આત્મ કથા “સત્ય ના પ્રયોગો” વાચતા અચૂક લાગશે કે આ આત્મન કથા એ ઉપનિષદ ના ઋષિઓ,બાઈબલ ના પ્રવકતાએ, અથવા તો સંતો જ્ઞાનેશ્વર અને કબીર ની હરોળ માં મૂકે છે.



ગાંધી વિચાર એ આપેલ લોકો ના આત્મ કલ્યાણ માટે ની ભેટ સત્યાગ્રહ, એકાદશવ્રત, રચનાત્મક કાર્ય. “સત્ય ના પ્રયોગ” આત્મ કથા ગુજરાતી ભાષા માં લખી છે. અંગ્રેજી હિન્દી પણ લખી શકતા હોત પરંતુ મૂળ ભૂમિ ને શબ્દો નો સ્પર્શ ભાષા થી મળતો હોય છે.જીવન પર્યંત માતા ને આપેલ વચન પર સ્ત્રી ગમન, માંસ,મદિરા સ્પર્શ ના કરવો ને ધર્મ ને ચુસ્તતા થી પાલન કરવું આ વચનો નું બાપુ એ અંત સુધી પાલન કર્યું હતું. ગાંધી એક વિચાર સાથે સફળતા ની સીડી સડસડાટ પાર કરવાની યુક્તિ છે. આઝાદી ની ચળવળ વખત થી સાબરમતી આશ્રમ માં સવાર સવાર માં ગવાતી પ્રાર્થના એ બાપુ નું પ્રિય નરસિંહ મહેતા રચિત ભજન :

વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પર દુ:ખે ઉપકાર કરે તોયે મન અભિમાન ના આણે રે

વર્તમાન સમયમાં યુવા પેઢીઓ માં ગાધી વિચાર માં બે ફાંટા છે.એનું મુખ્ય કારણ કોંગ્રેસ પાર્ટીની ગાંધી વિચાર થી ઉલટ રિતિનીતી.આઝાદી પહેલાં બનાવેલ સંવિધાન માં અનામત મુદ્દો અને અલ્પ સંખ્યકો ને અમુક લાભ માત્ર આઝાદી બાદ પ્રથમ “પાંચ વર્ષ” ઉલ્લેખ કર્યો હોવા છતાંય તુષ્ટિકરણ ની નીતિ માં ખુદ નો લાભ વિચારતી એ વખતે સતા પર બેઠેલી પાર્ટી એ બન્ને મુદ્દા નાબૂદના કર્યા. વિચારશીલ યુવા વર્ગ નેહરુ કરતા ગાંધીજી ને વિલન વધારે માને છે.નહેરુ વડાપ્રધાન બન્યા બાદ એણે ૯૦% હિન્દુ આબાદી ને પારાવાર દર કિનાર કર્યા કર્યો હતો.

આઝાદી સમયે ભારત ના બે ભાગલા હિન્દુ મુસ્લિમ ના નામે પડ્યા હતા. છતાંય ગાંધીજી એ જનતા ને ઉપવાસ ની ચીમકી આપી ને પાંચ કરોડ મુસ્લિમ લોકોને ભારત માં શરણ આપ્યું હતું.એ વખતે અખંડ હિન્દુ રાષ્ટ્ર ભારત પાકિસ્તાન ની જેમ બન્યું હોત તો ભારત ચીન અને જાપાન કરતા પણ વધારે સમૃદ્ધ હોત.

નથી માનતી કે સત્ય,અહિંસા અને ધર્મ ને હથિયાર માનતા આઝાદી બાદ બધા નિર્ણયો બાપુ ના હશે.સ્પષ્ટ સતા લોભી લાલચુ રાજકારણીની સોચી સમજી રમત વધારે લાગે છે.ભારત ની સત્તા હાંસલ કરવા બાપુના નામનું હથિયાર બનાવી ને ભારતીય જનતા સાથે કુટિલ રમત રમ્યા હોય શકે. બાકી વિચારો જે વ્યક્તિ એ દેશની આઝાદી માટે વિદેશ ના સુખ સગવડતા ભર્યું શિક્ષણ છોડી ને સત્ય,ધર્મ,અહિંસા, બ્રહ્મચાર્ય નું વ્રત ધારણ કરીને દેશને આઝાદ કરવાનો ખાદી નો ભેખ ધારણ શું કામ કર્યો? આઝાદી બાદ અત્યાર સુધી ભારતીય રાજકારણ માં સતાં પર ગાંધી વધારે રહિયા છે પરંતુ એ બધા ગાંધીજી ના વંશજ નથી. ગાંધી એક વિચાર છે સમજવું હોય તો “સત્ય ના પ્રયોગ” અચૂક વાંચજો.

# 'સિકંદર'માં વરુણ ધવનની ભત્રીજીની એન્ટ્રી...!

## સલમાનની ફિલ્મમાં અંજિની ધવન જોવા મળશે, 'બિન્ની એન્ડ ફેમિલી'થી કર્યું બોલિવૂડમાં ડેબ્યૂ

(એજન્સી) મુંબઇ | તા.01

વરુણ ધવનની ભત્રીજી અંજની ધવને ફિલ્મ 'બિન્ની એન્ડ ફેમિલી'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું છે. આ ફિલ્મ 27 સપ્ટેમ્બરે રિલીઝ થઈ હતી. જોકે તે બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નથી. પરંતુ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અંજિની હવે સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર'માં જોવા મળશે.

સલમાન ખાનની ફિલ્મ સિકંદરમાં મુખ્ય પાત્ર માટે નવા ચહેરાની શોધ કરવામાં આવી રહી હતી. અંજિની એકદમ ફિટ બેસે છે, તેથી જ તેને કાસ્ટ કરવામાં આવી છે. હવે ટૂંક સમયમાં તે આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. જો કે, ફિલ્મમાં સલમાન ખાન સાથે તેના સંબંધો કેવા હશે તે અંગે હજુ સુધી કોઈ માહિતી નથી. પરંતુ એવું ચોક્કસ કહેવાય છે કે અંજિની ફિલ્મનો મહત્વનો ભાગ બનવા જઈ રહી છે, તેથી જ મેકર્સ તેના પાત્રને છુપાવવા માંગે છે.



'સિકંદર'ની કાસ્ટ સિકંદર ફિલ્મમાં સલમાન ખાન ઉપરાંત રશ્મિકા મંદાના, સુનીલ શેટ્ટી, સત્યરાજ અને કાજલ અગ્રવાલ જેવા કલાકારો જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન એઆર મુરુગાદોસ કરી રહ્યા છે. ફિલ્મની વાર્તા આ ફિલ્મમાં સલમાન ખાન ભ્રષ્ટાચાર સામેની લડાઈ લડતો જોવા મળશે. તેની ફિલ્મ 2025માં ઈદના અવસર પર બોક્સ ઓફિસ પર ટકરાશે.

'બિન્ની એન્ડ ફેમિલી'ની વાર્તા વરુણ ધવનની ભત્રીજી અંજની ધવન સિવાય પંકજ કપૂર પણ 'બિન્ની એન્ડ ફેમિલી'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મની વાર્તા આજની પેઢીને એક એવી છોકરી સાથે પરિચય કરાવે છે જે જીવનમાં વિવિધ અનુભવોમાંથી પસાર થઈ છે.

# જિંદગીનો કોઈ ભરોસો નથી!: 'દેવરા' જોતી વખતે જુનિયર NTRના ફેનનું મોત, સ્પેશિયલ સ્ક્રીનિંગ જોવા ગામડેથી આવ્યો હતો...



(એજન્સી) મુંબઇ | તા.01

જુનિયર NTR અને જાહ્નવી કપૂર સ્ટારર ફિલ્મ 'દેવરાઃ પાર્ટ 1' 27 સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ ભાષામાં રિલીઝ થયેલી આ ફિલ્મને લગતા ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર હેડલાઈન્સમાં છે, જેમાં ફેન્સ મજા કરતા જોવા મળે છે. એવામાં જુનિયર NTRના એક ફેન્સનું ફિલ્મ જોતી વખતે મૃત્યુ થયું છે.

ડેક્કન ક્રોનિકલના અહેવાલ મુજબ, તાજેતરમાં આંધ્રપ્રદેશના કુડ્ડાપાહમાં જુનિયર NTRના ફેન્સ માટે એક વિશેષ સ્ક્રીનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મસ્તાન વાલી, જે જમનપલ્લે ગામનો છે, તે પણ ફિલ્મ જોવા માટે તેના ગામથી કુડ્ડાપહ પહોંચ્યો હતો. પહેલા શોમાં તે તેના મિત્રો સાથે મસ્તી કરી રહ્યો હતો અને ફિલ્મની મજા માણી રહ્યો હતો ત્યારે અચાનક તે બેહોશ થઈ ગયો. જ્યારે તે ભાનમાં ન આવ્યો, ત્યારે મિત્રો તેને નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. તેમના મૃત્યુનું કારણ હાર્ટ એટેક હોવાનું સામે આવ્યું છે.

'દેવરા' ફિલ્મના ગીત 'ધીરે-ધીરે' સંબંધિત ઘણા વીડિયો સતત થિયેટરમાંથી સામે આવી રહ્યા છે, જેમાં ફેન્સ થિયેટરમાં ડાન્સ કરતા જોવા મળે છે. આ ગીત સતત હેડલાઈન્સમાં રહે છે, જે જાન્હવી કપૂર અને જુનિયર NTR પર ફિલ્માવવામાં આવ્યું છે. 'દેવરાઃ પાર્ટ 1' ની રિલીઝ પહેલા, 22 સપ્ટેમ્બરના રોજ નોવોટેલ હોટેલ, હૈદરાબાદ ખાતે ફિલ્મની પ્રી-રિલીઝ ઈવેન્ટ યોજાઈ હતી. કાર્યક્રમમાં NTRને જોવા માટે એટલી ભીડ આવી હતી કે આયોજકોને છેલ્લી ઘડીએ કાર્યક્રમ કેન્સલ કરવો પડ્યો હતો.

કાર્યક્રમ રદ થયા બાદ લોકો રોષે ભરાયા હતા અને હોટલમાં તોડફોડ કરી હતી. આ ઘટનાના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. 'દેવરા' ફિલ્મ 27 સપ્ટેમ્બરે રિલીઝ થઈ છે. જાહ્નવી કપૂરે આ ફિલ્મથી સાઉથમાં ડેબ્યુ કર્યું છે.

# ગોવિંદાના પગમાં વાગી ગોળી, સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો

(એજન્સી) મુંબઇ | તા.01

બોલિવૂડ એક્ટર ગોવિંદાને ગોળી વાગવાના સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં મળતી માહિતી અનુસાર, અભિનેતાને રિવોલ્વર સાફ કરતાં સમયે ગોળી વાગી હોવાનું સામે આવ્યું છે. આ ઘટના સવારે બની હતી. જે બાદ તેને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે.

બોલિવૂડ એક્ટર અને શિવસેના નેતા ગોવિંદાને ગોળી વાગી હોવાનું સામે આવ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે તેને તેની જ બંદૂકથી પગમાં ગોળી વાગી હતી. આ ઘટના સવારે 4.45 વાગ્યે બની હોવાનું જાણવા મળી રહ્યું છે. જેમાં અભિનેતા સવારે ક્યાંક જવા માટે તેના ઘરેથી નીકળી રહ્યો હતો ત્યારે એક મિસફાયર થયો અને તે ઘાયલ થઈ ગયો હતો. આ પછી તરત જ તેને મુંબઈમાં કૃતિ કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

મહત્વનું કહી શકાય કે, પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે હવે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસનું કહેવું છે કે ગોવિંદાની બંદૂક જપ્ત કરી લેવામાં આવી છે અને મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

હાલમાં ગોવિંદાના પગમાંથી ઘણું લોહી વહી ગયું છે, જેના કારણે તેની હાલત ખરાબ હોવાનું કહેવાય છે. તેમની બગડતી હાલતને જોતા તેમને હાલમાં અંધેરીની કૃતિ કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગોવિંદાએ ગોળી વાગ્યા બાદ હોસ્પિટલ તરફથી એક ઓડિયો મેસેજ જારી કરીને તેની તબિયત વિશે જાણકારી આપી હતી. અભિનેતાએ કહ્યું, હું હવે ખતરાની બહાર છું અને ગોળી ભૂલથી વાગી હતી. હું ડૉક્ટરોનો આભાર માનું છું. હું મારા ચાહકોનો પણ આભારી છું. જે ગોળી વાગી હતી તે બહાર કાઢી લેવામાં આવી હતી.



### ગોવિંદાએ 165થી વધુ ફિલ્મોમાં કર્યું કામ

ગોવિંદા તેના ઉત્તમ અભિનય અને શાનદાર નૃત્ય તેમજ તેના પરફેક્ટ કોમિક ટાઈમિંગ માટે જાણીતા છે. 90ના દાયકામાં ગોવિંદાએ 'કુલી નંબર 1'થી લઈને 'હદ કર દી આપને' જેવી શાનદાર કોમેડી ફિલ્મો આપી છે, જેને જોઈને તમે આજે પણ હસવાનું રોકી શકશો નહીં.

ગોવિંદાનો સ્ટાર 80 અને 90ના દાયકામાં તેની ટોચ પર હતો. તેણે શરૂ કરેલી દરેક ફિલ્મ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર બની હતી.

21 વર્ષની ઉંમરે અજાણ્યા છોકરાએ 22 વર્ષની ઉંમર સુધીમાં 50 ફિલ્મો સાઈન કરી લીધી હતી. મળતી માહિતી મુજબ, ગોવિંદાએ પોતાના ફિલ્મી કરિયરમાં 165 થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. તેમની પ્રતિભાના આધારે તેમને ઘણા પુરસ્કારો અને સન્માનો પણ આપવામાં આવ્યા છે.


ગોવિંદાના પિતા અરુણ કુમાર આહુજા તેમના સમયના પ્રખ્યાત કલાકાર હતા. તેણે 30-40 ફિલ્મોમાં કામ કર્યું હતું. જ્યારે, ગોવિંદાની માતા નિર્મલા દેવી શાસ્ત્રીય ગાયિકા હતી, જે ફિલ્મો માટે ગીતો ગાતી હતી.

ગોવિંદા કોમર્સમાં ગ્રેજ્યુએટ છે અને એક્ટર બનતા પહેલા તે ઘણી જગ્યાએ નોકરી શોધી રહ્યો હતો. 80ના દાયકામાં તેમને સૌપ્રથમ એલ્વિન નામની કંપનીની જાહેરાત મળી.

# પવન કલ્યાણ અને સાઈ ધારમ તેજની સુપરનેચરલ-કોમેડી બ્રો તૈયાર છે, ઝી અનમોલ સિનેમા પર પ્રિમિયર માટે

(એજન્સી) મુંબઇ | તા.01

આપણા જીવન પર ખરેખર આપણો કેટલો કાબુ છે? આ પ્રશ્ન ઘણી વખત આપણા મનમાં આવે છે. તો આત્મ-ખોજની થીમ અને વળતરનો વિચાર જીવનમાં કઈ રીતે લાવી શકાય તે જોઈએ બ્રો મૂવીમાં જેનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર જોવા મળશે બુધવાર, 2જી ઓક્ટોબર સાંજે 7 વાગે ઝી અનમોલ સિનેમા પર. નેશનલ એવોર્ડ વિજેતા સમુથીરાકની દ્વારા ડિરેક્ટ બ્રોમાં કાકા-ભત્રીજાની જોડી પવન કલ્યાણ, સાઈ ધરમ તેજની અદ્દભુત કાસ્ટ સહિત પ્રિયા પ્રકાશ વેરિયર અને કેતિકા શર્મા જોવા મળશે. નૈતિક્તા અને મૃત્યુની આકર્ષક રજૂઆત સાથે, આ ફિલ્મમાં શક્તિશાળી સિતારા પવન કલ્યાણ અને સાઈ ધરમ તેજની વચ્ચે સહયોગ દર્શાવવામાં આવ્યો છે. પવન કલ્યાણના પાત્રમાં અદ્દભુત જાદુ છે અને તેમાં જેટલા




પણ ગીતો છે, તે અલગ જ લાક્ષણિક્તા અને સ્વેગ ધરાવે છે. આ ફિલ્મ યુગલ ગીતો અને વિશિષ્ટ સંખ્યાઓથી ભરપૂર છે અને તેના શક્તિશાળી પ્રદર્શન, અદ્દભુત દશ્યો અને અભિવ્યક્તિ સાઉન્ડટ્રેક તેને કોઈપણ ઉંમરના પ્રેક્ષકો માટે આકર્ષક બનાવે છે. બ્રોના વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર પ્રસંગે, ડિરેક્ટર સમુથિરાકની દર્શાવે છે, "મેં ડિરેક્ટ કરેલી 15 ફિલ્મોમાંથી મને લાગે છે કે, બ્રોએ મારું સૌથી શ્રેષ્ઠ કામ છે. આ ફિલ્મમાં અમે સાથે મળીને જે લાગણી, ઉર્જા અને જુસ્સો ઉમેર્યો છે, તે અદ્દભુત છે- તેને મને મારું શ્રેષ્ઠ આપવામાં મદદ કરી છે. બ્રોમાં 'સમય'નું ચિત્રણ અત્યંત મોહક અને મનોરંજક છે- અમારો ઉદ્દેશ લોકોને ખસા અર્થમાં વિચારતા કરવાનો હતો કે ખરેખર આપણા જીવન પર આપણું નિયંત્રણ છે? પણ આ બધાથી વધુ હું મારી જાતને નસીબદાર ગણું છું કે, મને પવન કલ્યાણને ડિરેક્ટ કરવાનો મોકો મળ્યો. સાચું કહું તો, જે રીતે બધું થાળે પડતું ગયું અને તેઓ બોર્ડ પર આવ્યા તે મેં ક્યારેય આટલું સરળ હશે એવું વિચાર્યું જ ન હતું. તેઓ સેટ પર જોડાયા ત્યારથી જ તેમની સમર્પિતતા એટલી જોરદાર હતી કે, અમે ફક્ત 21 દિવસમાં જ તેમના સીનનું શૂટિંગ પુરું કરી દીધું.

# 'અમારા છોકરાથી દૂર...' PAK ક્રિકેટર પરના ક્રશને કારણે ઉર્વશી રૌતેલાને મળી વોર્નિંગ!

(એજન્સી) મુંબઇ | તા.01

ઉર્વશી રૌતેલા એક જાણીતી ભારતીય એક્ટ્રેસ અને મોડલ છે, જે ઘણીવાર ક્રિકેટરો સાથેની પોતાની નિકટતાને કારણે સમાચારોમાં રહે છે. પહેલા તેનું નામ ટીમ ઈન્ડિયાના વિકેટકીપર બેટ્સમેન રિષભ પંત સાથે અને પછી પાકિસ્તાનના ફાસ્ટ બોલર નસીમ શાહ સાથે જોડાયું.

ઉર્વશી રૌતેલાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે પોતાના ફેવરિટ પાકિસ્તાની ક્રિકેટરનો ઉલ્લેખ કરતી જોવા મળી રહી છે. આ વીડિયો કોઈ ઘટનાનો હોવાનું જણાય છે.

વાયરલ થઈ રહેલા વીડિયોમાં ઉર્વશી રૌતેલાને સીધું પૂછવામાં આવ્યું કે તેનો ફેવરિટ પાકિસ્તાની ક્રિકેટર કોણ છે? આ રસપ્રદ સવાલના જવાબમાં તેણે સમય બગાડ્યા વિના પાકિસ્તાની ઝડપી બોલર નસીમ શાહનું નામ લીધું. ઉર્વશીએ કહ્યું કે પાકિસ્તાન એક સારી ટીમ છે અને નસીમ શાહ મારી ફેવરિટ છે.

આ વીડિયો સામે આવ્યા બાદ ઉર્વશી રૌતેલાને ઘણી ટ્રોલ કરવામાં આવી રહી છે. તેમને એક રીતે વોર્નિંગ પણ આપવામાં આવી રહી છે. કેટલાક ફેન્સે ઉર્વશીને નસીમ શાહથી દૂર રહેવા કહ્યું છે, તો કેટલાકે ફેન્સે લખ્યું છે કે અમારા બાળકને છોડી દો. તમામ ફેન્સે વીડિયોના કોમેન્ટ બોક્સમાં લખીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. ઉર્વશી રૌતેલાને આ રીતે ટ્રોલ કરનારાઓમાંના મોટાભાગના પાકિસ્તાની ક્રિકેટ ફેન્સ અને નસીમ શાહના ફેન્સ છે.

ઉર્વશી રૌતેલા અને નસીમ શાહના નામ પહેલાથી જ જોડાયેલા છે. થોડા વર્ષો પહેલા ઉર્વશી રૌતેલા નસીમ શાહ સાથેના સંબંધોની અફવાઓને કારણે ચર્ચામાં હતી. આ ચર્ચા પછી પણ તેને ટ્રોલ થવું પડ્યું હતું. પરંત એક ઈન્ટરવ્યુમાં નસીમ શાહે એમ કહીને આ ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂક્યું હતું કે તેઓ નથી જાણતા કે ઉર્વશી કોણ છે?

# દીપિકા પાદુકોણે રણવીર માટે શેર કરી ફની પોસ્ટ

## પતિની મોડા આવવાની આદત પર રમુજી ટિપ્પણી કરી

(એજન્સી) મુંબઇ | તા.01



દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ આ દિવસોમાં તેમના પેરેન્ટિંગ જર્નીનો આનંદ માણી રહ્યા છે. જો કે, દીપિકા તેના ઈન્સ્ટાગ્રામ પર ઘણીવાર રમુજી પોસ્ટ અને સંબંધિત મીમ્સ શેર કરે છે. તાજેતરમાં, અભિનેત્રીએ એક વિડિયો પોસ્ટ કર્યો છે જેમાં તે તેના પતિની રાહ કેવી રીતે જુએ છે તે દર્શાવે છે.

વીડિયોમાં એક બાળક દૂરબીન લઈને કાચના દરવાજા તરફ દોડી રહ્યું છે. જ્યારે બાળક દરવાજા પાસે આવે છે, ત્યારે તે કાળજીપૂર્વક બહાર ડોકિયું કરે છે, જાણે કોઈની રાહ જોઈ રહ્યું હોય. દીપિકાએ વીડિયોના કેપ્શનમાં લખ્યું છે - 'જ્યારે મારા પતિ કહે છે કે તે 5 વાગ્યે ઘરે આવશે, અને હવે 5:01 છે.' દીપિકાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સ્માઈલી ફેસ સ્ટીકર સાથે આ પોસ્ટ શેર કરી અને તેના પતિ રણવીરને ટેગ કર્યા.



તેની પુત્રીના જન્મ પછી, દીપિકાએ તેના ઈન્સ્ટા બાયોને 'ફોલો યોર બ્લિસ' થી બદલીને 'ફીડ, બર્પ, સ્લીપ, રીપીટ' કર્યું. આ સિવાય અભિનેત્રી માતા સાથે જોડાયેલી ઘણી પોસ્ટ પણ શેર કરતી રહે છે.

તાજેતરમાં જ રણવીર સિંહ પણ એક ઈવેન્ટમાં ગયો હતો. આ દરમિયાન તેણે પાપારાઝીની સામે ઘણા પોઝ પણ આપ્યા હતા. તેણે તમામ ફોટોગ્રાફર્સ સાથે હાથ મિલાવ્યા અને કહ્યું, 'હું પિતા બની ગયો છું...'. આ દરમિયાન રણવીર સિંહના ચહેરા પર પિતા બનવાની ખુશી સ્પષ્ટ દેખાતી હતી. દીપિકા પાદુકોણે 8 સપ્ટેમ્બર 2024ના રોજ દીકરીને જન્મ આપ્યો હતો. આ કપલે પોતાના ફેન્સને કોલબ પોસ્ટ શેર કરીને આ વિશે જાણકારી આપી હતી. તેણે કેપ્શનમાં લખ્યું, નાની પરીનું સ્વાગત છે. દીપિકા અને રણવીર.

# રજનીકાંત ચેન્નઈની હોસ્પિટલમાં દાખલ...

## મોડી રાતે તબિયત લથડી; હોસ્પિટલનાં સૂત્રો પ્રમાણે આજે તેમની હાર્ટ સર્જરી થઈ શકે છે : હાલ તેમની હાલત સ્થિર છે...




ચેન્નઈ | સુપરસ્ટાર રજનીકાંતને 30 સપ્ટેમ્બરની મોડી રાત્રે ચેન્નઈની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમને પેટમાં દુખાવાની ફરિયાદ હોવાનું કહેવાય છે. બીજી તરફ હોસ્પિટલનાં સૂત્રોએ જણાવ્યું કે રજનીકાંતની આજે હાર્ટ સર્જરી કરવામાં આવશે. હાલ તેમની હાલત સ્થિર છે.

રજનીકાંતની તબિયત વિશે માહિતી આપતાં તેમનાં પત્ની લતાએ એક મીડિયા ચેનલને કહ્યું, બધું બરાબર છે. છેલ્લાં ઘણાં વર્ષોમાં રજનીકાંતની તબિયત ઘણી વખત બગડી છે. રજનીકાંતનું પણ 2016માં અમેરિકામાં કિડની ટ્રાન્સપ્લાન્ટ થયું હતું.

અભિનેતા બનતાં પહેલાં રજનીકાંત કૂલી અને બસ-કંડક્ટર હતા રજનીકાંતના પરિવારને શરૂઆતમાં આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આવી સ્થિતિમાં રજનીકાંતે કૂલી તરીકે કામ કરવાનું શરૂ કર્યું. તેમની આવક ઓછી હોવાથી તેઓ અન્ય નાની-મોટી નોકરીઓ પણ કરતા હતા. થોડા સમય પછી તેમની આવડતને કારણે તેમને બેંગલોર ટ્રાન્સપોર્ટ કંપનીમાં બસ-કંડક્ટરની નોકરી મળી. રજનીકાંત પોતાના દમદાર અવાજમાં લોકોને શાનદાર સ્ટાઈલમાં ટિકિટ આપતા, જેને જોવા માટે દરેક મુસાફરની નજર તેમના પર જ ટકતી. અન્ય બસ-કંડક્ટરો અને ડ્રાઈવરો રજનીકાંતને ખૂબ પસંદ કરતા હતા.

એક દિવસ નાટ્યકાર ટોપી મુનિઅપ્પા બસમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમની નજર બસ કંડક્ટર રજનીકાંત પર પડી. તેમને રજનીની સ્ટાઈલ ખૂબ ગમતી. તેમણે તરત જ રજનીને તેના નાટકનો ભાગ બનવાની ઓફર કરી. રજનીએ પણ સંમતિ આપી અને કંડક્ટર તરીકે કામ કરવાની સાથે તેમણે અભિનય પણ શરૂ કર્યો.

મેડિકલ સ્ટુડન્ટ સાથે થયો પ્રેમ, ગર્લફ્રેન્ડે કહ્યું- તારે હીરો બનવું જોઈએ બસ-કંડક્ટર તરીકે કામ કરતી વખતે રજનીકાંતની બેંગલુરુમાં અભ્યાસ કરતી મેડિકલની વિદ્યાર્થિની નિર્મલા સાથે મિત્રતા થઈ. થોડા સમય પછી બંને એકબીજાને પસંદ કરવા લાગ્યા અને પછી બંને પ્રેમમાં પડ્યાં. એક દિવસ રજનીકાંતે તેની પ્રેમિકાને નાટક જોવા માટે બોલાવી.

રજનીકાંતની એક્ટિંગ એટલી જોરદાર હતી કે તેની ગર્લફ્રેન્ડે કહ્યું- તારે હીરો બનવું જોઈએ. રજનીકાંત પોતે એક્ટિંગ શીખવા માગતા હતા, તેથી એક દિવસ નિર્મલાએ મદ્રાસ ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં એડમિશન માટે ફોર્મ ભર્યું, જેના કારણે રજનીકાંતને એડમિશન મળ્યું.

પરિવારે સાથ ન આપ્યો ત્યારે કંડક્ટર મિત્રે મદદ કરી રજનીનો ગરીબ પરિવાર તેમના નિર્ણયની વિરુદ્ધ હતો, પરંતુ જ્યારે મિત્ર અને સહ-કર્મચારી રાજ બહાદુરે આર્થિક મદદ કરી તો રજનીકાંતે અહીં એડમિશન લીધું. એક્ટિંગ કોર્સ દરમિયાન એક દિવસ રજનીકાંત પર દક્ષિણના પ્રખ્યાત નિર્દેશક કે. બાલાચંદરની નજર પડી.

બાલાચંદરે તેમને કહ્યું કે જો તે તમિળ ભાષા શીખી શકે તો તેઓ તેમને પોતાની ફિલ્મમાં કાસ્ટ કરશે. રજનીકાંતે થોડા જ દિવસોમાં તમિળ ભાષા પર મજબૂત પકડ મેળવી અને ફિલ્મ અપૂર્વ રંગગલ (1975) મેળવી. 25 વર્ષીય રજનીકાંતે આ ફિલ્મમાં અભિનેતા કમલ હાસન અને શ્રીવિદ્યા સાથે સાઈડ રોલ ભજવ્યો હતો, જોકે તેમણે પહેલી જ ફિલ્મથી પોતાની કુશળતાથી બધાનું ધ્યાન ખેંચ્યું હતું.

આ ફિલ્મને 3 નેશનલ એવોર્ડ મળ્યા હતા. તેમની શરૂઆતની કારકિર્દીમાં રજનીકાંતને કથા સંગમ, બાલુ જેનુ, આવરગલ, 16 વયધિનીલી જેવી ફિલ્મોમાં માત્ર વિલનની ભૂમિકાઓ જ આપવામાં આવી હતી.

13 વર્ષની શ્રીદેવીને રજનીકાંત કરતાં વધુ ફી આપવામાં આવતી હતી ઘણી ફિલ્મોમાં નાના રોલ કર્યા બાદ રજનીકાંતને 1976માં આવેલી ફિલ્મ મૂન્દ્રુ મુદિચુમાં મોટો રોલ મળ્યો. આ ફિલ્મમાં કમલ હાસન લીડ રોલમાં હતા અને આ ફિલ્મમાં 13 વર્ષની શ્રીદેવી પહેલીવાર લીડ રોલમાં જોવા મળી હતી. તે સમયે કમલ હાસનને મોટા અભિનેતા માનવામાં આવતા હતા, તેમની ફી 30 હજાર રૂપિયા હતી, જ્યારે રજનીકાંતની ફી માત્ર 2 હજાર રૂપિયા હતી. લીડ તરીકે પોતાની પ્રથમ ફિલ્મ કરી રહેલી શ્રીદેવીને પણ રજનીકાંત કરતાં 5,000 રૂપિયા વધુ ચૂકવવામાં આવ્યા હતા.

# કોહલીને ગળે લગાવી પંતે માફી માગી:'હિટમેન' બન્યો 'સુપરમેન'



(એજન્સી) કાનપુર તા 01

બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટના ચોથા દિવસે ભારતે પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી છે. વરસાદના કારણે 3 દિવસમાં માત્ર 35 ઓવર જ રમાઈ શકી હતી. ચોથા દિવસે બાંગ્લાદેશે 233 રન બનાવ્યા હતા, જે બાદ ભારતે 34.4 ઓવરમાં 285 રન બનાવીને દાવ ડિકલેર કર્યો હતો. ત્યાર બાદ બાંગ્લાદેશે પણ બીજી ઈનિંગમાં 2 વિકેટ ઝડપી હતી. ચોથા દિવસે વિરાટ કોહલી રન આઉટ થતાં બચ્યો તો પંત પર ભડકી ઊઠ્યો. આ પછી પંતે તેને ગળે લગાવ્યો. રોહિત શર્માએ એક હાથે ફ્લાઈંગ કેચ પકડ્યો હતો. જ્યારે આકાશદીપે વિરાટના બેટથી શાકિબ અલ હસનના બોલ પર સતત 2 સિક્સર ફટકારી હતી. કાનપુર ટેસ્ટમાં ચોથા દિવસની ટોપ મોમેન્ટ્સ... કોહલી રન આઉટ થતા બચ્યો, પંત પર ભડક્યો મેદાન પર મૂંઝવણ બાદ રિષભ પંતે કોહલીને ગળે લગાવીને માફી માગી હતી. વિરાટ કોહલી 19મી ઓવરમાં રનઆઉટ થતા બચ્યો હતો. ખાલેદ અહેમદ સામે પહેલા જ બોલ પર ઈનસાઈડ એજ બાદ વિરાટ રન દોડવા આગળ આવ્યો. પંતે પણ નોન-સ્ટ્રાઈકર છેડે રન લેવાનું શરૂ કર્યું, પરંતુ તે અધવચ્ચે જ રોકાઈ ગયો. આ દરમિયાન ખાલિદે બોલ ઉપાડીને સ્ટમ્પ તરફ ફેંક્યો. ખાલેદનો થ્રો સ્ટમ્પને વાગ્યો ન હતો અને કોહલી તેની ક્રિઝ પર પાછો ફર્યો હગુસ્સે થયો, પરંતુ રિષભે કોહલીને ગળે લગાવીને માફી માગી. જસપ્રીત બુમરાહ 70મી ઓવરમાં મેહદી હસન મિરાજ સામે બોલિંગ કરી રહ્યો હતો. મેહદીએ ઓવરના પહેલા અને બીજા બોલ પર બે ચોગ્ગા ફટકાર્યા હતા. બુમરાહે તેને ત્રીજા બોલ પર સ્લિપમાં કેચ કરાવીને પેવેલિયન મોકલી દીધો હતો. ત્યાર બાદ બુમરાહે તાળી પાડીને મેહદીને પેવેલિયનનો રસ્તો બતાવ્યો.

# ભારતે બાંગ્લાદેશને દોઢ દિવસમાં જ હરાવ્યું

## કાનપુરમાં 7 વિકેટથી જીત મેળવી; ઘરઆંગણે સતત 18મી ટેસ્ટ સિરીઝ જીતી

(એજન્સી) કાનપુર તા 01

કાનપુર ટેસ્ટમાં ભારતે બાંગ્લાદેશને 8 વિકેટે હરાવ્યું છે. આ સાથે ટીમ ઈન્ડિયાએ સિરીઝ 2-0થી ક્લીન સ્વીપ કરી લીધી છે. વરસાદથી પ્રભાવિત મેચના છેલ્લા દિવસે મંગળવારે ભારતને 95 રનનો ટાર્ગેટ હતો, જેને ભારતીય બેટર્સે 17.2 ઓવરમાં હાંસલ કરી લીધો હતો. યશસ્વી જયસ્વાલે 51 રન બનાવ્યા હતા. કોહલી 29 રન બનાવીને અણનમ રહ્યો હતો. વિકેટકીપર રિષભ પંતે ચોગ્ગો ફટકારીને ટીમને જીત અપાવી હતી. લંચ પહેલાં, ભારતે બીજી ઈનિંગમાં બાંગ્લાદેશને 146 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. બાંગ્લાદેશી ટીમે દિવસની શરૂઆત 26/2ના સ્કોરથી કરી હતી. સોમવારે ભારતે 34.4 ઓવરમાં 9 વિકેટે 285 રનના સ્કોર પર પ્રથમ દાવ ડિકલેર કર્યો હતો. ટીમ ઈન્ડિયાએ પ્રથમ દાવમાં બાંગ્લાદેશને 233 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.



# રાહુલ દ્રવિડના પુત્રને કેટલી ગંભીર ઈજા થઈ?





(એજન્સી) નવી દિલ્હી તા 01

18 વર્ષનો સમિત દ્રવિડ ઈજાનો શિકાર છે. તેને ઘૂંટણમાં ઈજા થઈ છે અને હાલમાં તે NCAમાં સારવાર હેઠળ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સમિતને ઈજામાંથી બહાર આવવામાં સમય લાગી શકે છે, જેના કારણે તેના માટે ઓસ્ટ્રેલિયા સામેની અંડર-19 મેચમાં રમવું મુશ્કેલ બની ગયું છે. રાહુલ દ્રવિડના પુત્ર સમિતને ઓસ્ટ્રેલિયા અંડર 19 સામે મેચ માટે પસંદ કરવામાં આવ્યો છે. જોકે સમિત દ્રવિડને ભારત અને ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમો વચ્ચેની ODI શ્રેણીમાંથી બહાર રાખવામાં આવ્યો હતો. અને હવે લાગે છે કે તે ચેન્નાઈમાં 4 દિવસીય મેચ પણ રમી શકશે નહીં. ભારતીય અંડર-19 ટીમના કોચ હૃષીકેશ કાનિટકરે પણ આ અંગે પોતાની આશંકા વ્યક્ત કરી છે. કાનિટકરના મતે સમિત દ્રવિડની રિકવરી હાલમાં મુશ્કેલ છે.ભૂતપૂર્વ ક્રિકેટર અને ભારતીય ટીમના મુખ્ય કોચ રાહુલ દ્રવિડના પુત્ર સમિત દ્રવિડની પ્રથમ વખત ભારત A ટીમમાં પસંદગી કરવામાં આવી હતી. મહારાજા T20 અને કૂચ બિહાર ટ્રોફીમાં મૈસુર વોરિયર્સ માટેના તેના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને તેને આ તક આપવામાં આવી હતી. ભારત અને ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ વચ્ચે પ્રથમ 4 દિવસીય મેચ 30 સપ્ટેમ્બરથી ચેપોક ખાતે શરૂ થઈ રહી છે. કાનિટકરે આ મેચની પૂર્વ સંધ્યાએ સમિત દ્રવિડ વિશે અપડેટ આપ્યું હતું. જોકે, તેમણે એ નથી જણાવ્યું કે સમિત દ્રવિડને ઘૂંટણની ઈજા ક્યારે થઈ અને તે કેટલી ગંભીર છે. તેમણે NCAમાં ચાલી રહેલી સારવાર વિશેની માહિતી સહજતાથી શેર કરી.

# IPLમાં વિદેશી ખેલાડીઓની કમાણી પર કાતર ફેરવાઈ:18 કરોડથી વધુ નહીં કમાઈ શકે

(એજન્સી) નવી દિલ્હી તા 01

BCCIએ શનિવારે IPLની નવી રિટેન્શન પોલિસી લાગુ કરી. નીતિ નિયમોને કારણે વિદેશી ખેલાડીઓ નુકસાનમાં હોય તેવું લાગી રહ્યું છે. આ અંતર્ગત તમામ વિદેશી ખેલાડીઓએ મેગા ઓક્શનમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જો તેઓ રજીસ્ટ્રેશન નહીં કરાવે તો પછીથી યોજાનાર મીની ઓક્શનમાં તેમને પ્રવેશ મળશે નહીં. તે જ સમયે, જો કોઈ ખેલાડી ઓક્શનમાં વેચાયા પછી ટુર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચે છે, તો તેના પર આગામી 2 સિઝન માટે પ્રતિબંધ મૂકવામાં આવશે. ઉપરાંત, વિદેશી ખેલાડીઓ હવે એક સિઝનમાં 18 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી શકશે નહીં. છેલ્લા મીની ઓક્શનમાં ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કને 24.75 કરોડ રૂપિયામાં અને પેટ કમિન્સને 20.50 કરોડ રૂપિયામાં ટીમમાં સામેલ કર્યા હતા. હવે ફ્રેન્ચાઈઝી ટીમ IPL મેગા ઓક્શન પહેલાં 6 ખેલાડીઓને રિટેન કરી શકશે. જેમાં મહત્તમ 5 ઈન્ટરનેશનલ અને 2 અનકેપ્ડ પ્લેયર્સને સામેલ કરી શકાય છે. આંતરરાષ્ટ્રીય ખેલાડી કોઈપણ દેશનો હોઈ શકે છે, પરંતુ અનકેપ્ડ ખેલાડી ફક્ત ભારતનો જ હોવો જોઈએ. ધારો કે, મુંબઈ ઈન્ડિયન્સે 5 આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને રિટેન કર્યા છે, તો ટીમ હવે છઠ્ઠા ખેલાડી તરીકે માત્ર એક અનકેપ્ડ ખેલાડીને જાળવી શકશે. જ્યારે ટીમ 4 આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને જાળવી રાખે છે, તો તેમની પાસે 2 અનકેપ્ડ ખેલાડીઓને રિટેન કરવાનો વિકલ્પ હશે. ઓક્શનમાં ટીમને રાઈટ ટુ મેચ કાર્ડ મળે છે. ધારો કે, ચેન્નઈ સુપર કિંગ્સે 5 ખેલાડીઓને રિટેન કર્યા છે અને તેમની પાસે એક RTM કાર્ડ બાકી છે. ટીમ મોઈન અલીને રિટેન કરી શકી ન હતી. હવે જો હૈદરાબાદ 6 કરોડ રૂપિયા આપીને મોઈનને ઓક્શનમાં ખરીદે છે તો ચેન્નઈ તેના RTM કાર્ડનો ઉપયોગ કરીને મોઈનને પોતાની ટીમમાં રાખી શકે છે.



## રાઈટ ટુ મેચ કાર્ડમાં શું બદલાવ આવ્યો?

ઓક્શનમાં રાઈટ ટુ મેચ એટલે કે RTM કાર્ડ પણ પરત આવ્યું છે. જો ટીમ ઈચ્છે તો તેઓ ઓક્શન પહેલાં 6 ખેલાડીઓને જાળવી શકે છે અથવા ટીમ ઓક્શનમાં 6 RTM કાર્ડનો ઉપયોગ કરી શકે છે. જો ટીમ 3 ખેલાડીઓને રિટેન કરે છે, તો તેમની પાસે ઓક્શનમાં માત્ર 3 RTM કાર્ડ જ રહેશે. તેવી જ રીતે, જો 4 ખેલાડીઓને રિટેન કરે છે તો 2 RTM કાર્ડ ઓક્શનમાં બાકી રહેશે.

## વિદેશી ખેલાડીઓ માટે નિયમો કડક બન્યા

હવે વિદેશી ખેલાડીઓએ IPLમાં ભાગ લેવા માટે મેગા ઓક્શનમાં રજીસ્ટ્રેશન કરાવવું પડશે. જો તેઓ રજીસેટ્રશન નહીં કરે, તો તેમને આગામી મીની ઓક્શનમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જો ઓક્શનમાં વેચાયા બાદ કોઈપણ વિદેશી ખેલાડી ટુર્નામેન્ટમાંથી ખસી જશે તો તેના પર આગામી 2 સિઝન માટે પ્રતિબંધ મૂકવામાં આવશે. આનો અર્થ એ છે કે તે આગામી બે ઓક્શમાં ભાગ લઈ શકશે નહીં. જો કે, જો ખેલાડી ઈજાગ્રસ્ત થાય છે તો તેના પર પ્રતિબંધ મૂકવામાં આવશે નહીં, પરંતુ આ માટે તેણે તેના નેશનલ બોર્ડની પરવાનગી લેવી પડશે.

# સચિન અને યુવરાજનો રેકોર્ડ તોડનાર ,13 વર્ષના ખેલાડીએ વધુ એક ઈતિહાસ રચ્યો





(એજન્સી) નવી દિલ્હી તા 01

ભારતના 13 વર્ષના અંડર 19 ટીમનો બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ ઈતિહાસ રચી દીધો છે, ચેન્નાઈમાં રમાઈ રહેલા ઓસ્ટ્રેલિયા અંડર-19 ટીમ વિરુદ્ધ મેચમાં સૂર્યવંશીએ ધમાકેદાર ઈનિંગ્સ રમી ચોંકાવી દીધા છે.13 વર્ષના ભારતીય બેટ્સમેને ઈતિહાસ રચી દીધો છે. આવું કરનાર દુનિયાનો સૌથી યુવા બેટ્સમેન બન્યો છે. ભારતના 13 વર્ષના અંડર 19 ટીમના બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ ઈતિહાસ રચી દીધો છે. ભારત અંડર-19 અને ઓસ્ટ્રેલિયા અંડર -19 ટીમ વચ્ચે રમાઈ રહેલા યુથ ટેસ્ટ મેચમાં સૂર્યવંશીએ અડધી સદી ફટકારતા જ એક ખાસ રેકોર્ડ પોતાને નામ કરી લીધો છે. સૂર્યવંશી વિશ્વ ક્રિકેટમાં કોઈપણ સ્તરે આંતરરાષ્ટ્રીય અડધી સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બની ગયો છે.વૈભવ સૂર્યવંશીની ઉંમર 13 વર્ષ 187 વર્ષ છે. તમને જણાવી દઈએ કે, આ પહેલા આ રેકોર્ડ બાંગ્લાદેશના નજામુલ શાન્તોના નામે હતો.

વૈભવ સૂર્યવંશીએ રણજી ટ્રોફી 2023-24માં બિહાર માટે ડ્બ્યુ કરી ચર્ચામાં આવ્યો હતો. તેમણે મુંબઈ વિરુદ્ધ ડેબ્યુ કર્યું હતુ. આ પ્રવાસમાં મુંબઈના કેપ્ટન અજિક્ય રહાણે વૈભવની ખુબ પ્રશંસા કરી હતી.વૈભવે વર્ષ 2024ની શરુઆતમાં રણજી ટ્રોફીમાં ડેબ્યુ કરનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી બન્યો હતો.ડાબોડી બેટ્સમેને સચિન તેંડુલકર અને યુવરાજ સિંહનો રેકોર્ડ તોડ્યો હતો. વૈભવ માત્ર 12 વર્ષનો હતો.

# કાનપુર ટેસ્ટ વચ્ચે ટીમ ઈન્ડિયામાંથી ત્રણ ખેલાડી થયા બહાર, BCCIનો મોટો નિર્ણય

(એજન્સી) કાનપુર તા 01

કાનપુરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બીજી ટેસ્ટ મેચ રમાઈ રહી છે, જ્યાં મંગળવાર 1 ઓક્ટોબરે મેચનો અંતિમ દિવસ હશે. આ પહેલા પણ ટીમ ઈન્ડિયાની ટીમમાંથી 3 ખેલાડીઓને બહાર કરવામાં આવ્યા છે જેથી તેઓ ઈરાની કપની મેચમાં રમી શકે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ રહેલી કાનપુર ટેસ્ટ મેચ રોમાંચક તબક્કા પર પહોંચી ગઈ છે. બે દિવસ વરસાદથી ધોવાઈ ગયા બાદ ચોથા દિવસે ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશને બેકફૂટ પર ધકેલી દીધું. હવે અંતિમ દિવસે ટીમ ઈન્ડિયા ડ્રોની સ્થિતિને જીતમાં બદલવાના ઈરાદા સાથે ઉતરશે. આ દરમિયાન ટીમ ઈન્ડિયાએ ટેસ્ટ મેચની વચ્ચે અચાનક જ 3 ખેલાડીઓને ટીમમાંથી બહાર કરી દીધા છે. આ ત્રણ ખેલાડીઓ છે સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ અને યશ દયાલ. ત્રણેય આ શ્રેણીમાં ટીમ ઈન્ડિયાનો ભાગ હતા, પરંતુ પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવી શક્યા ન હતા.



## BCCIએ ત્રણ ખેલાડીઓને બહાર કર્યા

સોમવારે, 30 સપ્ટેમ્બરે કાનપુર ટેસ્ટમાં ચોથા દિવસની રમત સમાપ્ત થયા પછી, BCCIએ પણ ટીમમાંથી ત્રણ ખેલાડીઓને બહાર કરવાની માહિતી આપી હતી. BCCIનો એક નિર્ણય પણ તેનું કારણ બન્યો. હકીકતમાં, જ્યારે મંગળવારે ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં ટેસ્ટ મેચનો છેલ્લો દિવસ હશે, ત્યારે ઈરાની કપની મેચ કાનપુરથી લગભગ 100 કિલોમીટર દૂર લખનૌના એકાના સ્ટેડિયમમાં રમાશે અને આ મેચ માટે ત્રણેય ખેલાડીઓ મુક્ત કરવામાં આવ્યા છે, અને હવે પોતપોતાની ટીમ માટે રમશે.

# આ બોલરે વિરાટના બેટથી ફટકારી 2 શાનદાર સિક્સર

(એજન્સી)કાનપુર તા 01

કાનપુર ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં ટીમ ઈન્ડિયાના દરેક બેટ્સમેને શાનદાર સ્પિરિટ બતાવી હતી. રોહિત, જયસ્વાલ, રાહુલ, વિરાટે સારી બેટિંગ કરી હતી પરંતુ આ દરમિયાન આકાશ દીપની બે સિક્સ પણ હેડલાઈન્સમાં રહી હતી. જાણો શું છે તેનું ખાસ કારણ? કાનપુર ટેસ્ટના ચોથા દિવસે ટીમ ઈન્ડિયાએ શાનદાર પ્રદર્શન કર્યું. બાંગ્લાદેશના 233 રનના જવાબમાં ટીમ ઈન્ડિયાએ 285 રન પર પ્રથમ દાવ ડિકલેર કર્યો હતો. આશ્ચર્યજનક વાત એ છે કે ટીમ ઈન્ડિયા માત્ર 34.4 ઓવર જ રમી હતી. રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલથી લઈને કેએલ રાહુલ, વિરાટ કોહલી, શુભમન ગિલે ટીમ ઈન્ડિયા માટે તોફાની બેટિંગ કરી. જો કે, તેની બેટિંગ સિવાય ફાસ્ટ બોલર આકાશ દીપની બેટિંગે પણ ક્રિઝ પર આવતાની સાથે જ પહેલા ત્રણ બોલમાં 2 સિક્સ પણ ફટકારી હતી અને આશ્ચર્યજનક વાત એ છે કે તેણે આ કમાલ વિરાટ કોહલીની બેટથી કર્યો.હાલમાં જ વિરાટ કોહલીએ વિરાટ કોહલીનું બેટ આકાશ દીપને ગિફ્ટ કર્યું હતું. કાનપુર ટેસ્ટમાં આકાશ દીપને વિરાટનું બેટ ભેટમાં મળ્યું અને આ અદ્ભુત કર્યું. આકાશ દીપે શાકિબ અલ હસનના બે બોલ પર સતત બે સિક્સર ફટકારી હતી. આકાશ દીપની આ હિટ જોઈને વિરાટ કોહલીની ખુશીનો પાર ન રહ્યો. તે પેવેલિયનમાં આ સીન એન્જોય કરતો જોવા મળ્યો હતો. રોહિત શર્મા અને ગૌતમ ગંભીર આ બંને શોટ્સના રિપ્લે વારંવાર જોતા જોવા મળ્યા હતા.

# પંત જેની ટૂંકી હાઈટની ઉડાવી રહ્યો હતો મજાક, તે ખેલાડીએ ફટકારી લડાયક સદી

કાનપુર તા 01

કાનપુરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ચાલી રહેલી બીજી ટેસ્ટ મેચમાં મોમિનુલ હકે સદી ફટકારી હતી. ટેસ્ટ ક્રિકેટમાં મોમિનુલ હકની આ 13મી સદી છે. આ સદી પહેલા ભારતીય વિકેટકીપર રિષભ પંતે મોમિનુલ હકની હાઈટની મજાક ઉડાવી હતી, છતાં તેણે પોતાનું ધ્યાન બેટિંગ પર જ કેન્દ્રિત કર્યું અને અંતે સદી પણ પૂરી કરી. કાનપુર ટેસ્ટમાં બાંગ્લાદેશના ડાબોડી બેટ્સમેન મોમિનુલ હકે પોતાની બેટિંગથી બાંગ્લાદેશી ચાહકોના દિલ જીતી લીધા હતા. આ ડાબા હાથના બેટ્સમેને કાનપુર ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં શાનદાર સદી ફટકારી હતી. મોમિનુલે ભારતની મજબૂત બોલિંગનો સામનો કર્યો



અને સદી ફટકારી. મોમિનુલે તેની ટેસ્ટ કારકિર્દીમાં 13મી વખત સદી ફટકારવાની સિદ્ધિ હાંસલ કરી હતી. તમને જણાવી દઈએ કે કાનપુર ટેસ્ટમાં રિષભ પંત આ ખેલાડીની ઊંચાઈની મજાક ઉડાવી રહ્યો હતો પરંતુ આ ખેલાડીએ પોતાની દમદાર બેટિંગથી બધાના દિલ જીતી લીધા હતા. પંતે મોમિનુલની ઊંચાઈની મજાક ઉડાવી મોમિનુલ હકની ઊંચાઈ માત્ર 5 ફૂટ 2 ઈંચ છે. કાનપુર ટેસ્ટના પહેલા દિવસે અશ્વિનના બોલને સ્વીપ કરતી વખતે બોલ મોમિનુલના હેલ્મેટ સાથે અથડાયો હતો. આ પછી પંતે વિકેટની પાછળથી કહ્યું કે હેલ્મેટ પર બોલ મારવાથી પણ LBW લેવામાં આવી શકે છે. જો કે પંતે મોમિનુલનું ધ્યાન ભટકાવવા માટે આવું કહ્યું હતું, પરંતુ આ ડાબોડી બેટ્સમેન વિકેટ પરત ટકી રહ્યો અને આ ખેલાડીએ ભારત સામે પ્રથમ વખત ટેસ્ટ સદી ફટકારી. બાંગ્લાદેશે 26ના સ્કોર પર ઓપનર ઝાકિર હસનને ગુમાવ્યો ત્યારે મોમિનુલ હક ક્રિઝ પર આવ્યો હતો. આ પછી, મોમિનુલે 3 નંબર પર બેટિંગ કરતી વખતે અદ્ભુત ધીરજ બતાવી. તેણે ખાસ કરીને મોમિનુલ ચેન્નાઈ ટેસ્ટમાં અશ્વિનને લઈને ઘણી મુશ્કેલીનો સામનો કરી રહ્યો હતો.

# ફ્રાન્સના વર્લ્ડ કપ વિજેતા એન્ટોની ગ્રિઝમાને ફૂટબોલમાંથી નિવૃત્તિ

ફ્રાન્સના 2018 વર્લ્ડ કપ વિજેતા ફૂટબોલ સ્ટાર એન્ટોની ગ્રિઝમાને ઈન્ટરનેશનલ સ્તરેથી નિવૃત્તિ લીધી છે. 33 વર્ષીય ગ્રિઝમાન 10 વર્ષ સુધી ફ્રાન્સની નેશનલ ટીમ માટે રમ્યો હતો. એટ્લેટિકો મેડ્રિડના ફોરવર્ડ ખેલાડી ગ્રિઝમાને 2014ના માર્ચમાં ફ્રાન્સ માટે ડેબ્યૂ કર્યો હતો અને તેણે 137 મેચો રમી હતી. ફ્રાન્સ તરફથી હાઈએસ્ટ ઈન્ટરનેશનલ મેચો રમવાના મામલે હ્યુગો લોરિસ (145) અને 1998નો વર્લ્ડ કપ વિજેતા લિલિયન થુરામ (142) ગ્રિઝમાનથી આગળ છે. ફ્રાન્સ તરફતી ઓલ ટાઈમ હાઈએસ્ટ ગોલ સ્કોરરની યાદીમાં તે 44 ગોલ સાથે ચોથા ક્રમે છે. ઓલિવર ગિરોડ, થિયેરી હેનરી તથા વર્તમાન સુકાની કિલિયન મબાપે તેની આગળ છે. મોસ્કો ખાતે 2018માં રમાયેલા ફિફા વર્લ્ડ કપની ફાઈનલમાં ફ્રાન્સે ક્રોએશિયાને 4-2થી હરાવ્યું હતું જેમાં ગ્રિઝમાનનું યોગદાન મહત્ત્વપૂર્ણ બન્યું હતું. તેણે 2016ના યૂરો કપની ફાઈનલમાં ફ્રાન્સને ફાઈનલ સુધી પહોંચાડવામાં મદદ કરી હતી.



# કોહલીએ રચ્યો ઈતિહાસ, તોડ્યો સચિનનો રેકોર્ડ

(એજન્સી) નવી દિલ્હી તા 01

વિરાટ કોહલીએ કાનપુર ટેસ્ટની પ્રથમ ઈનિંગ દરમિયાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 27 હજાર રન પૂરા કર્યા. વિરાટ કોહલીએ તોડ્યો સચિન તેંડુલકરનો મહાન રેકોર્ડ. સંગાકારા અને રિકી પોન્ટિંગ જેવા ખેલાડીઓ પણ તેનાથી પાછળ રહ્યા. કાનપુર ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં વિરાટ કોહલીએ 35 રન બનાવતાની સાથે જ એક એવો રેકોર્ડ પોતાના નામે કરી લીધો જેનું અન્ય ખેલાડીઓ સપનામાં પણ વિચારી ન શકે. વિરાટ કોહલીએ કાનપુર ટેસ્ટમાં 35 રનના આંકડા પર પહોંચતાની સાથે જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાના 27 હજાર રન પૂરા કર્યા. આ સિદ્ધિ મેળવનાર તે વિશ્વનો ચોથો ખેલાડી છે. પરંતુ સૌથી ઝડપી 27 હજાર આંતરરાષ્ટ્રીય રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ હવે વિરાટ કોહલીના નામે છે. તેણે સચિન તેંડુલકરને હરાવીને આ રેકોર્ડ બનાવ્યો હતો. આટલું જ નહીં, પોન્ટિંગ અને સંગાકારા જેવા મહાન ખેલાડીઓ પણ તેનાથી પાછળ રહ્યા.



## આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 27 હજાર રન

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 27 હજાર રનનો રેકોર્ડ હવે વિરાટના નામે છે. તેણે 594મી ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. સચિન તેંડુલકરે 623 ઈનિંગ્સમાં 27 હજાર રનના આંકડાને સ્પર્શ કર્યો હતો. જ્યારે કુમાર સંગાકારાએ આ આંકડા માટે 648 અને રિકી પોન્ટિંગે 650 ઈનિંગ્સ રમી હતી. સચિન-સંગકારા અને પોન્ટિંગે સાથે મળીને 234 આંતરરાષ્ટ્રીય સદી ફટકારી છે, પરંતુ તેમ છતાં, વિરાટ હવે ઝડપી ગતિએ રન બનાવવાના મામલામાં આ ત્રણ મહાન ખેલાડીઓથી આગળ છે.

**વિરાટ કોહલીના જોરદાર આંકડા :** વિરાટ કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 10 હજાર રન બનાવવાના મામલામાં નંબર 1 ભારતીય છે. તેણે 232 ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. વિરાટ કોહલી સૌથી ઝડપી 15 હજાર આંતરરાષ્ટ્રીય રન બનાવનાર ક્રિકેટર છે. તેણે 333 ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. વિરાટ કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 20 હજાર રન બનાવનાર ખેલાડી પણ છે. તેણે 417 ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. હવે વિરાટ સૌથી ઝડપી 27 હજારના આંકડા પર પહોંચી ગયો છે.

**અડધી સદી ચૂકી ગયો :** વિરાટ કોહલીએ 27 હજાર રનના આંકડાને સ્પર્શ કર્યો પરંતુ આ ખેલાડી કાનપુરમાં અડધી સદી સુધી પહોંચી શક્યો ન હતો. વિરાટ કોહલીએ 35 બોલમાં 47 રનની ઈનિંગ રમી હતી. સ્લોગ સ્વીપ રમતી વખતે વિરાટ કોહલીએ પોતાની વિકેટ શાકિબ અલ હસનને આપી. વિરાટ કોહલી આ વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં માત્ર એક જ અડધી સદી ફટકારી શક્યો છે. કાનપુરમાં પણ આ દુષ્કાળ ખતમ થઈ શક્યો નહીં.

# પાકિસ્તાનના કેપ્ટનની પ્રેસ કેન્ફરન્સમાં બેઈજ્જતી

પાકિસ્તાન તા 01

પાકિસ્તાનના ટેસ્ટ કેપ્ટન શાન મસૂદ માટે વર્તમાન સમય સારો ચાલી રહ્યો નથી. તેની કપ્તાનીમાં પાકિસ્તાનની ટીમને ઘરઆંગણે બાંગ્લાદેશ સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. આ હાર માટે ચાહકો તેની આકરી ટીકા કરી રહ્યા છે. સોમવારે પ્રેસ કોન્ફરન્સમાં તેમને આવા સવાલોનો સામનો કરવો પડ્યો હતો જેના માટે તેઓ તૈયાર નહોતા. મામલો ત્યાં સુધી પહોંચ્યો કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના મીડિયા ડિરેક્ટર સમી ઉલ હસનને દરમિયાનગીરી કરવી પડી. પત્રકારે મસૂદને એક પ્રશ્ન પૂછ્યો હતો, જેમાં પાકિસ્તાનના કેપ્ટનને કહેવામાં આવ્યું હતું કે, 'શાન, તમે કહ્યું હતું કે જ્યાં સુધી PCB તમને તક આપશે ત્યાં સુધી તમે આ પદ પર રહેશો. પરંતુ શું તમારો અંતરાત્મા તમને કહેતો નથી કે તમે સતત હારી રહ્યા છો અને પ્રદર્શન કરી શકતા નથી. તમારે કપ્તાન પદ છોડવું જોઈએ.'



# હિઝબુલ્લાહનો ખાતમો: લેબનોનમાં હિઝબુલ્લાહનો સફાયો કરવા ઈઝરાયલે 50 લાખ લોકોના ડેટા એકત્ર કર્યા

એફ-15 જેટથી મિસાઈલ છોડાવી હતી.

(એજન્સી) બૈરૂત તા 01

હિઝબુલ્લાહના નેતા હસન નસરલ્લાહના મોતને લઈ અનેક ખુલાસાઓ થઈ રહ્યા છે. હવે એવો પણ એક ખુલાસો થયો છે કે ઈઝરાયલે સમગ્ર લેબનોનના 50 લાખ લોકોના ડેટા એકત્ર કર્યા છે. આ કાર્ય માટે લગભગ 15 વર્ષ લાગ્યાં. દાવા મુજબ ઈઝરાયલે લેબનોનમાં દરેક એપાર્ટમેન્ટમાં રહેતી પ્રત્યેક વ્યક્તિની બારીકાઈથી દેખરેખ રાખી હતી. આ માટે ઈઝરાયલે સમગ્ર દેશને 400 ચોરસ મીટરના નાના સંશોધન સ્ક્વેરમાં વહેંચી દીધો હતો. ટ્રેકિંગ કેમેરા, વોઈસ ડિટેક્શન ફીચર્સ, ડ્રોન અને ઈન્ટરનેટ હેકિંગ જેવી ટેક્નોલોજી અને સ્થાનિક અને વિદેશી જાસૂસોના નેટવર્કની મદદથી માહિતી એકત્રિત કરી હતી.

તમામ રહેવાસીઓની 'જરૂરિયાતો'ની પણ નોંધ લેવાઈ હતી. તેઓ ક્યાં જાય છે, ક્યાં જમે છે, પીએ છે. શું તેઓ ડિલિવરીનો ઓર્ડર આપે છે, તેઓ ક્યાં કામ કરે છે, તેમની મુસાફરીની પેટર્ન કેવી છે, તેમનાં બાળકોને શાળામાં કેવી રીતે લઈ જાય છે, તેઓ તેમનાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો ક્યાંથી ખરીદે છે વગેરે હરકતોની દેખરેખ રાખી હતી. ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદ, શબાક અને આર્મી યુનિટ 8200એ પણ હિઝબુલ્લાના ચીફ નસરલ્લાહનો ડેટા એકત્ર કર્યો હતો અને ત્યારબાદ એફ-15 જેટથી મિસાઈલ છોડાવી હતી.

નસરલ્લાહે 1992માં હિઝબુલ્લાહના વડા તરીકેની જવાબદારી સંભાળી હતી. 2006ના બીજા લેબનોન યુદ્ધમાં તે ત્રણ વખત ઈઝરાયલના હુમલામાં બચી ગયો હતો. ઈઝરાયલે ત્રણ વખત નસરલ્લાહને મારવાનો પ્રયાસ કર્યો હતો. એક હવાઈ હુમલો ચૂકી ગયો, જ્યારે અન્ય બે પ્રયાસોમાં તે કોંક્રીટના બંકરના લીધે બચી ગયો હતો.

નસરલ્લાહ છેલ્લાં 18 વર્ષમાં માત્ર 3 કે 4 વખત જ સામે આવ્યો હતો. તેલ અવીવ યુનિવર્સિટીના મિડલ ઈસ્ટર્ન સ્ટડીઝ વિભાગના લેબનોન નિષ્ણાત ઈયલ જિસરના જણાવ્યા અનુસાર દહિયામાં છુપાવા માટે તેની પાસે બંકર-ટનલનું લાંબું નેટવર્ક હતું.

દહિયામાં ઉછળેલા વોશિંગ્ટન ઈન્સ્ટિટ્યૂટમાં લેબનીઝ વિદ્વાન હનીન ગાદીરનું કહેવું છે કે શિયા ઉપનગર 750,000 અને 100,000ની વચ્ચે હતું. આ વિસ્તાર દાયકાઓથી હિઝબુલ્લાહનો ગઢ બની ગયો છે. અહીં ફક્ત શિયા જ રહે છે, બાકીના અહીંથી ચાલ્યા ગયા છે. અહીં માત્ર હિઝબુલ્લાહ માટે કામ કરતા લોકોને જ જવા દેવામાં આવે છે. નસરાલ્લાહના અંગરક્ષક તરીકે નિમણૂક કરવી એ અત્યંત પ્રતિષ્ઠિત પદ હતું, જેમાં કડક તપાસ થતી હતી.

પાઈલટ્સ ઘણા દિવસોથી તૈયારી કરી રહ્યા હતા, કલાકો પહેલાં ટાર્ગેટ મળ્યો

ફ્રાન્સના અખબાર લે પેરિસિયનના અહેવાલ મુજબ, 2006 પછી નસરલ્લાહ તેની સુરક્ષા વ્યવસ્થાને લઈને અત્યંત સતર્ક હતો અને ભાગ્યે જ જાહેરમાં દેખાતો હતો. લેબનોનમાં પેજર અને વોકી ટોકી પરના હુમલા પછી નસરલ્લાહે ગુપ્ત બેઠકની યોજના બનાવી.

રિપોર્ટ અનુસાર, જે વ્યક્તિએ ઈઝરાયલને કહ્યું હતું કે નસરાલ્લાહ બંકર તરફ જઈ રહ્યો હતો તે ઈરાની હતો.

નસરલ્લાહ પર હુમલાના અહેવાલ મુજબ, આ હુમલો કરનાર એફ-15આઈ જેટની 69મી સ્ક્વોડ્રનના કમાન્ડર લેફ્ટનન્ટ કર્નલ એમ ઘણા દિવસોથી હુમલાની તૈયારી કરી રહ્યા હતા. જો કે તેને ટાર્ગેટ વિશે થોડા કલાક પહેલા જ જાણ કરવામાં આવી હતી. પેજર બ્લાસ્ટ કેસમાં કેરળમાં જન્મેલા ઉદ્યોગપતિ સામે આંતરરાષ્ટ્રીય વોરંટ નોર્વેની પોલીસે ગયા અઠવાડિયે લેબનોનમાં વિસ્ફોટ થયેલા પેજરના વેચાણ સાથે જોડાયેલા 39 વર્ષીય નોર્વેજિયન-ભારતીય વ્યક્તિ રિન્સન જોસ માટે આંતરરાષ્ટ્રીય સર્ચ વોરંટ જારી કર્યું છે.



નસરલ્લાહ પર હુમલાના અહેવાલ મુજબ, આ હુમલો કરનાર એફ-15આઈ જેટની 69મી સ્ક્વોડ્રનના કમાન્ડર લેફ્ટનન્ટ કર્નલ એમ ઘણા દિવસોથી હુમલાની તૈયારી કરી રહ્યા હતા. જો કે તેને ટાર્ગેટ વિશે થોડા કલાક પહેલા જ જાણ કરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### નેપાલમાં પૂરથી હાહાકાર, ફસાયેલા ભારતીયો માટે હેલ્પલાઈન નંબર જાહેર

આ સંજોગોને ધ્યાનમાં રાખીને નેપાળમાં રહેલા ભારતીય દૂતાવાસે એક એડવાઈઝરી જાહેર કરી છે, જેમાં ભારતના નાગરિકો માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે.

વરસાદના કારણે સર્જાયેલી આ દુર્ઘટનામાં અનેક ભારતીય નાગરિકો પણ ફસાયેલા છે. આ અંગે ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર એક એડવાઈઝરી જાહેર કરીને લખ્યું છે કે જે લોકો ભારે વરસાદને કારણે પૂર અને લેન્ડ સ્લાઈડમાં ફસાયા છે તેઓ દેશમાં સુરક્ષિત પરત ફરવા માટે દૂતાવાસ દ્વારા આપવામાં આવેલા નંબર પર સંપર્ક કરી શકે છે. ભારતીય નાગરિકો માટે હેલ્પલાઈન માટે ત્રણ નંબર જાહેર છે. આ ત્રણ હેલ્પલાઈન નંબર પર +977-9851316807, +977-9851107021 અને +977-9749833292 સંપર્ક કરીને મદદ માગી શકાય છે. જો કોઈપણ પરિસ્થિતિમાં ફસાયેલા હોય તો ભારતીય નાગરિકો આ નંબરો પર સંપર્ક કરી શકે છે.

### સ્યુસાઈડ પોડમાં જીવ ગુમાવનારી મહિલાનો ફોટો સામે આવ્યો

કુદરતી સૌંદર્યથી ભરપૂર અને મળતાવડાં લોકોનો દેશ એવો સ્વિટ્ઝર્લેન્ડમાં એક અમેરિકન મહિલાના આપઘાતથી ભારે હોબાળો મચી ગયો છે. આ મહિલનું મોત સ્યુસાઈડ પોડમાં થયું છે. આ મહિલાએ સ્યુસાઈડ પોડમાં સૂઈને જાતે બટન દબાવ્યું હતું. હવે આ 64 વર્ષીય મહિલી છેલ્લી ઈમેજ સામે આવી છે. બે બાળકોના માતા સ્યુસાઈડ પોડની અંદર ચાલી ગઈ હતી. જે બાદ તે રોબોટના અવાજની પ્રતીક્ષા કકવા લાગી. જેમાં તેને અવાજ સંભળાયો. જો તમે મરવા માગતા હોય તો આ બટન દબાવો. ત્યારબાદ મહિલાએ મોતનું બટન દબાવીને પોતાની જીવન લીલા સમાપ્ત કરી લીધી હતી. મૃતક મહિલાને ત્રણ પ્રશ્નો પૂછાયા સ્વિટ્ઝર્લેન્ડના અતરિયાળ જંગલમાં આ મહિલા છેલ્લીવાર જોવા મળી હતી. તે એક કેપસ્યૂલ પોડમાં ચડી ગઈ હતી. અંદર ગયા પછી તેને એક કોડ અપાયો હતો. પછી તેનું ઢાંકણ બંધ થયું. અંદર ગયા પછી મહિલાને ત્રણ સવાલ પૂછાયા, તું કોણ છે, તું ક્યાં છો અને શું તું જાણે છે કે તું બટન દબાવીશ તો શું થશે? મહિલાએ આનો જવાબ હામાં આપી દીધો અને છેલ્લીવાર યાદ અપાવ્યું કે જો તેને બટન દબાવ્યું તો તેની સાથે શું થશે. છેલ્લે પાછા વળીને નહીં જોવાય. મહિલાએ કોઈપણ ખચકાટ વગર એવું કર્યું. થોડીવારમાં સ્યુસાઈડ પોટમાં નાઈટ્રોજન ભરાઈ ગયો. જેનાથી ઓક્સિજન ન મળી શક્યો. અને મહિલા બે મિનિટની અંદર બેભાન થઈ. ફરી પાંચ મિનિટની અંદર તેને મૃત જાહેર કરવામાં આવી. ધ સરકો નામથી ઓળખાતું આ 'સ્યુસાઈડ પોડ' આઠ જુલાઈ 2024ના રોજ નેધરલેન્ડના રોટરડેમમાં જોવા મળ્યું હતું.

### દુનિયાને આજે મળી હતી પ્રથમ પરમાણુ સબમરીન, જાણો ક્યા દેશ પાસે કેટલી

વિશ્વની પ્રથમ પરમાણુ સબમરીન અમેરિકા દ્વારા બનાવવામાં આવી હતી. 60ના દાયકામાં આ સબમરીનએ અમેરિકાની તાકાતમાં ઘણો વધારો કર્યો હતો. લાંબા સમય સુધી પાણીની અંદર રહીને અને વધુ ઝડપે આગળ વધવામાં સક્ષમ આ સબમરીન 26 વર્ષ સુધી સેવા આપી હતી. ક્યુબા મિસાઈલ સંકટ સમયે પણ અમેરિકાએ આ સબમરીનને તૈનાત કરીને દબાણ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આજે એટલે કે 30મી સપ્ટેમ્બરે વિશ્વને તેની પ્રથમ પરમાણુ સંચાલિત સબમરીન મળી હતી. આ સબમરીનનું નામ 'યુએસએસ નોટિલસ' હતું. આ સબમરીનને 21 જાન્યુઆરી 1954ના રોજ તેનું નામ 'યુએસએસ નોટિલસ' મળ્યું હતું. આ પછી 30 સપ્ટેમ્બરે તેને યુએસ નેવીમાં સામેલ કરવામાં આવી હતું. અમેરિકાએ સાત વર્ષમાં બનાવી હતી 26 વર્ષની સેવા પછી 3 આવી હતી. ખાસ વાત એ છે કે ઉત્તર ધ્રુવ સુધી પહોંચનારી આ દુનિયાની પહેલી સબમરીન હતી. તેને તૈયાર કરવામાં અમેરિકાને સાત વર્ષ લાગ્યા હતા.

### લેબનોનમાં ઈઝરાયલના હવાઈ હુમલામાં હમાસ કમાન્ડરનું પરિવાર સાથે મોત

લેબનોનમાં ઈઝરાયલના હવાઈ હુમલામાં હમાસ કમાન્ડરનું મોત થયું છે. હમાસે સોમવારે કહ્યું કે, લેબનોનમાં તેના નેતા ફતેહ શરીફ અબુ અલ-અમીન અને તેના પરિવારના કેટલાક સભ્યો ઈઝરાયલના હુમલાનો ભોગ બન્યા છે. બીજી તરફ બેરૂતમાં ઈઝરાયલના હવાઈ હુમલામાં ફિલિસ્તીન લિબરેશન ફ્રન્ટના ત્રણ નેતાઓના પણ મોત થયા છે. સોમવારે મધ્યરાત્રિ પછી ઈઝરાયલે બેરૂતના કોલા જિલ્લામાં બોમ્બમારો કર્યો હતો. લેબનોનમાં રવિવારે ઈઝરાયલના હવાઈ હુમલામાં 105 ઘાયલ થયા છે. લેબનીઝ સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ઈઝરાયલના હુમલામાં અત્યાર સુધીમાં 630થી વધુ લોકોના મોત થયા છે. જ્યારે 2,000થી વધુ લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં લગભગ એક ચતુર્થાંશ મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રના હાઈ કમિશનરના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, લેબનોનમાં વિસ્થાપિત લોકોની કુલ સંખ્યા 2,11,319 પર પહોંચી ગઈ છે.

# ઈઝરાયલી સેના 18 વર્ષ પછી લેબનનમાં ઘુસી:ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ

(એજન્સી) જેરુસલેમ/બેરૂત તા 01

ઈઝરાયલની સેના લેબનનમાં ઘુસી ગઈ છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF)એ મંગળવારે સવારે આ જાણકારી આપી. IDFએ સોમવારે રાત્રે જણાવ્યું હતું કે તેમણે દક્ષિણ લેબનનમાં હિઝબુલ્લાહની સ્થિતિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરવા સરહદ સાથેના ગામોમાં ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કર્યું છે. ઈઝરાયલી સેનાએ કહ્યું કે તેઓ સરહદ નજીકના ગામોને નિશાન બનાવી રહ્યા છે. અહીંથી હિઝબુલ્લા ઈઝરાયલ પર હુમલો કરે છે. IDFએ કહ્યું કે તેમના સૈનિકોએ તાજેતરમાં જ આ હુમલા માટે તાલીમ લીધી હતી. IDFએ કહ્યું કે આ હુમલાઓ ગુપ્ત માહિતીના આધારે કરવામાં આવી રહ્યા છે. આમાં ઈઝરાયલની એરફોર્સ તેમની મદદ કરી રહી છે. લેબનનમાં ગ્રાઉન્ડ ઓપરેશન માટે ઈઝરાયલને અમેરિકાનું સમર્થન મળ્યું છે. અમેરિકાના વિદેશ મંત્રી લોયડ ઓસ્ટીને કહ્યું કે જો ઈરાન ઈઝરાયલ પર હુમલો કરશે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. ન્યૂઝ એજન્સી APના જણાવ્યા અનુસાર 2006 પછી આ પ્રથમ વખત છે જ્યારે ઈઝરાયલની સેના લેબનનમાં પ્રવેશી છે. ત્યારબાદ ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે 33 દિવસ સુધી યુદ્ધ ચાલ્યું. જેમાં 1100થી વધુ લેબનીઝ માર્યા ગયા હતા. તે જ સમયે ઈઝરાયલના 165 લોકો મૃત્યુ પામ્યા હતા.UAEએ લેબનનમાં વધી રહેલા તણાવ પર ચિંતા વ્યક્ત કરી છે અને સંઘર્ષને રોકવાની અપીલ કરી છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહ્યાને લેબનોનના લોકો માટે $100 મિલિયન (838 કરોડ ભારતીય રૂપિયા)ના રાહત પેકેજની જાહેરાત કરી છે. અલજઝીરાના અહેવાલ મુજબ મંગળવારે ઈઝરાયલની સેનાએ લેબનનના દૌદિયા શહેરમાં એક ઘર પર બોમ્બમારો કર્યો હતો. જેમાં 10 લોકોનાં મોત થયા છે. 5 લોકો ઘાયલ પણ થયા છે. હુમલામાં માર્યા ગયેલા તમામ લોકો એક જ પરિવારના છે. આ પહેલા ઈઝરાયેલના રક્ષા મંત્રી યોવ ગેલેંટ 30 સપ્ટેમ્બરે લેબનન સરહદ પાસે સૈનિકોને મળ્યા હતા. ગેલેંટે કહ્યું કે જે પણ કરવાની જરૂર છે, અમે કરીશું. અમે આકાશ, જળ અને જમીન દ્વારા દુશ્મનોને હરાવવા માટે અમારી પુરી તીકીત લગાવી દઈશું.



લેબનનના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર સોમવારે ઈઝરાયલના હુમલામાં ઓછામાં ઓછા 95 લોકો માર્યા ગયા હતા. 172 લોકો ઘાયલ પણ થયા છે. આ પહેલા રવિવારે ઈઝરાયલના હુમલામાં ઓછામાં ઓછા 105 લોકો માર્યા ગયા હતા.

સોમવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનને લેબનનમાં ઈઝરાયલની સૈન્ય કાર્યવાહી અંગે સવાલ પૂછવામાં આવ્યા હતા. બાઈડને કહ્યું હતું કે લેબનનમાં યુદ્ધ બંધ થાય તો તેઓ ખુશ થશે. તેમણે યુદ્ધવિરામની પણ માંગ કરી હતી.હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહના મૃત્યુ બાદ પહેલીવાર સંગઠનના ડેપ્યુટી ચીફ નઈમ કાસિમે જનતાને સંબોધન કર્યું હતું. કાસિમે ઈઝરાયલ પર નરસંહારનો આરોપ લગાવ્યો હતો.

# શ્રીલંકા નેવીએ ભારતના 17 માછીમારોને પકડ્યા, સરહદ પાર કરવાનો લગાવ્યો આરોપ



(એજન્સી) શ્રીલંકા તા 01

શ્રીલંકાની નેવીએ ફરી એકવાર ભારતીય માછીમારોની ધરપકડ કરી છે. આ વખતે 17 માછીમારોની ધરપકડ કરવાની સાથે તેમની બોટ પણ જપ્ત કરી છે. ભારતીય માછીમારો પર શ્રીલંકાની સરહદ પાર કરવાનો આરોપ છે. આ વર્ષે અત્યાર સુધીમાં શ્રીલંકાએ 413 ભારતીય માછીમારોની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા માછીમારોને તાલાઈમન્નાર જેટી પર લઈ જવામાં આવ્યા હતા અને પછી આગળની કાર્યવાહી માટે મન્નાર ફિશરીઝ ઈન્સ્પેક્ટરને સોંપવામાં આવ્યા છે. રવિવારે શ્રીલંકાની નેવીએ 17 માછીમારોની ધરપકડ કરી હતી અને બે બોટ પણ જપ્ત કરી હતી. ભારતીય માછીમારોને પકડવા માટે નેવીએ ખાસ ઓપરેશન શરૂ કર્યું હતું. 2024ની શરૂઆતથી શ્રીલંકાના નૌકાદળના કર્મચારીઓએ 55 બોટ જપ્ત કરી છે અને 413 ભારતીય માછીમારોની ધરપકડ કરી છે. ભારતીય માછીમારોની વારંવાર ધરપકડ કરવામાં આવી રહી છે

આ મહિનાની શરૂઆતમાં શ્રીલંકાની નેવીએ તમિલનાડુના 37 માછીમારોની ધરપકડ કરી હતી અને ત્રણ બોટ જપ્ત કરી હતી. આ માછીમારોની ધરપકડ 21 સપ્ટેમ્બર 2024ના રોજ કરવામાં આવી હતી. ગયા મહિને 11 માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી. તેના પર માછીમારી માટે દરિયાઈ સરહદ પાર કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, માછીમારોનો મુદ્દો ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધોમાં એક વિવાદાસ્પદ મુદ્દો છે. આવી મોટાભાગની ઘટનાઓ પાલ્ક સ્ટ્રેટમાં બને છે. તે તમિલનાડુ અને ઉત્તર શ્રીલંકા વચ્ચેની પટ્ટી છે. તે માછલીઓ માટે સમૃદ્ધ વિસ્તાર માનવામાં આવે છે.

ગયા મહિને 1 જુલાઈના રોજ રામેશ્વરમ ટાપુ વિસ્તાર નજીકના પાક ખાડી સમુદ્રી વિસ્તારમાં પમ્બનથી માછીમારી કરવા ગયેલા 26 ભારતીય માછીમારોને શ્રીલંકાના નૌકાદળ દ્વારા પકડી લેવામાં આવ્યા હતા. તેમની સાથે ચાર દેશી બોટ જપ્ત કરવામાં આવી હતી. ગયા મહિને જ શ્રીલંકાની નૌકાદળે તેની જળસીમામાં ગેરકાયદે માછીમારીના આરોપમાં 18 ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી. તેમની સાથે ત્રણ ફિશિંગ બોટ પણ જપ્ત કરવામાં આવી હતી. આ પહેલા પણ શ્રીલંકાની નેવીએ ચાર ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી અને તેમની બોટ જપ્ત કરી હતી. આ વર્ષે જાન્યુઆરીમાં શ્રીલંકાની નેવીએ 12 ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી. માછીમારો પર શ્રીલંકાની જળસીમામાં માછીમારી કરવાનો આરોપ લગાવવામાં શરૂઆતથી શ્રીલંકાના નૌકાદળના કર્મચારીઓએ 55 બોટ જપ્ત કરી છે અને 413 ભારતીય માછીમારોની ધરપકડ કરી છે. ભારતીય માછીમારોની વારંવાર ધરપકડ કરવામાં આવી રહી છે

# ઈઝરાયલે તેના વધુ એક દુશ્મનને કર્યો ખતમ, હમાસ કમાન્ડર ફતેહ શરીફનું લેબનોનમાં હવાઈ હુમલામાં મોત

## તેણે હમાસની લેબનોન શાખાના વડા ફતાહ શરીફને ખતમ કરી દીધો છે.

(એજન્સી) ઈઝરાયેલ તા 01

ઈઝરાયેલના વધુ એક હુમલામાં હમાસની લેબનોન શાખાના કમાન્ડર ફતેહ શરીફનું મોત થયું છે. ઈઝરાયેલની એરફોર્સે આ જાણકારી આપી છે. ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સ (IDF)એ જણાવ્યું હતું કે તેણે હમાસની લેબનોન શાખાના વડા ફતાહ શરીફને ખતમ કરી દીધો છે. ઈઝરાયલે તેના વધુ એક દુશ્મનને કર્યો ખતમ, હમાસ કમાન્ડર ફતેહ શરીફનું લેબનોનમાં હવાઈ હુમલામાં મોત લેબનોનમાં ઈઝરાયેલના હવાઈ હુમલા ચાલુ છે. આ હુમલાઓમાં ઈઝરાયેલે હમાસની લેબનોન શાખાના કમાન્ડર ફતેહ શરીફને માર્યો હોવાનો દાવો કર્યો છે. ઈઝરાયેલની એરફોર્સે આ જાણકારી આપી છે. ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સ (IDF)એ 30 સપ્ટેમ્બરે જણાવ્યું હતું કે તેણે હમાસની લેબનોન શાખાના વડા ફતાહ શરીફને ખતમ કરી દીધો છે.



IDF એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આ હુમલો વહેલી સવારે કરવામાં આવ્યો હતો. શરીફ આજે દક્ષિણ લેબનીઝ શહેર ટાયરમાં અલ-બાસ શરણાર્થી શિબિર પર હવાઈ હુમલામાં માર્યો ગયો હતો. લેબનોનમાં આતંકવાદી પ્રવૃતિઓના સંકલન પર દેખરેખ રાખતો શરીફ માત્ર હમાસમાં મુખ્ય વ્યક્તિ જ નહોતો, પરંતુ તેણે હમાસને હિઝબુલ્લાહના ઓપરેટિવ્સ સાથે જોડવામાં પણ ભૂમિકા ભજવી હતી. ખતરો પેદા કરનારાઓને ખતમ કરવામાં આવશે IDF અને ISA જણાવ્યું છે કે, ઈઝરાયલી નાગરિકો માટે ખતરો ઉભો કરનાર કોઈપણ વિરુદ્ધ કાર્યવાહી કરવાનું ચાલુ રાખશે. ઈઝરાયેલનું માનવું છે કે શરીફની પ્રવૃત્તિઓ આંતકવાદીઓની ભરતી પ્રક્રિયાથી લઈને શસ્ત્રો મેળવવા સુધીની હતી. IDFએ જણાવ્યું હતું કે, શરીફે UNRWA (યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી) ના સભ્ય તરીકે બેવડી ભૂમિકા ભજવી હતી, જ્યાં તેણે લેબનોનમાં UNRWA શિક્ષક સંઘના વડા તરીકે પણ સેવા આપી હતી. શરીફની રાજકીય ગતિવિધિઓની તપાસ કરવામાં આવી રહી હતી.

સુધારા અને ઝડપ વધારવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કર્યું હતું. મને એ કહેતા ગર્વ થાય છે કે અમે એ વચન પૂરું કર્યું છે.

# અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ભારતીયોને 'ગિફ્ટ'




(એજન્સી) અમેરિકા તા 01

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ભારતીયોને મોટી ભેટ મળી છે. ભારતમાં યુએસ મિશનએ પ્રવાસીઓ, કુશળ કામદારો અને વિદ્યાર્થીઓ સહિત ભારતીય પ્રવાસીઓ માટે વધારાની 250,000 વિઝા એપોઈન્ટમેન્ટ બહાર પાડી છે. અમેરિકામાં આવતા મહિને એટલે કે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી છે, ત્યારે આ ચૂંટણી પહેલા અમેરિકા જવાનું સપનું જોઈ રહેલા ભારતીયો માટે આ સારા સમાચાર છે.

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ભારતીયોને 'ગિફ્ટ', વિઝા પર લેવામાં આવ્યો આ નિર્ણય અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ભારતીયોને મોટી ભેટ મળી છે. ભારતમાં યુએસ મિશનએ પ્રવાસીઓ, કુશળ કામદારો અને વિદ્યાર્થીઓ સહિત ભારતીય પ્રવાસીઓ માટે વધારાની 250,000 વિઝા એપોઈન્ટમેન્ટ બહાર પાડી છે. અમેરિકામાં આવતા મહિને એટલે કે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી છે, ત્યારે આ ચૂંટણી પહેલા અમેરિકા જવાનું સપનું જોઈ રહેલા ભારતીયો માટે આ સારા સમાચાર છે.

ભારતમાં યુએસ એમ્બેસેડર એરિક ગારસેટીએ જણાવ્યું હતું કે, પીએમ મોદી અને રાષ્ટ્રપતિ જો બિડેને વિઝા પ્રક્રિયામાં સુધારા અને ઝડપ વધારવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કર્યું હતું. મને એ કહેતા ગર્વ થાય છે કે અમે એ વચન પૂરું કર્યું છે. એમ્બેસી અને ચાર કોન્સ્યુલેટ ખાતેની અમારી કોન્સ્યુલર ટીમો અમે વધતી જતી માંગને પહોંચી વળવા માટે અથાક કામ કરે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે નવી જાહેર કરાયેલ વિઝા એપોઈન્ટમેન્ટ્સ ભારતીય અરજદારોને સમયસર ઈન્ટરવ્યુ લેવામાં મદદ કરશે, મુસાફરીની સુવિધા આપશે, જે લોકો-થી-લોકોના સંબંધોની કરોડરજ્જુ છે અને યુએસ-ભારત સંબંધોને મજબૂત બનાવે છે. એશિયન-અમેરિકનો માટેના પ્રેસિડેન્શિયલ કમિશનના ભારતીય-અમેરિકન સભ્યએ આ પગલાંને આવકાર્યું છે. એશિયન-અમેરિકન, નેટિવ હવાઈઅન્સ અને પેસિફિક આઈલેન્ડર્સ (AANHPI) પરના રાષ્ટ્રપતિના સલાહકાર કમિશનના સભ્ય અજય ભુટોરિયાએ જણાવ્યું હતું કે, મે અગાઉ રજૂ કરેલી ભલામણોમાંથી એકનું આ સીધું પરિણામ છે.તેમણે કહ્યું, હવે અમે પરિવારોને એક સાથે લાવવા, વ્યવસાયોને જોડવા અને પર્યટનની સુવિધા આપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બિહારમાં પૂરથી હાહાકાર, 20નાં મોત,10 લાખથી વધુ લોકોને અસર

બિહાર : સુ વિદાય લઈ રહ્યુ છે ત્યારે બિહારમાં નેપાળમાં આવેલા પૂરે તબાહી મચાવી છે. કોસી અને તેની ઉપનદીઓ બિહારમાં તબાહી મચાવી રહી છે. ઉત્તર અને પૂર્વ બિહારમાં પૂરની સ્થિતિ ગંભીર છે. બેતિયામાં ગંડક નદીનો પ્રવાહ ચાલુ છે. ચંપારણના બેતિયામાં દક્ષિણ પતજીરવાના ઈમલી ધલા પાસેનો રિંગ ડેમ 70 ફૂટથી વધુ તૂટ્યો છે. આના એક દિવસ પહેલા બગાહામાં ડેમ તુટી ગયો હતો, ત્યારબાદ એન્જિનિયરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો.રીંગ ડેમ તૂટવા પાછળ એન્જિનિયરોની બેદરકારી પણ હોવાનું કહેવાય છે, કારણ કે સીપેજને કારણે ડેમ તૂટ્યો હતો. બેતિયામાં મોડી રાત્રે 11.30 વાગ્યે બંધ તૂટી ગયો હતો, જેના કારણે બૈરિયા બ્લોકમાં અરાજકતાનો માહોલ સર્જાયો હતો. વિસ્તારના ડઝનબંધ ગામો પૂરમાં ડૂબી જવાના ભયમાં છે. ગામમાં પાણી ભરાયેલું જોઈને લોકો ઘરમાંથી સામાન બહાર કાઢી રહ્યા છે. ગ્રામજનોમાં ભય અને ગભરાટનો માહોલ છે.બેતિયા ઉપરાંત બિહારના સીતામઢીના બેલસંદમાં ડાબા બંધનો ભાગ તૂટી પડ્યો છે. આ સાથે રૂન્ની સૈયદપુર અને તિલક તાજપુરના નુનોરામાં બાગમતી ડેમ તૂટી ગયો છે. પશ્ચિમ ચંપારણના બગાહા-1 બ્લોકના ખૈરતવા ગામમાં ગંડક નદી પર સ્થિત ચંપારણ બંધ તૂટી ગયો છે. દરભંગાના કિરથપુર બ્લોકના ટેત્રી ગામમાં કોસી નદીના પાળા તૂટવાના સમાચાર છે.

### આરજી કર કેસ : 50% કામગીરી બાકી, આટલી ઢીલાશ કેમ? :

બંગાળ : બંગાળના બહુચર્ચિત આરજી કર મેડિકલ કોલેજ કેસમાં સોમવારે સુપ્રીમ કોર્ટ દ્વારા વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાઇ ચંદ્રચૂડે અવલોકન કર્યું હતું કે આ કેસમાં કામગીરીનો કોઈપણ હિસ્સો 50 ટકા પુર્ણ થયો નથી. તેમણે પ્રિમ બંગાળ સરકારને નીશાન બનાવતાં જણાવ્યું હતું કે આટલું બધું ધીમું કામ કેમ છે?સીજેઆઈએ ઉમેર્યું હતું કે રાજ્યે આશ્વાસન આપ્યું છે કે 15 ઓક્ટોબર સુધીમાં તમામ કામ પુર્ણ કરવાનો પ્રયાસ કરશે. જે લોકો સામે દુષ્કર્મના ગંભીર આરોપો છે તેઓ કોલેજના વિવિધ પદ પર બેઠેલા છે ત્યારે ડોક્ટરોનું કહેવું હતું કે આવા લોકોને સસ્પેન્ડ કરવા જોઈએ અથવા તો રજા પર ઊતારી દેવા જોઈએ.આ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવાની બાબત છે. તેના જવાબમાં રાજ્યના વકીલે જણાવ્યું હતું કે સીબીઆઈ આવવ્યક્તિની જાણકારી શેર કરશે તો સરકાર કાયદા અનુસાર કાર્યવાહી કરશે.

### મહિનાની શરૂઆતમાં પેટ્રોલ ડીઝલમાં ઘટ્યા ભાવ? જાણો આજની કિંમત

નવી દિલ્હી : આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધઘટ થઈ રહી છે. તેના આધારે દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ નક્કી કરવામાં આવે છે. પરંતુ લાંબા સમયથી રાષ્ટ્રીય સ્તરે તેલની કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથી. ત્યારે આજે ઑક્ટોબર મહિનાની શરૂઆત થઇ છે. મહિનાની શરૂઆતમાં જ આંતરરાષ્ટ્રીય બજારમાં પેટ્રોલ ડીઝલમાં કોઇ ફેરફાર જોવા મળ્યો નથી પરિણામે ભાવ સ્થિર રહ્યા છે. તાજેતરના અપડેટ મુજબ આજે એટલે કે 01 ઓક્ટોબર, 2024ના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. જો કે રાજ્ય સ્તરે ભાવમાં થોડો ફેરફાર જોવા મળી રહ્યો છે. ત્યારે આવો જાણીએ દેશના મહાનગરો અને ગુજરાતના મહાનગરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ.

આજે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત 71 ડોલરની નીચે પહોંચી ગઈ છે. બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ $71.77 પર ટ્રેડ થઈ રહ્યું છે, જ્યારે WTI ક્રૂડ પ્રતિ બેરલ $68.20 પર ટ્રેડ થઈ રહ્યું છે. જ્યારે ભારતની વાત કરીએ તો સરકારી ઓઈલ કંપનીઓએ ઓક્ટોબર 01, 2024ના રોજ પણ તમામ મહાનગરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખ્યા છે. પેટ્રોલ પંપ પર જઈને જ પેટ્રોલ અને ડીઝલના ભાવ જાણવા જરૂરી નથી તમે ઘરે બેઠા પણ ઈંધણના ભાવ જાણી શકો છો. ઈન્ડિયન ઓઈલ કંપનીના SMS નંબર 9222201122 પર RSP અને તમારો સિટી પિન કોડ મેસેજ કરો. આવો જ SMS ભારત પેટ્રોલિયમ નંબર 9223112222 પર મોકલો. જો તમે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના ગ્રાહક છો, તો HP અને તમારા શહેરનો પિન કોડ 9222201122 નંબર પર SMS કરો.

### નવરાત્રી ટાણે જ પાણીની વ્યવસ્થા ખોરવાતા આક્રોશ વ્યક્ત કરતા નખત્રાણા તાલુકા પંચાયત પૂર્વ વિપક્ષી નેતા

મહેશ સોની નખત્રાણા

અવાર નવાર રજૂઆતો છતાં પણ નવરાત્રી ટાંકણે જ લોકોને પાણી માટે વલખા મારવા પડે છે. પાણીની વ્યવસ્થા ખોરવાતા આઠ ગામો સહિત હાલત ત્રીસ સેવા કેમ્પોમાં પાણી વગર વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી માતાનામઢ માટે ૬૦૦ ની લાઈન માત્ર ૪ કલાક માટે શરૂ કરાઇ તો ૪૦૦ ની લાઈન ગઈ કાલથી બંધ થતા રવાપર સહિત આસપાસના આઠ જેટલા ગામો સહિત ત્રીસ સેવા કેમ્પોમાં પાણી પુરવઠા ઉપલબ્ધ ન થવાને કારણે પરિસ્થિતિ વિકટ બની હતી એવો આક્રોશ નખત્રાણા તાલુકા પંચાયતના પૂર્વ વિપક્ષી નેતા અશ્વિનભાઈ રૂપારેલે ઠાલવ્યો હતો તેમને વધુમાં જણાવ્યું કે નવરાત્રી ટાંકણે પાણીની વ્યવસ્થા ન ખોરવાય એની સબંધિત તંત્રને વારંવાર રજૂઆત કરવામા આવેલ નર્મદાનું સુખપર થી સપ્લાય થતાં ખીરસરા સમ્પની રૂબરૂ મુલાકાત સમયે ટાંકા ખાલી જેવી સ્થિતિ માં જોવા જોવા મળ્યા હતા.૧૦૦૦/૧૨૦૦ ના ફ્લો સામે માત્ર ૫૦૦/૬૦૦ ફલો ચાલુ હોવા અંગેનું ધ્યાન પણ અંજાર ખાતે અધિકારીને ટેલીફોન દ્વારા દોર્યું હતું . હાલ નવરાત્રી દરમ્યાન માતાનામઢ જતા લાખોની સંખ્યામાં માઈભક્તો તેમજ ૮ ગામોના લોકોને તંત્રના વાંકે સહન કરવું પડ્યું હતું એવું તેમણે જણાવ્યું હતું.

---

કેન્દ્ર અગ્નિવીર જેવી યોજના દ્વારા પેન્શન ખતમ કરતું હોવાનો અને તેના રુપિયા અદાણી પાસેં જતો હોવાનો દાવો

# હરિયાણામાં ન્યાય-અન્યાય વચ્ચે જંગ : રાહુલે હૂડા-શૈલજાનો હાથ થામ્યો

(એજન્સી) નારાયણગઢ | તા 01

હરિયાણામાં ચૂંટણી પ્રચાર અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. હરિયાણામાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે રાજ્યની આ ચૂંટણી ન્યાય અને અન્યાય વચ્ચેનો જંગ છે. આ ચૂંટણી પ્રચારમાં તે બે કટ્ટર વિરોધી સિરસાની સાંસદ કુમારી શૈલજા અને ભૂતપૂર્વ સીએમ ભૂપિન્દર હૂડાનો હાથ થામેલા નજરે જોવા મળ્યા. તે હરિયાણામાં વિજય સંકલ્પ યાત્રા શરૂ કરવા આવ્યા હતા. હરિયાણામાં આ યાત્રા છ મતવિસ્તારોમાંથી જ પસાર થશે. આ યાત્રા પહેલા રાહુલ ગાંધીએ સ્થાનિક ઉમેદવાર શૈલી ચૌધરી અને બીજા ઉમેદવાર પ્રદીપ ચૌધરી તથા પરવિંદરસિંહ પારી માટે વોટની અપીલ કરી હતી અને નારાયણગઢમાં રેલીને સંબોધિત કરી હતી. રાહુલ ગાંધીએ અડધો કલાકના ભાષણમાં કેન્દ્ર સરકાર અને પીએમ નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા. તેમણે જણાવ્યું હતું કે હરિયાણામાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધી લડાઈ છે અને આ લડાઈ ન્યાય અને અન્યાય વચ્ચેની છે.આ લડાઈ ગરીબ ખેડૂત અને કોર્પોરેટ્સ વચ્ચેની છે.રાહુલ ગાંધીએ વિશ્વાસ અપાવ્યો કે ૩૬ બિરાદરી એટલે કે બધાનો સમાવેશ કરતી કોંગ્રેસ સરકાર બનશે અને તેનું પહેલું કામ અનાજની ખરીદી અને ખેડૂતોને તરત જ ચૂકવણી કરવાનું જારી કરવાનું હશે.

અગ્નિવીર યોજનાનો ઉલ્લેખ કરતા તેણે જણાવ્યું હતું કે આ ફક્ત અગ્નિવીર યોજના નથી, પરંતુ તમારું પેન્શન ખતમ કરવાની એક પદ્ધતિ છે, પરંતુ તમારુ આ પેન્શન જાય છે ક્યાં આ પેન્શન અદાણીના ખિસ્સામાં જાય છે.

તમને ઈઝરાયેલ અને અમેરિકામાં અદાણી ડિફેન્સ મળી જશે અને ભારત તેની પાસેથી ખરીદી કરે છે. તેમનો અડધો રૂપિયો એક રાજકીય પક્ષના ખિસ્સામાં અને બીજો મોદીના માર્કેટિંગમાં જાય છે. હું તમને જણાવું છું કે તેમણે જે રૂપિયા અદાણી અને અંબાણીને આપ્યા છે તે હું ગરીબો, ખેડૂતો અને યુવાઓને આપીશ. જો તેમનું ૧૬ લાખ કરોડ રુપિયાનું દેવુ માફ કરી શકાય તો તમારું કેમ નહીં. પ્રિયંકા ગાંધી પણ સાથે આવી છે અને તેનો આ પહેલો ચૂંટણી પ્રવાસ છે.



---

સોલેક્સ એનર્જીએ ભારતના પ્રથમ લંબચોરસ સેલ-આધારિત

# સોલાર મોડ્યુલ્સ N-TOPcon ટેક્નોલોજી સાથે INR 8,000 કરોડના રોકાણ સાથે વિઝન 2030નું અનાવરણ કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

ભારતની અગ્રણી સોલાર બ્રાન્ડ સોલેક્સ એનર્જી લિમિટેડે (NSE:SOLEX) પોતાના વિઝન 2030 વ્યૂહરચનાના ભાગરૂપે INR 8,000 કરોડથી વધુના રોકાણની જાહેરાત કરી છે. આ વ્યૂહાત્મક પહેલ સોલર ટેક્નોલોજી અને સ્કેલિંગ કામગીરીને આગળ વધારવા માટે સોલેક્સની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે જે કંપનીને સંપૂર્ણ સંકલિત સોલર પ્લેયર તરીકે સ્થાન આપે છે. આ મહત્વાકાંક્ષી યોજનાના ભાગ રૂપે Solexએ 2 ગીગાવોટની પ્રારંભિક ક્ષમતા સાથે નવી સેલ ઉત્પાદન સુવિધાના વિકાસની શોધ કરી રહી છે, જે 5 ગીગાવોટ સુધી સ્કેલ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. તેની મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા પણ 1.5 GW થી વધારીને 15 GW કરવામાં આવશે. સોલેક્સ આ વૃદ્ધિને ટેકો આપવા માટે



કર્મચારીઓની સંખ્યા 25,000થી વધુ વિસ્તારવાનું લક્ષ્ય રાખે છે. સોલેક્સ એનર્જી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ચેતન શાહે જણાવ્યું હતું કે, "વિઝન 2030એ સંપૂર્ણ સંકલિત સૌર કંપની બનવાવાનું અમારું મુખ્ય લક્ષ્યાંક છે. લંબચોરસ કોષો દર્શાવતી N-Type TOPcon ટેકનોલોજીની રજૂઆત સાથે સોલેક્સ એનર્જી પોતાની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા માટેના માપદંડ પણ વધારી રહી છે.." વિઝન 2030નું મુખ્ય ઘટક તાપી-આર સીરિઝનું લોન્ચિંગ છે. જેમાં ક્રાંતિકારી સૌર મોડ્યુલમાં એન-ટાઈપ ટોપકોન ટેક્નોલોજી અને લંબચોરસ સેલ ડિઝાઈનનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે ભારતમાં સૌર ઉર્જા ઉત્પાદન માટે એક નવું ધોરણ સ્થાપિત કરે છે. આ શ્રેણીનું નામ તાપી નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે જીવનશક્તિનું પ્રતીક છે અને સોલેક્ષનું મુખ્ય મથક પણ સુરતમાં જ આવેલું છે. તેની લંબચોરસ સેલ ડિઝાઈન માટે 'R' નોંધપાત્ર રીતે પાવર કાર્યક્ષમતા અને વિશ્વસનીયતામાં વધારો કરે છે. તાપી-આર સીરિઝમાં 182.2 x210 મીમીની સેલ સાઈઝ અને 132 હાફ-કટ સેલનો સમાવેશ થાય છે, જે 23.14% મોડ્યુલ કાર્યક્ષમતા સાથે 625 WP સુધીનો પાવર આપે કરે છે. જે ખાસ કરીને રણ અને ઉજ્જડ જમીન જેવા પડકારજનક વાતાવરણમાં મોટા પાયે સૌર પ્રોજેક્ટ માટે અનુકૂળ છે, જેમાંથી લગભગ 80% નો બાયફેસિયલ દર અને -0.28%/C ના પાવર તાપમાન ગુણાંક થશે. આ સીરિઝમાં વ્યાપક 12 વર્ષની પ્રોડક્ટ વોરંટી અને લઘુત્તમ વાર્ષિક ઘટાડા સાથે 30 વર્ષની પ્રોડક્ટ વોરંટી આપે છે.



સ્થાનિક સમુદાયના જીવનને સુધારવાના અવિરત પ્રયાસો કરતી જી.એમ.ડી.સી. ની સુરખા લિગ્નાઈટ ખાણને તેની ઉત્કૃષ્ટ સામાજિક જવાબદારી માટે આદરણીય FIMI - ફેડરેશન ઓફ ઈન્ડિયન મિનરલ ઈન્ડસ્ટ્રીઝના સીતારામરુંગટા એવોર્ડથી સન્માનિત કર્યું

# UP: હોટલમાંથી મહિલા હોકી પ્લેયરનો મળ્યો મૃતદેહ

(એજન્સી) આગ્રા | તા 01

UPના આગ્રાની એક હોટલમાંથી રાજ્ય સ્તરની મહિલા હોકી ખેલાડીનો મૃતદેહ સોમવારે હોટલના રૂમમાંથી મળી આવ્યો હતો. હોકી પ્લેયરના શંકાસ્પદ સંજોગોમાં મોતના કારણે અનેક ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, પરિવારના સભ્યોના આરોપોના આધારે વિવિધ મુદ્દાઓ પર તપાસ કરવામાં આવી રહી છે. પોલીસને હોટલના રૂમની તલાશી દરમિયાન આધાર કાર્ડ અને એક મોબાઈલ ફોન પણ મળી આવ્યો હતો. આ સિવાય એક પુરુષ મિત્રને મળવાના સમાચાર પણ સામે આવી રહ્યા છે. જેમને પોલીસે કસ્ટડીમાં લીધા છે.મળતી માહિતી મુજબ, ઉત્તર પ્રદેશના આગ્રામાં એક મહિલા હોકી ખેલાડીનો મૃતદેહ હોટલના રૂમમાં લટકતો મળી આવ્યો હતો. રવિવારે તેણે પોતાના આઈડી પર રૂમ નંબર 204 ભાડે રાખ્યો હતો.

### ગૃહ મંત્રાલયે 14 પૂર પ્રભાવિત રાજ્યોને SDRFમાંથી કેન્દ્રીય હિસ્સા તરીકે અને NDRFમાંથી ₹5,858.60 કરોડની એડવાન્સ રકમ જાહેર કરી

નવી દિલ્હી : ગૃહ મંત્રાલય (MHA)એ 14 પૂર પ્રભાવિત રાજ્યોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF)માંથી કેન્દ્રીય હિસ્સા તરીકે 5858.60 કરોડ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (NDRF) તરફથી એડવાન્સ જાહેર કર્યા છે. જેમાં મહારાષ્ટ્રને 1492 કરોડ, આંધ્રપ્રદેશને 1036 કરોડ, આસામને 716 કરોડ, બિહારને 655.60 કરોડ, ગુજરાતને 600 કરોડ, હિમાચલ પ્રદેશને 189.20 કરોડ, કેરળને 145.60 કરોડ, મણિપુરને 50 કરોડ, , મિઝોરમને 21.60 કરોડ, નાગાલેન્ડને 19.20 કરોડ, સિક્કિમને 23.60 કરોડ, તેલંગાણાને 416.80 કરોડ, ત્રિપુરાને 25 અને પશ્ચિમ બંગાળને 468 કરોડનો સમાવેશ થાય છે, આ રાજ્યો આ વર્ષે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન અત્યંત ભારે વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત થયા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ મોદી સરકાર કુદરતી આફતોથી અસરગ્રસ્ત રાજ્યો સાથે ખભેખભો મિલાવીને લોકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે ઊભી છે. આસામ, મિઝોરમ, કેરળ, ત્રિપુરા, નાગાલેન્ડ, ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને મણિપુર જેવા પૂરગ્રસ્ત રાજ્યોમાં આંતર-મંત્રાલય કેન્દ્રીય ટુકડીઓને નુકસાનીની સ્થળ પર જ આકારણી કરવા માટે મોકલવામાં આવી હતી. વધુમાં, બિહાર અને પશ્ચિમ બંગાળ રાજ્યોમાં નુકસાનની ઓન-ધ-સ્પોટ આકારણી કરવા માટે ટૂંક સમયમાં આઈએમસીટી મોકલવામાં આવશેનાણાકીય સહાય ઉપરાંત કેન્દ્ર સરકારે તમામ અસરગ્રસ્ત રાજ્યોને એનડીઆરએફની જરૂરી ટીમો, આર્મી ટીમો અને હવાઈ દળની સહાયતા સહિત તમામ લોજિસ્ટિક સહાય પણ પ્રદાન કરી છે.

### 'તો હું એક મિનિટમાં મંત્રી પદ છોડી દઈશ', ચિરાગ પાસવાનનું મોટુ નિવેદન

(એજન્સી) નવી દિલ્હી | તા 01

ચિરાગ પાસવાન કે જેઓ યુવા કેન્દ્રીય મંત્રી છે. કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાનને પીએમ મોદીના હનુમાન કહેવાય છે. બિહારની જનતાનો અવાજ ગણાતા ચિરાગ પાસવાને એક મહત્વનું નિવેદન આપ્યું છે. પટનામાં પાર્ટીના C-ST સેલ દ્વારા આયોજિત સન્માન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ચિરાગ પાસવાને હાજરી આપી હતી. તે દરમિયાન તેમણે મોટું નિવેદન આપ્યું છે.પીએમ મોદીના હનુમાન કહેવાતા ચિરાગ પાસવાને કહ્યું કે જો મને ક્યાંયથી પણ મારા સમુદાયના લોકોની સમસ્યા દેખાઈ તો હું એક મિનિટમાં મંત્રી પદ પરથી રાજીનામું આપી દઈશ. તેમણે વધુમાં જણાવ્યું કે હું ગમે તે ગઠબંધનમાં હોઉં, ભલે હું ગમે તે મંત્રી પદ પર હોઉં, જે દિવસે મને લાગશે કે બંધારણ અને અનામત સાથે રમત રમાઈ રહી છે ત્યારે હું તે જ સમય મંત્રી પદને લાત મારી દઈશ. જેવી રીતે મારા પિતાએ એક મિનિટમાં મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું તેવી જ રીતે હું પણ એક મિનિટમાં મંત્રી પદ પરથી રાજીનામું આપી દઈશ.

# મનક્સિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને ₹ 200 કરોડનો ઐતિહાસિક યુરોપીયન કરાર મળ્યો

(એજન્સી) મુંબઈ । તા. 01

મનક્સિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (NSE: MANAKCOAT, BSE: 539046), અમદાવાદ/મુંબઈ, 30 સપ્ટેમ્બર 2024: પોતાની વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓમાં એક મહત્વપૂર્ણ સફળતા મેળવે છે, મનક્સિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (MCMIL | NSE: MANAKCOAT | BSE: 539046) ને એક મુખ્ય યુરોપીયન ગ્રાહક સાથે 200 કરોડ (આશરે USD 24 મિલિયન) નો ઐતિહાસિક કરાર મળ્યો છે. આ કરારમાં આગામી 12 મહિનામાં 20,000 મેટ્રિક ટન પ્રિ-પેઈન્ટેડ સ્ટીલ કોઈલ્સ, અલુ-ઝિંક કોટેડ સ્ટીલ કોઈલ્સ અને ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ ઉત્પાદનોની સપ્લાઈનો સમાવેશ થાય છે. કરાર નિયમિત ઓર્ડરનું રૂપ લઈ શકે છે, જે આવતા વર્ષોમાં MCMIL માટે સ્થિર આવકના સ્ત્રોત તરીકે કામ કરી શકે છે. આ સાથે, કંપનીને FY2025 ની ચોથી ત્રિમાસિકમાં પૂર્ણ થનારી તેની કન્ટિન્યુઅસ ગેલ્વેનાઈઝિંગ લાઈન (CGL) અપગ્રેડ્સની વધારાની ક્ષમતા પૂરી રીતે ઉપયોગમાં લેવા માટે મદદ મળશે, જે MCMIL ની ઉત્પાદન ક્ષમતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધારો કરશે. મુખ્ય વ્યૂહાત્મક મુદ્દાઓ: - યુરોપીયન બજારમાં નેતૃત્વ વધારવું: MCMIL યુરોપના અત્યંત સ્પર્ધાત્મક બજારમાં પોતાનું સ્થાન મજબૂત કરી રહી છે અને ટોચના શ્રેણીના ગ્રાહકો માટે પસંદગીનો સપ્લાયર બનતી જઈ રહી છે. - નિકાસમાં વૃદ્ધિ વધારવી: MCMIL પહેલાથી જ કોટેડ સ્ટીલ ઉત્પાદનોની સ્થિર નિકાસકર્તા છે. આ સોદો કંપનીના નિકાસ આવકમાં નોંધપાત્ર વધારો કરશે, તેમજ આંતરરાષ્ટ્રીય બજારો તરફ કંપનીના વ્યૂહાત્મક ફેરફારને ઝડપ આપશે અને આવકના સ્ત્રોતોમાં વૈવિધ્ય લાવશે. - વૈશ્વિક સ્પર્ધાત્મકતા ઊંચી કરવી: કંપનીનો અદ્યતન ઉત્પાદન તકનીકમાં અને ક્ષમતાવર્ધનમાં સતત રોકાણ MCMIL ને વૈશ્વિક સ્ટીલ ઉદ્યોગમાં આગેવાન બનાવે છે, ખાસ કરીને CGL અપગ્રેડ્સ સાથે, જે અલુ-ઝિંક કોટેડ સ્ટીલના ઉત્પાદન માટે આવનારા છે. - દીર્ઘકાલીન તકોને અનલોક કરવી: આ કરાર યુરોપિયન બજારના ઉચ્ચ મૂલ્ય ધરાવતા ગ્રાહકો સાથે નિયમિત વેપારની સ્થાપના કરે છે, અને આ MCMIL ને આ પ્રદેશના સ્ટીલ સપ્લાય ચેઈનમાં મુખ્ય ખેલાડી બનવા માટે પ્લેટફોર્મ આપે છે. - ઉદ્યોગની માંગનો ફાયદો ઉઠાવવો: ઉદ્યોગમાં ટકાઉ અને જંગ-પ્રતિરોધક સામગ્રી માટેના ફેરફારોને કારણે MCMIL યુરોપમાં ઉચ્ચ ગુણવત્તાવાળા કોટેડ સ્ટીલ ઉત્પાદનોની વધતી માંગને પૂરી કરવા માટે સારી રીતે સજ્જ છે. સિદ્ધિ પર ટિપ્પણી કરતા, મનક્સિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના વ્હોલ ટાઈમ ડિરેક્ટર, શ્રી કરણ અગ્રવાલે કહ્યું, 'આ કરાર MCMILની વૈશ્વિક ફૂટપ્રિન્ટ વિસ્તરણના પ્રવાસમાં એક નિર્ણાયક ક્ષણ છે, ખાસ કરીને સ્પર્ધાત્મક યુરોપીયન બજારમાં. અમે અગ્રણી યુરોપીયન ગ્રાહકનો વિશ્વાસ જીતવામાં સન્માનિત અનુભવી રહ્યા છીએ. આ સોદો આપણા વિશ્વસ્તરીય ગુણવત્તા અને વિશ્વસનીયતાની પ્રતિબદ્ધતાને ઊજાગર કરે છે. અમે આ તકોનો ફાયદો ઉઠાવીને નવીનતા અને ઓપરેશનલ ઉત્તમતા દ્વારા વધુ વૃદ્ધિ લાવવા માટે આતુર છીએ. વધતા નિકાસ ઓર્ડરો અને અલુ-ઝિંક અને પ્રિ-પેઈન્ટેડ અલુ-ઝિંક સ્ટીલ જેવા ઉચ્ચ-માર્જિન ઉત્પાદનો તરફ વળતાં EBITDA માર્જિન વૃદ્ધિ થશે અને RoE/RoCE પ્રદર્શનને વધારશે.' જ્યારે MCMIL તેની વૈશ્વિક વિસ્તરણ વ્યૂહરચના સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે આ કરાર મુખ્ય આંતરરાષ્ટ્રીય બજારોમાં સતત વૃદ્ધિ માટે ધોરણ ઉભું કરે છે.

# 'જાહેરમાં આવું નિવેદન ન આપવું જોઈએ' લાડવામાં મિલાવટ મુદ્દે સુપ્રીમ કોર્ટે CM ચંદ્રબાબુ નાયડુને ખખડાવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 01

સુપ્રીમ કોર્ટે તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદી લાડવામાં ભેળસેળયુક્ત ઘી હોવાનો જાહેરમાં દાવો કરનાર આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ (CM Chandrababu Naidu)ની આકરી ઝાટકણી કાઢી છે. કોર્ટે ભેળસેળના પુરાવા માંગીને મુખ્યમંત્રીને પૂછ્યું કે, 'લાડવામાં ભેળસેળ યુક્ત ઘીનો ઉપયોગ થયો હોવાનું તમે કયા આધારે કહ્યું?' કોર્ટે કહ્યું કે, પ્રથમદ્રષ્ટિએ હજુ સુધી લાડવામાં કોઈપણ પ્રકારના ભેળસેળના પુરાવા નથી.સુપ્રીમ કોર્ટે નાયડુના દાવા પર સવાલો ઉઠાવતા કહ્યું કે, 'બંધારણના પદ પર બેઠેલા લોકો પાસે જવાબદારીની અપેક્ષા રાખવામાં આવે છે. તેમણે કોઈપણ ખાતરી કર્યા વગર જાહેરમાં આવું નિવેદન ન આપવું જોઈએ. તેમના આવા નિવેદનને કારણે કરોડો લોકોની ભાવનાઓને ઠેસ પહોંચે છે.'

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બી. આર.ગવઈ અને કે.વી.વિશ્વનાથનની બેંચે આંધ્રપ્રદેશ સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લુથરા અને મુકુલ રોહતગીને એમ પણ કહ્યું કે, ઓછામાં ઓછું ભગવાનને રાજકારણથી દૂર રાખવા જોઈએ. સુપ્રીમ કોર્ટે મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુના નિવેદન મુદ્દે કડક શબ્દો ઉચ્ચાર્યા બાદ આગામી સુનાવણી ત્રીજી ઓક્ટોબરે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.નાયડુએ 18 ડિસેમ્બરે મીડિયા સમક્ષ કહ્યું હતું કે, અગાઉની જગન મોહન રેડ્ડી સરકારના કાર્યકાળ વખતે પ્રસાદી લાડવામાં પશુના ચરબીની ભેળસેળનો ઉપયોગ થયો છે. તેમણે ઘીમાં ભેળસેળ હોવાના તપાસનો રિપોર્ટ પણ જાહેર કર્યો હતો.ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીના નિવેદન બાદ હિન્દુઓની આસ્થાનું કેન્દ્ર તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદી લાડવામાં ભેળસેળ મુદ્દે અનેક સવાલો ઉઠી રહ્યા છે. તેમના નિવેદન બાદ સુપ્રીમ કોર્ટમાં સુબ્રમણ્યમ સ્વામી સહિત કુલ પાંચ અરજીઓ દાખલ થઈ છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

(ઈલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ)

(ઈલેક્ટ્રિકલ કામ)

**ઈ-ટેન્ડર-નોટિસ નં. Sr.DEE/ADI/45(24-25) તા. 27.09.2024. ટેન્ડર નં.: EL-50-1-ADI-T-60-2024-25. કામનું નામ:** સાબરમતી:- ફ્રેઈડ જાળવણી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસના સંબંધ માં ઇલેક્ટ્રિક કામ. **અંદાજિત કિંમત:** ₹ 1,90,41,082/- **અર્નેસ્ટ મની:** ₹ 2,45,200/- **જમા કારવાની તારીખ અને સમય: 24.10.2024** ના 15:00 કલાક સુધી. **ખોલવાની તારીખ અને સમય: 24.10.2024** 15.30 કલાકે. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (પ.રે.), ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345, **વેબસાઇટ વિગત:** www.ireps.gov.in 193

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**ઈ-હરાજી સૂચના**

(ક્રોમા સ્ટોરના બે અલગ અલગ સ્થળોએ વિવિધ પ્રકારની ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ એટલે કે મોબાઈલ. લેપટોપ, પ્રિન્ટર, સ્પીકર વગેરેનો પૂર પ્રભાવિત સ્ટોક)

મેસર્સ ક્રોમા, ગ્રાઉન્ડ અને 1 લી માળ, બ્રિકલેન VIP રોડ, L&T સર્કલ, અમિત નગર, વીર નગર, કારેલીબાગ, વડોદરા, ગુજરાત 390018 અને મેસર્સ ક્રોમા, આઇકોનિક, હરણી-સ્મા લિંક રોડ, લેન્ડમાર્ક બિલ્ડિંગની સામે, બીએસએનએલ કોલોની, હરણી, વડોદરા, ગુજરાત 390022 ખાતે આવેલા ક્રોમા સ્ટોરમાં ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓના પૂર પ્રભાવિત સ્ટોક 'જ્યાં છે ત્યાં' ધોરણે સખત રીતે નિકાલ માટે રસ ધરાવતા ખરીદદારો પાસેથી ઈ-ઓક્શન ફોર્મ મંગાવવામાં આવે છે. સ્ટોર ઈન્ચાર્જ (કારેલીબાગ સ્ટોર - મોબાઈલ :- 09512709191) અને (હારની સ્ટોર - 9099039969)પાસેથી અગાઉની એપોઈન્ટમેન્ટ લીધા પછી ઉપરોક્ત સામગ્રીના બચાવનું નિરીક્ષણ 03-10-2024 થી 09-10-2024 વચ્ચે કરી શકાય છે. ઈ-ઓકશન 10-10-2024 ના રોજ યોજાશે. ઈ-ઓકશન ફોર્મ માટે સંપર્ક શ્રી નીરજ સદાના મોબાઈલ પર :- 8434340000.

ઈ-ઓક્શન ઈનસાઈટ્સ પ્રાઈવેટ લિમિટેડ (હરાજી કરનાર)

સરનામું:- 148, શેરી નંબર 11, ભાખરા એન્ક્લેવ, ગુરુદ્વારા સાહેબ મલોમજરા પાસે, તહેસીલ અને જિલ્લા પટિયાલા, પંજાબ 147001 oe વધુ વિગતો માટે અમને ઈમેઈલ કરો:- info@eauctionbharat.com. E-AUCTION ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ 09-10-2024 સાંજે 05:00 પહેલાં છે.

**પબ્લિક નોટિસ**

ઈઝી હોમ ફાઈનાન્સ લિમિટેડ

easy home finance

CIN:- U74999MH2017PLC297819

રજિસ્ટર્ડ ઓફિસ :- 302, 3 જો માળ, સવોય ચેમ્બર્સ, દત્તાત્રેય રોડ એન્ડ વી પી રોડ (એક્સટેન્શન), સાંતાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ - 400054

ટેલીફોન નંબર :- 022 35503442, 022 35210487.

ઈમેલ :- cs@easyhomefinance.in વેબસાઈટ :- www.easyhimefinance.in

**શાખા કચેરીનું શિફ્ટિંગ કમ ક્લોઝર**

અમદાવાદ ખાતેની ઈઝી હોમ ફાઈનાન્સ લિમિટેડની બ્રાન્ચ ઓફિસને 30 ડિસેમ્બર 2024થી નીચે જણાવેલ નવી જગ્યામાં ખસેડવામાં આવશે.

| શાખાનું નામ | સ્થળાંતરની તારીખ | જુનું સરનામું | નવું સરનામું | રાજ્ય |
|---|---|---|---|---|
| અમદાવાદ | ડિસેમ્બર 30, 2024 | ઓફિસ નં 102 અને 103, 1લો માળ, શીલ કોમ્પ્લેક્ષ, મીઠાખળી, એસ પી રોડ, મુસ્લિમ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ, 380009, ગુજરાત | ઓફિસ નંબર 302, અશ્વમેઘ એલિગન્સ 2, આંબાવાડી સર્કલ, આંબાવાડી, અમદાવાદ 380006 | ગુજરાત |

ડિસેમ્બર 30, 2024 થી નવું પ્રીમાઈસ ટ્રાન્ઝેક્શનની સ્વીકૃતિનું સત્તાવાર બિંદુ હશે અને સરળ હોમ ફાઈનાન્સ લિમિટેડને ટ્રાન્ઝેક્શન/ગ્રાહક સેવાની વિનંતી નવા સરનામા પર મોકલવી જોઈએ.

ગ્રાહક તેમની પૂછપરછ/ક્વેરીઝ customercare@easyhomefinance.in પર પણ મોકલી શકે છે.

વતી ઈઝી હોમ ફાઈનાન્સ લિમિટેડ

Sd/-

કંપની સેક્રેટરી

### અમદાવાદ રોગચાળાના ભરડામાં : ડેન્ગ્યૂના ૪૯૪ કેસ

અમદાવાદમાં એક સપ્તાહના સમયમાં ડેન્ગ્યૂના સો કેસનો વધારો નોંધાયો છે.સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં ડેન્ગ્યૂના ૪૯૪ તથા ચિકનગુનિયાના ૫૧ કેસ નોંધાયા હતા. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી શહેરીજનોને આપવામા આવતા પાણીના સેમ્પલ તપાસાતા ૪૦૩ સેમ્પલનો કલોરીન રીપોર્ટ નીલ આવ્યો હતો. પાણીના ૧૧૩ સેમ્પલ અનફીટ જાહેર કરાયા હતા. સતત વાદળ છાયા વાતાવરણ અને કયારેક હળવા વરસાદને લઈ શહેરના વિવિધ વિસ્તારમાં શરદી,ખાંસી ઉપરાંત વાઈરલ ફીવર સહિતના રોગના કેસમાં વધારો જોવા મળી રહયો છે.


# સિટી એક્સપ્રેસ

WEDNESDAY 02 OCTOBER-2024

AHMEDABAD


### આ વર્ષે ચોમાસુ લંબાવાની સંભાવના નહિવત

હવામાન વિભાગની આગામી સાત દિવસની આગાહી અનુસાર આજે (1 ઓક્ટોબર) સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લામાં છુટાછવાયા હળવા વરસાદી ઝાપટા તો દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં કેટલાક સ્થળ ઉપર હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. ત્યારબાદ આવતીકાલથી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં છુટાછવાયા હળવા વરસાદ જાપટા વરસી શકે છે. એટલે કે, નવરાત્રિ દરમિયાન દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદની સંભાવના છે. સામાન્ય રીતે 20 સપ્ટેમ્બરથી ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રદેશમાંથી ચોમાસાની પુર્ણાહુતિની શરૂઆત થઈ જતી હોય છે.



# અમિત શાહ ઉદઘાટન કરે એ પહેલાં જ દુર્ઘટના: અમદાવાદની નવી પોલીસ કમિશનર ઓફિસના ઉદઘાટન માટે બનાવેલો ડોમ પડ્યો

(એજન્સી) અમદાવાદ । તા.01



અમદાવાદ શહેર પોલીસની નવી પોલીસ કમિશનર કચેરી ઉદઘાટન થતાં પહેલાં વિવાદોમાં આવી રહી છે. નવી પોલીસ કમિશનર ઓફિસના કમ્પાઉન્ડમાં પોલીસકર્મચારીના આપઘાતની ઘટના બાદ હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે નવી પોલીસ કમિશનર કચેરીના ઉદઘાટન પહેલાં જ ઉદઘાટન સમારોહ માટે બનાવવામાં આવી રહેલો વિશાળ ડોમનો કેટલોક ભાગ ધરાશાયી થવાની દુર્ઘટના બની હતી. ડોમનો ભાગ ધરાશાયી થતાં ત્રણ જેટલા મજૂરો દટાયા હતા. હાજર પોલીસકર્મચારીઓએ દટાયેલા મજૂરોને બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી નવી પોલીસ કમિશનર કચેરીનું ઉદઘાટન કરશે મળતી માહિતી મુજબ, શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટરમાં નવી પોલીસ કમિશનર ઓફિસ તૈયાર કરવામાં આવી છે, જેનું ત્રીજી ઓક્ટોબર, એટલે કે નવરાત્રિના પ્રથમ દિવસે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે ઉદઘાટન થવાનું છે. કેન્દ્રીય ગૃહમંત્રીના ઉદઘાટન સમારોહના કાર્યક્રમ માટે નવી પોલીસ કમિશનર કચેરીના કમ્પાઉન્ડમાં જ વિશાળ ડોમ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેની કામગીરી ચાલી રહી હતી. એ દરમિયાન આજે સવારના સમયે અચાનક જ એક ડોમનો ભાગ ધરાશાયી થતાં ત્યાં કામ કરી રહેલા ત્રણ જેટલા મજૂરો ઉપર પડ્યો હતો, જેના કારણે તેમને ઈજા થઈ હતી.

## ડોમનો ભાગ તૂટી પડતાં મજૂરો દટાયા

ડોમ પડવાની ઘટના બનતાં ત્યાં કેટલાક પોલીસકર્મચારીઓ હાજર હતા. તેઓ તાત્કાલિક દોડી ગયા હતા અને દબાયેલા મજૂરોને બહાર કાઢ્યા હતા. મજૂરોને ઈજા થતાં 108 મારફત અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્રણેય મજૂરને નાનીમોટી ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું છે. નવી પોલીસ કમિશનર ઓફિસના ઉદઘાટન થવા પહેલાં જ દુર્ઘટના સામે આવી છે. જે મજૂરો કામ કરી રહ્યા હતા તેમને સેફ્ટીનાં સાધનો આપવામાં આવ્યાં હતાં કે કેમ?

# ગુજરાતના ડૉક્ટરોના માનદ વેતનમાં વધારો કરાયો, કેબિનેટની બેઠકમાં લેવાયો મહત્ત્વનો નિર્ણય

(એજન્સી) અમદાવાદ । તા.01

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. જેમાં રાજ્યના સી. એમ. સેતુ યોજના અંતર્ગત ફરજ બજાવતા વિઝિટિંગ તજજ્ઞો/સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોના માનદ વેતનમાં વધારો કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો હોવાનું આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પેટા જિલ્લા હૉસ્પિટલો અને જિલ્લા હૉસ્પિટલો ખાતે ફરજ બજાવતાં આ તબીબોને અગાઉ પ્રતિ કલાક અંતરના આધારે રૂ. 700થી રૂ. 900 વેતન આપવામાં આવતું હતું, જેમાં હવે



વધારો કરાયો છે. સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોને પ્રતિ દિન રૂ. 2,000 માનદ વેતન આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે માહિતી આપતાં જણાવ્યું હતું કે પીડિયાટ્રિશિયન અને જનરલ ફિઝિશિયનને પ્રતિ દિન રૂ. 3,000 તેમજ આ સિવાયના તમામ સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોને પ્રતિ દિન રૂ. 2,000 માનદ વેતન ચૂકવવામાં આવશે, જેની સામે આ તબીબોએ રોજની લઘુતમ 3 કલાકની ફરજિયાત સેવાઓ આપવાની રહેશે. આ મહેનતાણા ઉપરાંત સર્જરીના પ્રકારને આધારે ડૉક્ટરોને રૂ. 300થી 2,000 સુધીનું ઈન્સેન્ટિવ પણ મળવાપાત્ર રહેશે. સર્જરી દરમિયાન એનેસ્થેટિસ્ટની સેવાઓ લેવામાં આવે તો આવી સર્જરીની અત્યારે જે પ્રોત્સાહક રકમ છે, તે રકમની 50 ટકા રકમ અલગથી એનેસ્થેટિસ્ટને આપવામાં આવશે.

# મોરબીમાં કીયા કાર ભડભડ સળગી સિરામિક બિઝનેસમેનનું મોત નિપજ્યું



## 5 લાખ, પિસ્તોલ, ઘડિયાળ, 8 મોબાઈલ સલામત

(એજન્સી) મોરબી । તા. 01

મોરબીમાં સિરામિક બિઝનેસમેન અજય ગોપાણીની Kia કાર અચાનક ભડભડ સળગતા તેઓ કારમાં જ ભડથું થઈ ગયા હતા. લીલાપર કેનાલ રોડ પરથી તેઓ પસાર થતા હતા તે દરમિયાન કોઈ ટેકનિકલ કારણોસર ગાડીમાં આગ લાગી હતી. જોતજોતામાં જ આખી ગાડી આગની ઝપેટમાં આવી ગઈ હતી. આગ લાગતા જ કારના દરવાજા લોક થઈ જતા તેમણે બહાર ના નીકળી શક્યા. પરિણામે તેમનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. મોરબીમાં રવાપર પાસે રહેતા અને મોરબી નજીક એક્સપર્ટ સિરામિક નામનું કારખાનું ધરાવતા અજય નાનજીભાઈ ગોપાણી (ઉ.39) નામનો યુવાન કિયા કંપનીની ગાડી નંબર જીજે 36 એસી 4971 લઈને લીલાપર કેનાલ રોડ પરથી બપોરના 1:00 વાગ્યાના અરસામાં પસાર થઈ રહ્યા હતા. ત્યારે કોઈ કારણોસર તેમની ગાડીમાં આગ લાગી હતી.

### આગ કાબૂમાં આવ્યા બાદ મૃતદેહ બહાર કાઢ્યો

મોરબી પાલિકાના ફાયર અધિકારી દેવેન્દ્રસિંહ જાડેજા સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ગાડીમાં આગ લાગવાથી એક યુવાનનું મોત નીપજ્યું છે અને આગ કાબૂમાં આવ્યા પછી તુરંત જ ગાડીમાંથી મૃતક યુવાનની લાશને બહાર કાઢી હતી. ગાડીમાંથી એક થેલો મળ્યો છે જેમાંથી રોકડા રૂપિયા પાંચ લાખ, એક પિસ્તોલ, આઠ મોબાઈલ અને એક ઘડિયાળ મળી આવી છે. જે તમામ મુદ્દામાલ મૃતક યુવાનના કૌટુંબિક ભાઈને સ્થળ ઉપર જ પોલીસની હાજરીમાં આપવામાં આવ્યા હતા.

## અમદાવાદમાં કપડાંના ગોડાઉનમાં લાગી ભીષણ આગ

(એજન્સી) અમદાવાદ । તા.01

અમદાવાદમાં ફરી એક વખત આગની ઘટના સામે આવી છે. શહેરના ચાંદખેડા વિસ્તારમાં એક કપડાંનાં ગોડાઉનમાં અચાનક ભાષણ આગ લાગી હતી. આગની ઘટનાને પગલે ફાયર વિભાગની અનેક ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.ભાષણ આગના કારણે લોકોમાં નાસભાગ મચી હતી. મળતી માહિતી અનુસાર, અમદાવાદનાં ચાંદખેડા વિસ્તારમાં એક કપડાંનાં ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી.

## માધવ સ્કૂલના વિદ્યાર્થીનું માથું દીવાલે પછાડી લાફાવાળી કરી, શિક્ષકની અટકાયત

(એજન્સી) અમદાવાદ । તા.01

અમદાવાદના પૂર્વ વિસ્તારની માધવ પબ્લિક સ્કૂલના એક શિક્ષકે વિદ્યાર્થીને ઢોરમાર માર્યાની ઘટના સામે આવી છે. શિક્ષક વિદ્યાર્થીને તેની જગ્યા પર જઈને મારતો મારતો તેને ક્લાસની વચ્ચે લાવે છે. બાદમાં તેનું માથું દીવાલે પછાડી ધડાધડ લાફાવાળી કરે છે. આ સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ ગઇ હતી. બનાવની જાણ થતાં જ DEOએ સ્કૂલને નોટિસ આપીને આ વીડિયો અંગે ખુલાસો માગ્યો છે. સ્કૂલે પણ બનાવ બાદ ગણિતના શિક્ષક અભિષેક પટેલને સસ્પેન્ડ કરી દીધો છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શૈક્ષણિક પ્રવાસે આવેલા બાળકો સાથે મુખ્યમંત્રી એ બાળસહજ સંવાદ કર્યો



ભરત શાહ દ્વારા - રાજપીપળા

આજે એકતા નગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે શૈક્ષણિક પ્રવાસે આવેલા રાજપીપલાની નવદુર્ગા શાળાના બાળકોને જોઈને પોતાનો કાફલો રોકાવીને તમામ બાળકો સાથે બાળસહજ સંવાદ કરી તસવીર ખેંચાવી હતી. આજે નર્મદા ડેમ ખાતે જળવધામણા માટે આવેલા રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પોતાના સહજ સ્વભાવનો પરીચય આપતા સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા શાળાપ્રવાસોને ૫૦% રાહત યોજના હેઠળ રાજપીપલાની નવદુર્ગા શાળાના ૨૬૬ બાળકો પ્રવાસે આવેલા હતા અને જંગલ સફારીમાં પ્રવેશ મેળવતા હતા તે સમયે જ દાદા એ કાફલો રોકાવીને બાળકો સાથે તસવીર ખેંચાવી હતી. નવદુર્ગા શાળાના બાળકો આ સમયે ભાવુક થયા હતા અને ભારત માતાકી જય ના નારા સાથે રાજયના મુખ્યમંત્રી એવા "દાદા" નું અભિવાદન કર્યુ હતુ.